
નિકોલાઇ નોસોવ
મિશાની
થૂલી

નિકોલાઇ નોસોવ



મિશાની થૂલી

લઘુનવલ અને વાર્તાઓ

Николай Носов

МИШКИНА КАША

Повесть и рассказы

на языке гуджарати

અનુવાદક — અતુલ સવાણી
ચિત્રકારો — આનાતોલી યેલિસેયેવ
મિખાઈલ સ્કોબેલેવ

અનુક્રમણિકા

લેખકનો પરિચય

નોસોવની સર્જનશક્તિની પ્રતીતિ મને તેમની કોઈ કૃતિ વાંચતાં પહેલાં જ થઈ ગયેલી.

વાત આમ બનેલી.

અમારા ઘરમાંથી વીજળીની ચીજો અચાનક એકદમ ભેદી રીતે ગુમ થવા અને બગડી જવા લાગી. ટાઢ વાતી હોય અને હીટર ક્યાંય દેખાય નહિ. તેને ગોતવા માંડીએ એટલે આખરે તેનો વળેલો તાર અને બીજા હિસ્સા કચરાપેટીમાં મળી આવે. ઘરમાં બધાં પ્લગ અને સ્વિચ ખરાબ થઈ ગયાં. જ્યારે જુઓ ત્યારે તેમાંથી કાં તો સ્ક્રૂ અથવા બીજું કંઈક ગુમ થઈ ગયું હોય. વીજળીના બલ્બ તો જાણે સાવ અમારી નજર સામે જ અલોપ થઈ જતા.

કેટલીય વાર મારો પગ ભોંયપટ ઉપર વેરાયેલી અગણિત ચળકતી અને હીરા જેવી સખત ગોળીઓ ઉપર પડતો. ઘરમાં હતાં એટલાં બધાંય થરમોમીટર તૂટી ગયાં અને તેના અવશેષો કચરાપેટીમાં પહોંચી ગયા.

અમને થયું કે જરૂર ઘરમાં કોઈ ભૂતનો વાસ થયો છે અને તેનો ઈરાદો અમને ગરમી, અજવાળું તેમ જ ઘરગ ્ .દવાદારૂનાં કોઈ પણ સાધન વગરનાં કરી દેવાનો છે.

ટૂંકમાં, અમે વિપદાઓથી ઘેરાઈ ગયાં.

"મને તો સમજાતું જ નથી કે આ બધું કેવી રીતે બની રહ્યું છે," મારી પત્ની અકળાઈને બોલી ઊઠી. "આ કોનાં કરતૂત છે?"

"પાવલિકનાં, બીજા કોનાં!" મારી દીકરી ઝેન્યા ખભા ઊંચકાવતી ખાતરીના ભાવે બોલી.

"પણ શા માટે?"

"ઈન્ક્યુબેટર બનાવવા માટે."

"શું? શું?" મને કંઈ સમજાયું નહિ.

"ઈન્ક્યુબેટર, મુરઘી વગર કૃત્રિમ રીતે ઈંડાં સેવવાનું સાધન," ઝેન્યા વિદ્વાનો જેવા ભારેખમ અવાજે બોલી.

"કેવી આફત!" મારી પત્ની ઊંડો શ્વાસ લેતી બોલી, "આ તો ખરી દશા બેઠી છે!"

"આવો નાદ એને લાગ્યો ક્યાંથી?"

"એણે નોસોવની નકલ શરૂ કરી છે."

"કોણ નોસોવ?"

"અરે, એટલીયે ખબર નથી? નોસોવની ચોપડીઓ નથી વાંચી?.. કેવાં મોટેરાં!" દિલસોજીની લાગણી છુપાવવાની કોશિશ કર્યા વગર અમારી તરફ જોતી ઝેન્યા બોલી. "તમે 'કલ્લોલતો કબીલો' નથી વાંચ્યું?"

"ના. પણ એથી શું થયું?"

"આ બધું!"

મેં જરાય વખત ન વેડફ્યો. શાહીના ડાઘાથી બેહદ રંગેલી નોસોવની ચોપડી લઈને વાંચી નાખી. એ દિવસથી હું આ અદ્‌ભુત સોવિયેત લેખક નિકોલાઇ નોસોવનો પાકો વાચક અને પ્રશંસક બની ગયો છું.

અત્યારે નિકોલાઇ નોસોવનો ગંભીર અને બુદ્ધિપ્રભાથી ઝળકતો ચહેરો આ પુસ્તકમાંથી મારી તરફ તાકી રહ્યો છે ત્યારે મને માનવાનું મન નથી થતું કે થોડા વખતમાં જ તેમની જિંદગીનાં સાઠ વર્ષ પૂરાં થઈ જશે. ગમે તેમ પણ મને તો સ્પષ્ટ રૂપે એમ લાગે છે કે આ પ્રતિભાશાળી ઈન્સાનનું દિલ સનાતન યૌવન તેમ જ અદ્‌ભુત અને બાળસહજ સરળતાથી ભરેલું છે.

નોસોવ હંમેશાં બાળકો માટે તથા બાળકોની વાર્તાઓ જ લખે છે પરંતુ નાનાંમોટાં સૌ તેમની કૃતિઓ વાંચે છે.

હું નિકોલાઇ નોસોવ જોડે તમારો પરિચય આ શબ્દો વડે કરાવું છું અને આ પુસ્તક વાંચવાની સલાહ આપું છું. આ કૃતિ એક એવા લેખકનું સર્જન છે જે સુજ્ઞ અને વિચારશીલ કલાકાર છે, વિનોદ છલકાવી જાણે છે, હકીકતમાં ઉત્તમ કૃતિઓનો સર્જક છે: 'કલ્લોલતો કબીલો', અને બીજાં કેટલાંય નાનકડાં શબ્દચિત્રો સોવિયેત દેશના વિપુલ બાળસાહિત્યના ગગનમાં તેજસ્વી તારાઓની જેમ ઝગમગી રહ્યાં છે.

વાલેન્તીન કાતાયેવ (લેખક)



મિશાની થૂલી

ગયે ઉનાળે હું મારી મા જોડે ગામડે રહેવા ગયો હતો ત્યારે મિશા અમારે ત્યાં ઉનાળો ગાળવા આવ્યો. મને ગામડામાં મિશા વગર એકલું એકલું લાગતું હતું એટલે હું ખૂબ ખુશ થઈ ગયો. મિશાને જોઈને મા પણ રાજી થઈ.

"તું આવ્યો તેથી મને ખુશી થઈ," મા બોલી. "તમને બેઉ છોકરાને એકબીજાનો સંગાથ મળશે. મારે કાલે વહેલી સવારે શહેરમાં જવાનું છે. પાછી ક્યારે આવીશ એની મને ખબર નથી. તમે એકલા રહેશો ને?"

"ચોક્કસ વળી," મેં કહ્યું. "અમે કંઈ નાનાં બચ્ચાં નથી."

"તમારે નાસ્તો જાતે જ બનાવી લેવો પડશે. થૂલી બનાવતાં આવડે છે?"

"મને આવડે છે," મિશા બોલ્યો. "સાવ સહેલી વાત છે."

મેં કહ્યું: "મિશા, સાચેસાચ આવડે છે કે એમ જ? તેં થૂલી બનાવી છે ક્યારેય?"

"અરે, તું ફિકર રહેવા દે! મેં જોયું છે કે મા કેવી રીતે બનાવે છે. એ કામ મારું. તને ભૂખે નહિ મરવા દઉં. તેં તારી જિંદગીમાં ક્યારેય ચાખી ન હોય એવી સરસ થૂલી બનાવી આપીશ."

સવારે માએ અમને ચા જોડે ખાવા માટે રોટી અને જામ કાઢી આપ્યાં અને ભરડેલા જવ ક્યાં રાખ્યા છે એ બતાવ્યું. થૂલી કેવી રીતે બનાવવી એ પણ માએ સમજાવ્યું પણ મેં સાંભળવાની પરવા જ ન કરી. મને થયું કે મિશાને થૂલી બનાવતાં આવડે છે એટલે એ બધી પંચાતમાં પડવાની જરૂર નથી.

પછી મા ચાલી ગઈ. અમે બન્નેએ નદીએ જઈને માછલાં પકડવાનું નક્કી કર્યું. અમે કાંટાદોરી લીધાં અને જમીન ખોદીને થોડાક કીડા એકઠા કર્યા.

"મિશા, જરાક થોભી જા," મેં કહ્યું. "આપણે નદીએ ચાલ્યા જઈશું તો પછી થૂલી કોણ બનાવશે?"

"રાંધવાની ફિકરમાં અત્યારે કોણ પડે છે?" મિશા બોલ્યો. "એ તો ભારે માથાકૂટનું કામ છે. તેને બદલે આપણે રોટી ને જામ ખાઈ લઈશું. રોટી ઘણી છે. પછી જ્યારે ભૂખ લાગશે ત્યારે થૂલી બનાવી લઈશું."

અમે જામ લગાવીને ઘણી બધી સેંડવિચ બનાવી લીધી અને નદી તરફ રવાના થઈ ગયા. અમે નદીમાં ખૂબ તર્યા અને પછી કિનારે રેતીમાં લાંબા થઈને બદન સુકાવતા સેંડવિચ ઉડાવી ગયા. પછી અમે કાંટા પાણીમાં નાખીને માછલાં પકડવા બેઠા. અમે ક્યાંય સુધી બેઠા રહ્યા પણ માછલાં ગલને બટકું ભરે જ નહિ. બધી મહેનતના બદલામાં અમારા હાથમાં ફક્ત દસબાર ટચૂકડાં બચ્ચાં આવ્યાં. અમે લગભગ આખો દિવસ નદીએ વિતાવી દીધો. સમીસાંજે અમને કકડીને ભૂખ લાગી અને કંઈક ખાવાના ઈરાદે અમે ઉતાવળા ઘર તરફ ચાલ્યા.

ઘેર પહોંચતાં મેં કહ્યું: "મિશા, તું તો ઉસ્તાદ છો. બોલ, શું બનાવીશું?"

"ચાલ, થૂલી બનાવીએ," મિશા બોલ્યો. "સૌથી સહેલું તો એ જ છે."

"ઠીક," મેં કહ્યું.

અમે ચૂલો સળગાવ્યો. મિશા તપેલું અને ભરડેલા જવ લઈ આવ્યો.

"બનાવે જ છે તો સારી પેઠે બનાવી લેજે. મને સખત ભૂખ લાગી છે."

મિશાએ લગભગ આખું તપેલું જવથી ભરી દીધું અને પછી પાણી રેડ્યું. તપેલું છલોછલ ભરાઈ ગયું.

"પાણી વધારે નથી લાગતું?" મેં પૂછ્યું.

"ના, મા એવી રીતે જ બનાવે છે. તું ચૂલામાં આગનું ધ્યાન રાખ અને થૂલીનું કામ મારી ઉપર છોડી દે."

એમ મેં ચૂલો સળગતો રાખ્યો અને મિશા થૂલી રાંધવા લાગ્યો—એટલે એમ કે મિશા તપેલા ઉપર નજર માંડીને બેઠો કેમ કે થૂલી તો ચૂલા ઉપર આપમેળે જ રંધાઈ જાય.

થોડી વારમાં અંધારું થઈ ગયું અને અમારે બત્તી પેટાવવી પડી. થૂલી ચૂલા ઉપર રંધાતી રહી. અચાનક મારી નજર તેની ઉપર પડતાં મેં જોયું કે તપેલાનું છીબું ઊંચું થઈ રહ્યું છે અને થૂલી ઊભરાઈને એક તરફ ઢોળાઈ રહી છે.

"અરે મિશા," મેં કહ્યું, "આ થૂલીને શું થયું છે?"

"કેમ, શું થયું છે?"

"ઊછળી ઊછળીને તપેલામાંથી બહાર નીકળી રહી છે!"

મિશાએ ચમચો ઉપાડી લીધો અને તેના વડે થૂલીને પાછી તપેલામાં ધકેલવા લાગ્યો. મિશાએ ખૂબ મહેનત કરી પણ થૂલી તો ઊભરાતી અને એક બાજુએ ઢોળાતી જ રહી.

"સમજાતું જ નથી કે આને શી આફત આવી છે! કદાચ તૈયાર થઈ ગઈ હશે?"

મેં એક ચમચો લઈને થોડીક થૂલી ચાખી જોઈ પણ જવ તો હજી સખત અને સૂકા હતા.

"બધું પાણી ક્યાં ગયું?"

"ખબર નથી," મિશા બોલ્યો. "મેં તો ખૂબ પાણી નાખેલું. તપેલામાં કાણું તો નહિ હોય ને?"

અમે તપેલું ચારે તરફથી તપાસી જોયું પણ કાણા જેવું ક્યાંય દેખાયું નહિ.

"વરાળ બનીને ઊડી ગયું હશે," મિશાએ કહ્યું. "થોડુંક વધારે નાખીએ."

એણે તપેલામાંથી થોડાક જવ કાઢીને એક પ્લેટમાં નાખ્યા. પાણીની જગ્યા કરવા માટે ઠીક ઠીક જવ કાઢી નાખવા પડ્યા. પછી અમે તપેલું પાછું ચૂલા ઉપર મૂક્યું અને થૂલીને થોડીક વાર રંધાવા દીધી. થૂલી રંધાતી ગઈ પણ થોડીક વાર પછી વળી પાછી ઊભરાઈને એક બાજુએ ઢોળાવા લાગી.

"અરે, આતો કમાલ કરે છે!" મિશા બોલી ઊઠયો. "તપેલામાં કેમ નથી રહેતી?"

એણે ચમચો ઝડપી લીધો અને વળી પાછી થોડીક થૂલી કાઢી લીધી. પછી એણે તપેલામાં કપ ભરીને પાણી રેડયું.

"આમ જો," મિશા બોલ્યો, "અને તને લાગ્યું કે પાણી વધારે છે."

થૂલી પાછી રંધાવા લાગી. અને તમે માનશો નહિ પણ થોડીક જ વારમાં તે છીબું ઊંચું કરીને વળી પાછી તપેલામાંથી બહાર નીકળવા લાગી!

મેં કહ્યું: "મિશા, તેં જવ બહુ વધારે ભરી દીધા હશે. એ જ કારણ હોવું જોઈએ. જવ રંધાતાં ફૂલી જાય છે અને તપેલામાં જગ્યા નથી રહેતી."

"હા, એમ જ લાગે છે," મિશા બોલ્યો. "વાંક તારો જ છે. તેં જ કહેલું કે મને ભૂખ લાગી છે, વધારે મૂકજે. યાદ છે ને?"

"કેટલા જવ ચડાવવા એની મને શી ખબર પડે? રાંધતાં તો તને આવડે છે, મને નહિ."

"મને તો આવડે જ છે. તેં વચમાં માથું ન માર્યું હોત તો મેં અત્યાર સુધીમાં થૂલી તૈયાર કરી દીધી હોત."

"બહુ સારું, રાંધ તું તારે, હું હવે એક શબ્દેય નહિ બોલું."

હું મોઢું ચડાવીને ચાલ્યો ગયો અને મિશા થૂલી રાંધતો રહ્યો—એટલે એમ કે દર વખતે તપેલામાંથી જવ કાઢી નાખતો ગયો અને વધારે પાણી રેડતો ગયો. થોડી વારમાં આખું ટેબલ અરધા રંધાયેલા જવની પ્લેટોથી ભરાઈ ગયું. મિશા દરેક વખતે તપેલામાં ઠંડું પાણી રેડતો.

આખરે મારી ધીરજ ખૂટી ગઈ.

"તારી રીત બરાબર નથી, આમ તો થૂલી સવાર સુધી તૈયાર નહિ થાય."

"રહેવા દે, બધે ઠેકાણે હોટલોમાં એવી રીતે જ રંધાય છે. તને ખબર નથી? એ લોકો રાતે જ રાંધે એટલે ખાવાનું સવાર સુધીમાં તૈયાર થઈ જાય."

"હોટલોની બાબતમાં તો ચાલે. એ લોકોને ઉતાવળની શી જરૂર? એમની પાસે તો ઢગલાબંધ બીજી ખાવાની ચીજો પડી હોય."

"આપણનેય ઉતાવળની જરૂર નથી."

"નથી કે? મારા પેટમાં તો ગલૂડિયાં બોલી રહ્યાં છે. વળી સૂવાનો વખત પણ થઈ ગયો છે. જો તો ખરો, કેટલું મોડું થઈ ગયું છે!"

"સૂવાનો બહુ વખત મળી રહેશે તને," કહેતાં એણે વળી પાછું ગ્લાસ ભરીને પાણી તપેલામાં રેડ્યું.

એકાએક મને સમજાઈ ગયું કે ભૂલ ક્યાં થાય છે. મેં કહ્યં:

"ઠંડં પાણી નાખતો રહીશ તો બેશક થૂલી ક્યારેય તૈયાર નહિ જ થાય."

"તને લાગે છે કે થૂલી પાણી વગર જ રંધાઈ જાય, એમ ને?"

"ના, મને લાગે છે કે તપેલામાં જવ હજી બહુ વધારે છે."

મેં તપેલું ઉપાડી લીધું અને તેમાંથી અરધા જવ કાઢી લઈને મિશાને તપેલું પાછું પાણીથી ભરી દેવા કહ્યું.

મિશા ટમલર લઈને ડોલ તરફ ગયો.

"ભારે થઈ," એણે કહ્યું. "પાણી તો ખલાસ થઈ ગયું."

"હવે આપણે શું કરવાના? બહાર ઘોર અંધારું છે, કૂવો જડશે જ નહિ."

"રહેવા દે, હમણાં ચપટીમાં લઈ આવું છં."

મિશાએ દીવાસળીઓ લીધી, ડોલને દોરડી બાંધી, અને પછી એ કૂવે ચાલ્યો ગયો. થોડી વારમાં મિશા ખાલી હાથે પાછો આવ્યો.

"પાણી ક્યાં છે?" મેં પૂછ્યું.

"પાણી? પાણી તો બહાર કૂવામાં છે."

"મૂરખની જેમ વાત ના કર. ડોલનું શું કર્યું?"

"ડોલ? ડોલ પણ કૂવામાં જ છે."

"કૂવામાં?"

"હા."

"એટલે એમ કે ડોલ તેં કૂવામાં પાડી નાખી છે, ખરું ને?"

"હા."

"અરે ગધેડા! આમ તો આપણે ભૂખે જ મરી જવાના. હવે આપણે પાણી કેવી રીતે કાઢવાના?"

"કીટલીથી કામ ચાલશે."

મેં કીટલી હાથમાં લીધી. "લાવ દોરડી!"

"દોરડી તો નથી."

"ક્યાં ગઈ?"

"નીચે."

"નીચે ક્યાં?"

"કવામાં."

"તેં ડોલ ભેગી દોરડીયે કવામાં પાડી નાખી છે?"

"હા."

અમે બીજી દોરડી ગોતવા આખું ઘર ફેંદી નાખ્યું પણ દોરડી મળી નહિ.

"હું જઈને પાડોશમાંથી લઈ આવું," મિશા બોલ્યો.

"પાડોશમાંથી નહિ મળે," મેં કહ્યું. "જો તો ખરો, કેટલું મોડું થઈ ગયું છે! સૌ ક્યારનાં સૂઈ ગયાં છે."

નસીબ એવું વાંકું નીકળ્યું કે મને સખત તરસ લાગી. પાણી વગર હું જાણે ટળવળવા લાગ્યો.

મિશા બોલ્યો: "હંમેશાં એમ જ બનતું હોય છે. પાણી ન હોય ત્યારે તરસ લાગે જ લાગે. એટલે જ લોકોને રણમાં તરસ લાગતી હોય છે—રણમાં પાણી ન મળે એટલે."

"રણ જાય ચૂલામાં," મેં કહ્યું. "તું જઈને ક્યાંકથી દોરડી ગોતી લાવ."

"દોરડી ક્યાંથી મળવાની હતી? મેં બધેય જોઈ લીધું છે. ચાલ, માછલાં પકડવાની દોરી વડે પાણી કાઢીએ."

"પણ એ દોરી એટલી મજબૂત છે ખરી?"

"મને તો લાગે છે કે મજબૂત છે."

"પણ મજબૂત ન નીકળી તો?"

"મજબૂત નહિ હોય તો તૂટી જશે."

અમે માછલાં પકડવાની દોરી ઉખેળીને કીટલીને બાંધી. પછી અમે કવે ગયા. મેં કીટલી કૂવામાં ઉતારી અને તેમાં પાણી ભરાવા દીધું. દોરી વાયોલિનના તારની જેમ તણાઈ ગઈ.

"દોરી તૂટવાની જ છે," મેં કહ્યું. "જોઈ લેજે."

"આપણે ખૂબ ખૂબ કાળજીથી ઉપર ખેંચીએ તો કદાચ સલામત રહી જાય," મિશા બોલ્યો.

મેં મારાથી બને એટલી કાળજી રાખીને દોરી ઉપર ખેંચી. કીટલી માંડ પાણીમાંથી બહાર નીકળી હશે ત્યાં છબકારો બોલ્યો. કીટલી તળિયે પહોંચી ગઈ.

"દોરી તૂટી ગઈ?" મિશાએ પૂછ્યું.

"હા વળી, તૂટી જ ગઈ. હવે આપણે પાણી કેવી રીતે કાઢવાના ?"

"ચાલ, સમોવાર અજમાવી જોઈએ," મિશાએ કહ્યું.

"ના. એને બદલે તો સમોવાર સીધો જ કૂવામાં નાખી દેવો સારો. તકલીફ ઓછી પડે. વળી આપણી પાસે દોરડી પણ નથી."

"ઠીક ત્યારે, તપેલું લે."

"આપણી પાસે ફેંકી દેવા જેટલાં વધારાનાં તપેલાં નથી," મેં કહ્યું.

"તો પછી ટમલરથી કામ લે."

"આખી રાત કૂવામાંથી ટમલર વડે પાણી જ કાઢયા કરવું છે કે શું ?"

"પણ બીજું આપણે શું કરવાના? થૂલી તો રાંધવાની જ છે. અને મને સખત તરસ પણ લાગી છે."

"ટિનનું પવાલું લઈએ. ટમલર કરતાં જરાક મોટું પણ છે."

અમે પાછા ઘરમાં ગયા અને પવાલું ઊંધું ન વળી જાય એવી રીતે તેને માછલાં પકડવાની દોરી બાંધી. પાછા કૂવે જઈને અમે પવાલું ભરીને પાણી કાઢ્યું. અમે બેઉએ પેટ ભરીને પાણી પી લીધું ત્યાર પછી મિશા બોલ્યો:

"હંમેશાં આમ જ બનતું હોય છે. તરસ લાગે ત્યારે આપણને થાય કે આખો દરિયો પી જઈએ, પણ પાણી પીવાનું શરૂ કરીએ એટલે એક પવાલું પાણીયે ઘણું થઈ પડે. એનું કારણ એ છે કે લોકો સ્વભાવે જ લાલચુ હોય છે.

"તારો લવારો રહેવા દે અને તપેલું અહીં લઈ આવ. આપણે કવામાંથી પાણી કાઢીને તપેલું અહીંયાં જ આખું ભરી લઈએ. એથી દસ વાર જવા આવવાની આફતથી બચી જઈશું."

મિશાએ તપેલું લાવીને કૂવાની પાળ ઉપર છેક અંદરની કિનારને અડીને મૂક્યું. તપેલું મારી કોણીના હડસેલાથી કૂવામાં જઈ પડતું માંડ બચી ગયું.

"સાવ ગધેડા જેવો છો," મેં કહ્યું. "તપેલું બરાબર મારી કોણી હેઠે મૂકવાનો શો અર્થ છે? તપેલું પકડી રાખ, અને તેને મારાથી બને એટલું આઘું રહેવા દે, નહિતર સીધું જઈને કૂવામાં પડશે."

મિશા તપેલું લઈને કૂવા પાસેથી આઘો ખસી ગયો. મેં તપેલામાં પાણી ભર્યું અને અમે પાછા ઘરમાં ગયા. ત્યાં સુધીમાં થૂલી સાવ ટાઢી થઈ ગઈ હતી અને ચૂલો ઠરી ગયો હતો. અમે ફરી પાછો ચૂલો સળગાવ્યો અને તપેલું ચૂલા ઉપર મૂક્યું. કેટલીય વાર પછી થૂલી ઊકળવા લાગી, ધીરે ધીરે ઘાટી થઈ, અને ફફકારા કરવા લાગી.

"સંભળાય છે?" મિશા બોલ્યો. "હમણાં લહેજતદાર થૂલી ખાવા મળવાની છે."

મેં ચમચામાં થોડીક થૂલી લઈને ચાખી જોઈ. ઊબકો આવી જાય એવી હતી! તેમાં બળી ગયેલા

જવનો ત્રાસ ઊપજે એવો તૂરો સ્વાદ હતો, અને અમે મીઠું નાખવાનું ભૂલી જ ગયેલા. મિશાએ પણ ચાખી જોઈ અને તરત જ થૂંકી કાઢી.

"ના, ભાઈ," એણે કહ્યું. "આવી થૂલી ખાવા કરતાં તો હું ભૂખે મરી જવાનું વધારે પસંદ કરું."

"આ થૂલી ખાઈશ તો તો ચોક્કસ મરી જ જવાનો," મેં કહ્યું.

"પણ હવે આપણે શું કરવાના?"

"મને નથી ખબર."

"સાવ ગધેડા જેવા છીએ!" મિશા બોલી ઊઠયો. "મચ્છી તો સાવ ભૂલી જ ગયા."

"આટલી રાતે હવે મચ્છી પકાવવાની પંચાતમાં નથી પડવું. થોડી વારમાં સવાર પડવાનું છે."

"બાફીશું નહિ, તળી લઈશું. એક મિનિટમાં તૈયાર થઈ જશે, તું જોજે ને."

"સારું," મેં કહ્યું. "પણ થૂલી જેટલી વાર લાગવાની હોય તો મને ગણતો નહિ."

"એક મિનિટમાં તૈયાર, જો તો ખરો."

મિશાએ મચ્છી સાફ કરીને કડાઈમાં મૂકી. કડાઈ ગરમ થઈ એટલે બધી મચ્છી તળિયે ચોંટી ગઈ. એણે મચ્છી ઉખેડવાની કોશિશ કરી એટલે બધી મચ્છીનો ખીચડો બની ગયો.

મેં કહ્યું: "મચ્છીને ઘી વગર જ તળેલી કોઈએ જાણી છે?"

મિશા વેજિટેબલ ઘીની બરણી લઈ આવ્યો. કડાઈમાં થોડુંક ઘી નાખીને એણે મચ્છી જલદી પકાવવાના ઈરાદે કડાઈ સીધી અંગારા ઉપર મૂકી. થોડી વારમાં ઘી તડતડ કરવા લાગ્યું અને તેમાંથી છાંટા ફૂટવા લાગ્યા. અચાનક ઘી સળગી ઊઠયું. મિશાએ કડાઈ આગ ઉપરથી ખેંચી લીધી અને મને કડાઈમાં પાણી રેડવાનો ખ્યાલ આવ્યો પણ ઘરમાં પાણીનું એક ટીપુંયે નહોતું. એટલે બધું ઘી બળી ગયું ત્યાં સુધી કડાઈમાં ભડકો બળતો રહ્યો. ઓરડામાં ધુમાડો ભરાઈ ગયો અને કડાઈમાં મચ્છીને ઠેકાણે થોડાક બળેલા કોલસા જ બાકી રહ્યા.

"મચ્છી તો બળી ગઈ, હવે બીજું શું તળીશું?" મિશા બોલ્યો.

"તળવાનો ખ્યાલ છોડી દે. સારો ખોરાક બરબાદ કરવા ઉપરાંત તું ક્યાંક ઘરને બાળી નાખીશ. એક દિવસ માટે રાંધવાનું કામ તેં ઘણું બધું કરી લીધું!"

"પણ આપણે ખાવાના શું?"

અમે ભરડેલા જવ કાચા જ ખાવાની કોશિશ કરી પણ એમાં મઝા ન આવી. અમે કાચી ડુંગળી ખાઈ જોઈ પણ એ તો બહુ તીખી લાગી. પછી અમે વેજિટેબલ ઘી ઉપર હાથ અજમાવ્યો અને ઊલટી માંડ માંડ રોકી શક્યા. આખરે અમે મુરબ્બાનો કટોરો ખોળી કાઢયો અને મુરબ્બો સફાચટ કરી નાખીને સૂઈ ગયા. ત્યાં સુધીમાં ખૂબ મોડું થઈ ગયું હતું.

સવારે અમે ઊઠયા ત્યારે અમારી હાલત ભૂખ્યા વરુ જેવી હતી. મિશાની ઇચ્છા થોડીક થૂલી બનાવી લેવાની હશે પણ એને જવ કાઢતો જોઈને હું તો ઠરી જ ગયો.

"ખબરદાર!" મેં કહ્યું. "હું હમણાં ઘરમાલિકણ નાતાશાકાકી પાસે જઈને કહું છું કે આપણને થોડીક થૂલી બનાવી આપે."

અમે નાતાશાકાકી પાસે ગયા. આખી વાત એમને જણાવીને અમે કહ્યું કે તમે અમને થોડીક થૂલી બનાવી આપો અને અમે તમારી બગીચીમાંથી નકામા છોડવેલા સાફ કરી આપીશું. નાતાશાકાકીને અમારી દયા આવી એટલે અમને થોડુંક દૂધ અને કોબીજનાં સમોસાં આપીને એ અમારે માટે થૂલી બનાવવા લાગ્યાં. થૂલી તૈયાર થઈ ગઈ એટલે અમે તેની ઉપર એવી રીતે તૂટી પડયા કે જાણે કદી થંભવાના જ ન હોઈએ. નાતાશાકાકીનો નાનકડો દીકરો વોવા ફાટેલી આંખે અમને ખાતા જોતા રહ્યો.

આખરે અમને ધરવ થયો. નાતાશાકાકીએ અમને બિલાડી અને દોરડું આપ્યાં અને અમે ડોલ તથા કીટલી કાઢી લેવા કૂવે ગયા. એમાં બહુ વાર લાગી પણ આખરે અમે બન્ને ચીજો કૂવામાંથી બહાર કાઢી લીધી. નસીબ પાધરું હશે એટલે એકેય ચીજ ગુમાવવી ન પડી. પછી મિશા, હું, અને વોવા નાતાશાકાકીની બગીચીમાં ગયા અને નકામા છોડવેલા સાફ કરી નાખ્યા.

મિશા બોલ્યો: " અરે, બગીચી સાફ કરવી એટલે રમત જેવી વાત. એ તો હરકોઈ કરી શકે. સાવ સહેલું કામ. થૂલી રાંધવા કરતાં તો ખૂબ જ સહેલું."



રૂપલો

ઉનાળામાં મિશાએ અને મેં ગામડામાં ખૂબ મઝા કરી. મને ગામડું ખૂબ ગમે. ગામડામાં ગમ્મત પડે એવું ઘણું ઘણું કરી શકાય—વનવગડામાં રખડીને મશરૂમ કે બોર વિણાય, નદીમાં તરવા જવાય અને તડકામાં લાંબા થઈને પડી રહેવાય, નહાતાં કંટાળી જઈએ તો માછલાં પકડવાની મઝા માણી શકાય. માની રજા પૂરી થઈ ગઈ અને તેને શહેરમાં પાછી ફરવાનો વખત આવ્યો ત્યારે મિશા અને હું ખૂબ ઉદાસ થઈ ગયા. અમે સાવ ઊતરેલે મોઢે ફર્યા કરતા. અમારી ગમગીની જોઈને નાતાશાકાકીને દયા આવી. એટલે અમને થોડાક દિવસ વધારે રોકાઈ જવા દેવા એમણે માને સમજાવી. એમણે માને કહ્યું કે તમે છોકરાની જરાય ફિકર કરશો નહિ, હું બરાબર ધ્યાન રાખીશ. માએ આખરે મંજૂરી આપી અને એ અમારા વગર એકલી જ શહેરમાં ચાલી ગઈ. મિશા અને હું નાતાશાકાકી પાસે રોકાઈ ગયા.

નાતાશાકાકીને ત્યાં એક કૂતરી હતી. કૂતરીનું નામ હતું ડાયેના. મા ગઈ તે જ દિવસે ડાયેનાને ગલૂડિયાં થયાં. તેનાં છ ગલૂડિયાંમાંથી પાંચ રંગે કાળાં હતાં અને તેમને થોડાં થોડાં બદામી ટપકાં હતાં. છઠ્ઠું ગલૂડિયું આખું બદામી રંગનું હતું પણ ફક્ત એક કાન ઉપર તેને કાળું ટપકું હતું. ગલૂડિયાં જોઈને નાતાશાકાકી બોલ્યાં:

"અરે, આ કૂતરી તો ભારે પંચાત ઊભી કરે છે—જ્યારે જુઓ ત્યારે ગલૂડિયાં પેદા કરતી રહે છે. આટલાં બધાં ગલૂડિયાંને હું શું કરં? નદીમાં પધરાવી દેવાં પડશે."

"ના કાકી, નદીમાં નાખી દેશો નહિ!" અમે આજીજી કરી. "એમને પણ જિંદગી તો વહાલી હશે જ. પાડોશીઓને આપી દેજો."

"બધાય પાડોશીઓ પાસે પોતાના કૂતરા છે," નાતાશાકાકીએ કહ્યું. "આટલાં બધાં ગલૂડિયાં પાળવાનું મને ન પોસાય."

મિશાએ અને મેં આજીજી કરી અને કાલાવાલા કર્યા. ગલૂડિયાં જરાક મોટાં થાય એટલે તેમને ઘરોમાં ગોઠવી દેવાનું અમે માથે લીધું. આખરે નાતાશાકાકી માની ગયાં અને અમને ગલૂડિયાં રાખવા દીધાં.

થોડા દિવસોમાં ગલૂડિયાં જરાક મોટાં થયાં અને બગીચીમાં દોડાદોડી કરવા તથા મોટાં કૂતરાંની જેમ જોરથી ભસવા લાગ્યાં. મિશાને અને મને ગલૂડિયાં જોડે રમવામાં ભારે ગમ્મત પડતી.

ગલૂડિયાંને ઘરોમાં ગોઠવી દેવાનું અમારું વચન નાતાશાકાકી અમને વારંવાર યાદ દેવડાવતાં પણ ડાયેનાનો ખ્યાલ આવતાં અમને અફસોસ થતો. પોતાનાં બચ્ચાં વગર ડાયેના ખૂબ દુ:ખી થઈ જશે એમ અમને લાગતું.

"ગલૂડિયાં રાખવાની છૂટ તમને આપી જ ન હોત તો સારું હતું," નાતાશાકાકીએ કહ્યું. "હવે આ બધાં કૂતરાં મારે માથે પડશે. આટલાં બધાંને હું કેવી રીતે ખવડાવવાની?"

એટલે મિશાને અને મારે ગલૂડિયાંને ઘરોમાં ગોઠવવાના કામમાં લાગી જવું પડયું. એમાં કેટલી બધી મહેનત પડી! ગલૂડિયાં કોઈને નહોતાં જોઈતાં. અમે કેટલાય દિવસો સુધી એક પછી એક ઘરમાં જઈને પૂછતા રહ્યા, અને ખૂબ હેરાન થયા બાદ ત્રણ ગલૂડિયાંને ગોઠવી દઈ શક્યા. પછી બે ગલૂડિયાં પાડોશના ગામના માણસો લઈ ગયા. એક ગલૂડિયું બચ્યું—એ હતું કાન ઉપર કાળા ટપકાવાળું ગલૂડિયું. એનું મોં બહુ મઝાનું હતું અને એની રૂપાળી મોટી મોટી આંખો જાણે હંમેશાં કોઈ બાબતના અચરજમાં ડૂબેલી હોય એવી લાગતી હતી. ગલૂડિયાથી અળગા પડવાનો ખ્યાલ મિશાથી સહન નહોતો થતો અને એટલે એણે એની માને એક કાગળ લખ્યો.

એણે લખ્યું: "વહાલી મા, મને ગલૂડિયું રાખવાની રજા આપ. આ ગલૂડિયું બહુ વહાલું લાગે એવું છે. એનું આખું ડિલ બદામી રંગનું છે, ફક્ત એના એક કાન ઉપર કાળું ટપકું છે. મને આ ગલૂડિયું ખૂબ ગમે છે. તું મને ગલૂડિયું રાખવા દઈશ તો હું ખૂબ ડાહ્યો થઈને રહીશ અને નિશાળમાં સારા માર્ક મેળવીશ. ગલૂડિયાને હું એવી તાલીમ આપીશ કે એ મોટું થતાં ફાંકડો કૂતરો બની જશે."

અમે ગલૂડિયાનું નામ રૂપલો પાડયું. મિશાએ કહ્યું કે હું કૂતરાં પાળવાની ચોપડી ખરીદીને રૂપલાને બરાબર તાલીમ આપતાં શીખી લઈશ.

કેટલાય દિવસ વીતી ગયા પણ મિશાની માનો કંઈ જવાબ ન આવ્યો. આખરે એની માનો કાગળ આવ્યો પણ તેમાં રૂપલા વિશે કંઈ જ લખેલું નહોતું. એણે અમને તરત જ પાછા ફરવા લખ્યું હતું કેમ કે એને અમારે વિશે ફિકર થતી હતી.

મિશા અને હું તે જ દિવસે શહેર પાછા જવા તૈયાર થઈ ગયા. મિશાએ પરવાનગીની વાટ જોયા વગર જ રૂપલાને ભેગો લઈ લેવાનું નક્કી કર્યું કેમ કે માએ કાગળનો જવાબ ન આપ્યો તેમાં મિશાનો તો કંઈ જ વાંક નહોતો.

"કૂતરું ભેગું ન લઈ જવાય," નાતાશાકાકીએ કહ્યું. "ગાડીમાં કૂતરાં લઈ જવાની છૂટ નથી. કંડક્ટર જોઈ લેશે તો તમારે દંડ ભરવો પડશે."

મિશાએ જવાબ દીધો: "કંડકટરને ખબર જ નહિ પડે, અમે એને સૂટકેસમાં છુપાવીને લઈ જઈશું."

મિશાની બધી ચીજો મારા કેન્વાસના થેલામાં ભરી દઈને અમે એની સૂટકેસ ખાલી કરી. રૂપલો શ્વાસ લઈ શકે એટલા માટે અમે સૂટકેસમાં કાણાં પાડયાં. રૂપલાને ભૂખ લાગે તો ખાવા માટે અમે રોટી અને થોડીક તળેલી મુરઘી અંદર મૂકી. પછી રૂપલાને સૂટકેસમાં ગોઠવીને અમે સ્ટેશને જવા નીકળી પડયા. નાતાશાકાકી અમને વળાવવા આવ્યાં.

સ્ટેશન સુધીના આખા રસ્તે રૂપલો ઉંદરની જેમ છાનોમાનો પડયો રહ્યો. અમને આશા બંધાઈ કે બધું બરાબર પાર ઊતરશે અને રૂપલો કંડક્ટરની નજરે જ નહિ પડે. નાતાશાકાકી અમારે માટે ટિકિટ લેવા ગયાં ત્યારે અમે સૂટકેસ ઉઘાડીને જોઈ લીધું કે રૂપલો શું કરે છે. એ તો અંદર ચુપચાપ બેઠો હતો. એણે અમારી સામે જોઈને આંખો પટપટાવી.

"કમાલ કૂતરો છે!" મિશા બોલી ઊઠયો. "ભારે ચાલાક! એને ખબર છે કે કેવું વર્તન કરવું."

અમે એને જરાક પંપાળ્યો અને પછી સૂટકેસ બંધ કરી દીધી. ગાડી આવી એટલે અમને સલામત ગાડીએ ચડાવીને નાતાશાકાકી ઘેર પાછાં ગયાં. અમે ડબ્બામાં એક ખાલી ખૂણામાં બેસી ગયા. એ ખૂણામાં એક ડોશીમા સિવાય બીજું કોઈ નહોતું બેઠું. ડોશીમા અમારી સામેની જગ્યાએ બેઠાં બેઠાં ઝોલાં ખાઈ રહ્યાં હતાં. મિશાએ સૂટકેસ બાંકડાની નીચે ઓઠવી દીધી. ગાડી ચાલવા લાગી અને અમારી સફર શરૂ થઈ ગઈ.

પહેલાં થોડો વખત શાંતિ રહી પણ બીજે સ્ટેશને મુસાફરોનું ધાડું ડબ્બામાં ઘૂસ્યું. ચોટલા વાળેલી અને લાંબા પગવાળી એક છોકરી ગળું ફાટી જાય એટલા જોરથી ઘાંટા પાડતી અમારા શાંત ખૂણામાં ધસી આવી.

"નાદ્યાકાકી! ફેદ્યાકાકા! અહીં જગ્યા છે, જલદી આવો!"

2*

નાદ્યાકાકી અને ફેદ્યાકાકા બેઠકો વચ્ચેની જગ્યામાં ચાલતાં આવી પહોંચ્યાં.

"ઝટ કરો, ઝટ કરો!" છોકરી ગળું ખખડાવતી રહી. "જલદી બેસી જાઓ! હું નાદ્યાકાકી પાસે બેસું છું, ફેદ્યાકાકા આ છોકરાઓ પાસે બેસી જાય."

"ધીરે બોલ, લેનોચ્કા. આટલો બધો ઘોંઘાટ ન કર," નાદ્યાકાકીએ કહ્યું.

બન્ને જણી સામેના બાંકડા ઉપર ડોશીમાની પાસે બેસી ગઈ. ફેદ્યાકાકાએ એક મોટી સૂટકેસ બાંકડા હેઠળ ધકેલીને અમારી પાસે જગ્યા લીધી.

લેનોચ્કા તાળી પાડતી બોલી ઊઠી: "વાહ, મજાની વાત! ત્રણ સજ્જનો એક તરફ અને ત્રણ મહિલાઓ બીજી તરફ!"

મિશાએ અને મેં મોં ફેરવી લીધાં અને અમે બારીની બહાર જોવા લાગ્યા. થોડી વાર સુધી કેવળ પૈડાંના ઘરઘરાટનો અને ગાડીને મોખરે ધુમાડો છોડતા એંજિનનો જ અવાજ સંભળાતો રહ્યો. પણ પછી એકાએક બેઠક નીચેથી સળવળાટનો અને ઉંદર કંઈક ખોતરતો હોય એવો અવાજ સંભળાયો.

"રૂપલો," મિશાએ હોઠ ફફડાવીને મને કહ્યું. "કંડકટર આવી ચડશે તો?"

"કદાચ થોડી વારમાં પાછો ચુપ થઈ જાય."

"પણ ભસવા લાગશે તો?"

રૂપલાએ ખોતરવાનું ચાલુ રાખ્યું. કદાચ સૂટકેસમાં કાણું ખોતરવાની કોશિશ કરતો હશે.

"અરે કાકી, કાકી, ઉંદર!" બેવકૂફ લેનોચ્કા કિકિયારી પાડતી બોલી ઊઠી અને એણે પગ ઊંચા કરી લીધા.

"રહેવા દે ધાંધલ," નાદ્યાકાકી બોલી. "ગાડીમાં તે ઉંદર હોતા હશે!"

"અરે પણ ઉંદર જ છે, કાકી! ખોતરવાનો અવાજ નથી સંભળાતો?"

મિશાએ બને એટલા જોરથી ઉધરસ ખાધી અને પગ વડે સૂટકેસને ઠોકર મારી. એક કે બે મિનિટ રૂપલો ચુપ રહ્યો અને પછી ધીમા અવાજે રડવા લાગ્યો. સૌ અચરજમાં ડૂબી ગયાં. પણ મિશાએ એકદમ બારીના કાચ ઉપર આંગળી ઘસીને તીણો અવાજ પેદા કર્યો. ફેદ્યાકાકાએ મોં ફેરવીને મિશા તરફ કરડી નજર નાખી.

"અટકચાળા બંધ કર, જુવાન!"

બરાબર એ જ વખતે ડબ્બામાં જરાક આઘે કોઈએ વાજું વગાડવાનું શરૂ કરી દીધું. થોડી વાર સુધી વાજાના સૂર સિવાય બીજું કંઈ કાને પડયું નહિ. પણ જરાક વાર રહીને વાજું બંધ થઈ ગયું.

"સાંભળ," મિશાએ મારા કાનમાં હોઠ ફફડાવ્યા. "આપણે ગીત ગાવાનું શરૂ કરી દઈએ."

"પણ આ લોકો શું ધારશે?" મેં વાંધો ઉઠાવ્યો.

"વારુ, તો પછી આપણે કવિતાપાઠ કરીએ, સૌને એમ લાગશે કે આપણે કવિતા મોઢે કરવાની કોશિશ કરીએ છીએ."

"સારું, તું શરૂ કર."

બેઠક નીચેથી કશોક તીણો અવાજ આવ્યો. મિશાએ એકદમ ગળું ખોંખાર્યું અને પછી ઉતાવળમાં કવિતા શરૂ કરી દીધી:

'હરિયાળું' ઘાસ લહેરાય, ચમકતો સૂરજ તેજ રેલાવે,
વસંતનાં પંખીડાં ગેલ કરે, સૌનાં મન આનંદે પ્રફુલ્લે!

સૌને રમૂજ પડી. કોઈકે કહ્યું: "શરદ આવી રહી છે પણ અહીં તો વસંતના વાયરા વાય છે."

લેનોચ્કા ખિલખિલ કરતી હસી પડી અને બોલી:

"કેવા રમૂજી છોકરા! ઘડીક ઉંદરની નકલ, ઘડીક તીણા અવાજ, અને પછી કવિતા!"

પણ મિશાએ મુદ્દલ ધ્યાન જ ન આપ્યું. એક કવિતા પૂરી થઈ એટલે તરત જ એણે બીજી કવિતા શરૂ કરી દીધી અને પગ વડે તાલ દેતો બોલવા લાગ્યો:

તાજી ને હરિયાળી બગીચી મારી
હવા ફેલાવે સુગંધ ફૂલોની પ્યારી
લતાકુંજો નીરવ ને શીતળ મળે
ચેરી ને લીંબુ કેરાં ઝાડવાં તળે.

"લો ભાઈ, ઉનાળો આવ્યો," મુસાફરોએ મજાકના ટૌકા કર્યા. "જુઓ તો, ફૂલ ખીલી ઊઠયાં છે!"

બીજી પળે મિશા ઠેકડો મારીને મધશિયાળે પહોંચી ગયો:

શિયાળો આવતાં ખેડુદિલે ઉમંગ ઊભરાય
દોડાવતો હિમગાડી અતિ ગેલમાં દેખાય
ઘોડું એનું દડબડ કરતું વેગે ધાય
હિમે મઢેલો મારગ ખૂંદતું હોંશે હરખાય...

પછી મિશાએ બધું ભેળસેળ કરી નાખ્યું અને શિયાળા બાદ સીધી શરદ આવી ગઈ:

કેવાં ગમગીન ધરતી ને આકાશ!
એકલાં વાદળ—ન કોઈ બીજી આશ,
પરોઢથી મેઘ વરસતો જ રહે
ઉંબરે ખાબોચિયાં ભરતો રહે...

બરાબર એ જ ઘડીએ રૂપલાએ દયાજનક પોક મૂકી અને મિશાએ પૂરા જોરથી ગળું ફુલાવ્યું:

શરદ તું વહેલી શાને આવી
ટાઢી રૂંધામણ ભેગી લાવી
તલસી રહ્યાં માનવહૈયાં આળાં
હજી માગે ઉષ્મા ને અજવાળાં!

સામી બેઠકે ઝોલાં ખાતાં ડોશીમા જાગી જઈને માથું હલાવતાં બોલ્યાં: "સાચું, બેટા, સાચું! શરદ બહુ વહેલી આવી ગઈ છે. ભૂલકાંને હજી તડકામાં રમવાનું મન છે પણ ઉનાળો તો ખતમ થઈ ગયો છે. તું કવિતાપાઠ બહુ સરસ કરે છે, બેટા, ખરેખર ખૂબ સરસ કરે છે."

ડોશીમાએ નીચે નમીને મિશાના માથા ઉપર હાથ ફેરવ્યો. મિશાએ બેઠક નીચે મને પગ મારીને શરૂ કરી દેવાનો સંકેત કર્યો, પણ કોણ જાણે કેમ મને એકેય કવિતા યાદ જ ન આવી. મને ફક્ત એક ગીત યાદ આવ્યું અને મેં બને એટલા મોટા અવાજે એ ગીત લલકારવાનું શરૂ કરી દીધું:

કુટિર મારી નાની મઝાની
ઉપર નીચે નવી નકોર...
ભોંયપટ સોહે, ભીંતો રૂપાળી
છાપરું ચળકે ચારે કોર!..

ફેદ્યાકાકાનું ધુરકિયું સંભળાયું: "અરે ભગવાન! આનેય ધૂન ચડી!"
લેનોચ્કા મોં મચકોડતી બોલી: "છી! સાવ મૂરખ જેવું ગીત!"
મેં એનું એ ગીત બે વાર લલકારી નાખ્યું અને પછી બીજું ગીત શરૂ કરી દીધું:

બેઠો છું ભોંયરે કારાગારના
ચોમેર અંધકાર કાજળ સમો
જાણે ગરુડ જકડેલું જંજીરે—
જન્મ્યો'તો આઝાદ બુલબુલ સમો...

"લોકોનાં માથાં પકાવી નાખવા બદલ તને તો સાચેસાચ કારાગારમાં ગોંધી દેવો જોઈએ, જુવાન!" ફેદ્યાકાકાએ બળાપો કાઢ્યો.

"રહેવા દે, ફેદ્યા," નાદ્યાકાકીએ કહ્યું, "છોકરાઓને કવિતાપાઠ કરવાનું મન થતું હોય તો કેમ ન કરે!"

પણ ફેદ્યાકાકાને જાણે માથું ચડ્યું હોય એમ બેચેન થઈ જઈને એ કપાળે હાથ ઘસવા લાગ્યા. હું શ્વાસ ખાવા થંભી ગયો અને મિશાએ હળવે અને ભાવવાહી અવાજે કવિતાપાઠ શરૂ કરી દીધો:

નિશા ઉક્રાઈના તણી મધુરી ને રળિયામણી
નિર્મળ ગગનમાં ચમકે તારલિયા...

સૌ ખડખડાટ હસી પડ્યાં. "વાહ, વાહ, આ તો આપણે ઉક્રાઈનામાં પહોંચી ગયાં! હવે ક્યાં લઈ જશે?"

ત્યાર પછીના સ્ટેશને વધારે માણસો ડબ્બામાં દાખલ થયાં અને એકબીજાને કહેવા લાગ્યાં: "પેલો છોકરો કવિતાપાઠ કરે છે તે સાંભળો! સફરમાં કંટાળો નહિ આવે."

ત્યાં સુધીમાં મિશા કોકેસસમાં પહોંચી ગયો હતો:

કોકેસસ દેખાય નજર સામે
અને હું ખડો એકાકી
તમરી ચડાવતી અગાધ ગર્તાને કિનારે...

એણે લગભગ આખી દુનિયાનું ચક્કર લગાવી લીધું પણ ઉત્તરમાં પહોંચતાં સુધીમાં એનો અવાજ સાવ ઘોઘરો થઈ ગયો એટલે પાછો મારો વારો આવ્યો. મને બીજી કોઈ કવિતા યાદ ન આવી એટલે હું એક બીજા ગીતની કડી બોલ્યો:

ભમ્યો હું આખા જગત મહીં
કિન્તુ ન પામ્યો પ્યાર કહીં

લેનોચ્કા ખડખડાટ હસી પડી. "આને તો ફક્ત ગીતો જ આવડે છે!" એ તીણા અવાજે બોલી.

"મિશા બધી કવિતાઓ બોલી ગયો એટલે પછી હું શું કરું!" મેં કહ્યું, અને વળી એક ગીત શરૂ કરી દીધું:

તરુણ શીશ મઝાનું મુજ તન પર વિરાજે
હશે યા નહિ કાલે, ઊઠે વિચાર આજે

"લોકોને આવી રીતે પરેશાન કરતો રહીશ તો તારું માથું ઝાઝા દિવસ સલામત નહિ રહે," ફેદ્યાકાકાએ કહ્યું અને એમણે નિસાસો નાખીને કપાળ ઉપર હાથ ઘસ્યો. પછી બેઠક નીચેથી સૂટકેસ ખેંચી કાઢીને એ કંપાર્ટમેન્ટમાંથી બહાર ચાલ્યા ગયા.

ગાડી શહેરની નજીક પહોંચી રહી હતી. મુસાફરો ઊભા થયા અને પોતાની ચીજો ભેગી કરીને ડબ્બાના બારણા તરફ ગયા. અમે સૂટકેસ તથા થેલો લઈને સૌની પાછળ પાછળ પ્લેટફૉર્મ ઉપર ઊતર્યા. સૂટકેસમાંથી કશો અવાજ સંભળાતો નહોતો.

"તું જુએ છે ને," મિશા બોલ્યો, "હવે જ્યારે જરૂર નથી રહી ત્યારે રૂપલો ચુપ છે અને જ્યારે ચુપ રહેવું જરૂરી હતું ત્યારે અવાજ કર્યા કરતો હતો."

"ક્યાંક ગૂંગળાઈ ન ગયો હોય, આપણે તપાસ કરી લઈએ," મેં કહ્યું. મિશાએ સૂટકેસ હેઠે મૂકીને ઉઘાડી. સૂટકેસમાં રૂપલો હતો જ નહિ! તેમાં ચોપડીઓ, નોટબુકો, ટુવાલ, સાબુ, શિંગડાની ફ્રેમનાં ચશ્માં, ગૂંથવાના સોયા, વગેરે સામાન હતો પણ રૂપલો નહોતો.

"રૂપલો ક્યાં?" મિશા બોલી ઊઠયો.

"સૂટકેસ બદલાઈ ગઈ છે!"

મિશા સૂટકેસ ઉપર નજર ઠેરવીને બોલ્યો: "હા, બદલાઈ જ ગઈ છે. આપણી સૂટકેસમાં તો કાણાં હતાં. વળી એ ઘેરા બદામી રંગની હતી અને આ તો પીળી છે. કેવું ગધેડા જેવું કામ કર્યું છે મેં! બીજા કોઈ મુસાફરની સૂટકેસ ઉપાડી લીધી."

"ચાલ, આપણે જલદી પાછા સ્ટેશને જઈએ. આપણી સૂટકેસ કદાચ હજી બેઠકની નીચે જ પડી હોય."

અમે દોડતા પાછા સ્ટેશને ગયા. ગાડી હજી ઊભી હતી પણ અમને અમારો ડબ્બો જ યાદ નહોતો. અમે બેઠકો નીચે તપાસ કરતા આખી ગાડીમાં ફર્યા પણ અમારી સૂટકેસ ક્યાંય ન મળી.

"કોઈક લઈ ગયું હશે," મેં કહ્યું.

"ચાલ, આપણે ફરી એક વાર નજર નાખી લઈએ," મિશા બોલ્યો.

અમે ફરી વાર આખી ગાડી તપાસી જોઈ પણ અમારી સૂટકેસ ક્યાંય નજરે ન પડી. હવે શું કરવું એનો અમે વિચાર કરતા હતા એટલામાં એક કંડક્ટરે આવીને અમને ભગાડી મૂક્યા.

અમે ઘર તરફ ચાલ્યા. મારા થેલામાં મિશાની ચીજો હતી એટલે હું પહેલાં એને ઘેર ગયો. મિશાની માને ખબર પડી ગઈ કે કંઈક બન્યું છે.

"શું થયું?" એણે પૂછ્યું.

"રૂપલો ખોવાઈ ગયો."

"રૂપલો વળી કોણ?"

"અમે ગામડેથી લાવેલા એ ગલૂડિયું. તને મારો કાગળ નથી મળ્યો કે શું?"

"ના, તારો કાગળ તો આવ્યો જ નથી."

"મેં તો બધું તને કાગળમાં લખેલું," મિશા બોલ્યો. પછી એણે આખી વાત માને કહી સંભળાવી: રૂપલો કેવો સરસ હતો, અમે તેને કેવી રીતે સૂટકેસમાં મૂકી રાખેલો, સૂટકેસ કેવી રીતે ખોવાઈ ગઈ, વગેરે. વાત પૂરી થઈ ત્યાં સુધીમાં મિશાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. પછી હું મારે ઘેર ચાલ્યો ગયો એટલે ત્યાર બાદ શું બન્યું એની મને ખબર નથી.

બીજે દિવસે મિશાએ મારે ત્યાં આવીને કહ્યું: "તને ખબર છે? હું તો જાણે હવે ચોર બની ગયો!"

"એ કેવી રીતે?"

"મેં બીજા કોઈનો સામાન લઈ લીધો એટલે."

"પણ તેં તો ભૂલથી લીધેલો."

"એ તો બરાબર છે પણ કોઈ એમ ધારી લઈ શકે ખરું કે મેં જાણી જોઈને લીધો હશે. વળી સામાનનો માલિક સામાનની તપાસ કરી રહ્યો હશે. મારે ગમે તેમ કરીને એ સૂટકેસ તેના માલિકને પાછી પહોંચાડવી જ પડશે."

"તું ગોતીશ કેવી રીતે?"

"આખા શહેરમાં નોટિસો લગાડી દઈશ. માલિક નોટિસ વાંચીને સૂટકેસ લેવા આવશે."

"સાચી વાત," મેં કહ્યું. "ચાલ, આપણે હમણાં જ નોટિસો લખી નાખીએ."

અમે કાગળની પટ્ટીઓ કાપી અને દરેક પટ્ટી ઉપર સાફ અક્ષરે લખ્યું:

"મળી છે—એક સૂટકેસ. ગાડીમાં. નીચેના સરનામે સંપર્ક સાધો: મિશા કોઝ્લોવ, પેસ્ચાનાયા માર્ગ, મકાન નં.૮, ફ્લૅટ નં.૩."

અમે લગભગ વીશેક નોટિસો લખી નાખી તે પછી મેં કહ્યું:

"ચાલ, હવે આપણે રૂપલા વિશે નોટિસ લખીએ. આપણી સૂટકેસ પણ ભૂલથી બીજું કોઈ લઈ ગયું હશે."

"હા, આપણી બાજુમાં બેઠેલો આદમી જ ભૂલથી લઈ ગયો હશે," મિશા બોલ્યો.

અમે કાગળની થોડીક વધારે પટ્ટીઓ કાપી અને એક બીજી નોટિસ લખી:

"ખોવાઈ ગયું છે— સૂટકેસમાં પૂરેલું ગલૂડિયું. નીચેના સરનામે પરત કરવાની અથવા કાગળ લખીને જણાવવાની કૃપા કરશો: મિશા કોઝ્લોવ, પેસ્ચાનાયા માર્ગ, મકાન નં. ૮, ફ્લૅટ નં. ૩."

એ નોટિસની પણ અમે લગભગ વીશેક નક્લો બનાવી. પછી અમે નોટિસો ચોડવા નીકળ્યા. નોટિસોને અમે બત્તીના થાંભલા તથા દીવાલો ઉપર ચોંટાડી. થોડી વારમાં બધી પટ્ટીઓ ખલાસ થઈ ગઈ એટલે અમે વધારે પટ્ટીઓ લખવા પાછા ઘેર ગયા. અમે નોટિસ લખવામાં ડૂબેલા હતા એટલામાં બારણાની ઘંટડી વાગી. મિશાએ દોડીને બારણું ઉઘાડ્યું. કોઈ અજાણી બાઈ અંદર આવી.

"મારે મિશા કોઝ્લોવને મળવું છે," બાઈએ કહ્યું.

"હું જ મિશા કોઝ્લોવ છું," અચરજમાં પડી ગયેલા મિશાએ જવાબ આપ્યો. તેને થયું કે આ બાઈને મારા નામની ખબર કેવી રીતે પડી હશે.

"મેં હમણાં જ નોટિસ વાંચી. મારી એક સૂટકેસ ગાડીમાં ખોવાઈ ગઈ છે."

"સૂટકેસ?" મિશા આનંદથી બોલી ઊઠયો. "એક મિનિટ, હમણાં લઈ આવું." એ દોડતો બાજુની રૂમમાં ગયો અને સૂટકેસ ઉપાડીને લઈ આવ્યો.

"આ રહી."

બાઈએ સૂટકેસ ઉપર નજર નાખીને માથું ધુણાવતાં કહ્યું: "ના, આ સૂટકેસ મારી નથી."

"તમારી નથી?" મિશા બોલી ઊઠયો.

"મારી સૂટકેસ તો આનાથી મોટી હતી. વળી એ કાળી હતી અને આ તો પીળી છે."

"તો અમને અફસોસ છે, તમારી સૂટકેસ અમારી પાસે નથી. અમને તો આ એક જ સૂટકેસ મળી છે. પણ અમને તમારી સૂટકેસ મળશે તો અમે ખુશીથી એ તમને સોંપી દઈશું."

બાઈ હસી પડી.

"તમે રમૂજી બેલડી છો. ખોવાયેલી ચીજ આવી રીતે પરત ન કરાય. કોઈ પૂછવા આવે ત્યારે તમારે સૂટકેસ બતાવી ન દેવી જોઈએ. પહેલાં પૂછી લેવું જોઈએ કે ખોવાયેલી સૂટકેસ કેવી હતી અને તેમાં કેવો સામાન હતો. જવાબ બંધબેસતા હોય તો જ સૂટકેસ પાછી અપાય. નહિતર કોઈ બેઈમાન આદમી આવીને પોતાની ન હોય એવી ચીજ તફડાવી જાય. દુનિયામાં બધી જાતના માણસો હોય છે, સમજ્યા ને!"

"એવો ખ્યાલ તો અમને આવ્યો જ નહોતો," મિશા બોલ્યો.

બાઈ ચાલી ગઈ તે પછી મિશાએ મને કહ્યું: "જોયું ને, નોટિસો બહુ જલદી કારગત થઈ. હજી તો આપણે નોટિસો ચોડવાનું કામ પૂરું પણ નથી કર્યું અને લોકો આવીને પૂછવા લાગ્યા છે. આ રીતે તો આપણને રૂપલો કદાચ જલદી પાછો મળી જાય."

અમે સૂટકેસ પલંગની નીચે મૂકી દીધી. તે દિવસે બીજું કોઈ ન આવ્યું. પણ બીજે દિવસે ઘંટડી આખો દિવસ રણકતી રહી. મિશાને અને મને અચરજ થયું. આટલા બધા માણસોની સૂટકેસો ગાડીમાં ખોવાઈ જતી હશે એવો અમને ખ્યાલ જ નહોતો. ભાતભાતના માણસો આવ્યા. એક માણસની બેગ ટ્રામમાં ખોવાઈ ગયેલી. બીજા એકનું ખીલીનું પડીકું બસમાં રહી ગયેલું. એક ડોશીમાની પેટી ચોરાઈ ગયેલી—એ સૌ પોતપોતાની ચીજો અમારે ત્યાંથી પછી મેળવવાની આશાએ આવ્યાં. એમને થયું હશે કે અમને એક સૂટકેસ મળી છે એટલે અમે ભાતભાતની બીજી ચીજો પણ ગોતી કાઢીશું.

મિશાએ કહ્યું:

"અજબ વાત છે કે જેની સૂટકેસ કે પેટી ખોવાઈ ગયાં છે એ લોકો તપાસ કરતા આવે છે અને જેની પાસે આપણી સૂટકેસ હશે તેઓ ચુપચાપ ઘરમાં બેસી રહ્યા છે."

"એ લોકોને શી પરવા હોય? જેની વસ્તુ ખોવાઈ ગઈ હોય એણે જ તપાસ કરવી જોઈએ. જેનું કંઈ ખોવાયું ન હોય એને ક્યાંય જવાની જરૂર જ ન હોય."

"સૂટકેસ મળી હોય તો આપણને એક કાગળ તો લખી જ શકે, ખરું કે નહિ? કાગળ મળે એટલે આપણે પોતે જ જઈને લઈ આવીએ."

એક દિવસે મિશા ને હું ઘરમાં બેઠા હતા એટલામાં કોઈએ બારણું ખખડાવ્યું. મિશા દોડતો બારણે ગયો અને થોડી વારમાં એક કાગળ લઈને પાછો આવ્યો ત્યારે ખૂબ ઉત્તેજિત થઈ ગયો હતો.

"કદાચ રૂપલા વિશે કંઈક ખબર હોય," એમ કહેતો એ કવર ઉપર લખેલું સરનામું જોવા લાગ્યો. કવર ભાતભાતની વિચિત્ર છાપ અને ટિકિટોથી ભરેલું હતું.

આખરે એ બોલ્યો: "આ તો આપણે માટે છે જ નહિ. માનો કાગળ છે. સરનામાની જોડણી જોતાં લાગે છે કે કોઈ તેજસ્વી વિદ્વાને લખ્યો હશે. 'પેસ્ચાનાયા' માર્ગ લખવામાં બે ભૂલ થયેલી છે. 'પેસ્ચાનાયા'ને બદલે 'પેચનાયા' માર્ગ લખ્યું છે. આ કાગળ આપણે ત્યાં પહોંચતાં પહેલાં આખા શહેરમાં ફરી આવ્યો હશે. મા, વ્યાકરણના કોઈ પંડિતનો કાગળ છે તારા માટે."

"વ્યાકરણના કોઈ પંડિતને તો હું નથી ઓળખતી."

"લે, વાંચી જો."

મિશાની મા કવર ખોલીને કાગળ મનમાં વાંચવા લાગી:

"વહાલી મા, મને ગલૂડિયું રાખવાની રજા આપ. આ ગલૂડિયું બહુ વહાલું લાગે એવું છે. એનું આખું ડિલ બદામી રંગનું છે, ફક્ત એના એક કાન ઉપર કાળું ટપકું છે. મને આ ગલૂડિયું ખૂબ ગમે છે..." "અરે," મિશાની મા બોલી ઊઠી, "આ તો તારો જ કાગળ છે."

હું ખડખડાટ હસી પડ્યો અને મેં મિશા સામે જોયું. એનું મોં લાલ લાલ થઈ ગયું અને એ દોડતો રૂમમાંથી બહાર ભાગી ગયો.

મિશાને અને મને રૂપલો પાછો મેળવવાની જરાય આશા ન રહી પણ મિશા રૂપલાને ભૂલી ન શક્યો. એ ઘણી વાર રૂપલાની વાતો કરતો.

''રૂપલો ક્યાં હશે?" એ કહેતો. "એને કેવો માલિક મળ્યો હશે? ઘાતકી અને કૂતરાને મારે એવો માણસ ન હોય તો સારું. કદાચ કોઈએ એને સૂટકેસમાંથી બહાર જ નહિ કાઢયો હોય અને એ મરી ગયો હશે તો? રૂપલો જીવતો અને સુખમાં છે એટલી ખબર પડે તોયે ઘણું. પછી એ મને પાછો ન મળે તોપણ વાંધો નહિ."

થોડા દિવસોમાં રજાઓ ખતમ થઈ અને નિશાળ પાછી ઊઘડી ગઈ. અમને ખુશી થઈ કેમ કે અમને નિશાળ ગમતી અને નકામા રખડયા કરવાથી અમે થોડાક કંટાળી પણ ગયેલા.

નિશાળને પહેલે દિવસે હું બહુ વહેલો ઊઠયો અને મિશાને ઉઠાડવા હું મારાં નવાં કપડાં પહેરીને ઉતાવળો મિશાના ઘર તરફ રવાના થઈ ગયો. મિશા મને દાદરા ઉપર જ મળી ગયો. એ પણ મને ઉઠાડવા આવી રહ્યો હતો.

અમને હતું કે ગયા વરસની જ શિક્ષિકા અમને ભણાવશે, પણ નિશાળે પહોંચ્યા ત્યારે જ અમને ખબર પડી કે શિક્ષિકા બદલાઈ ગઈ છે. અમારી જૂની શિક્ષિકા વેરા અલેક્સાન્દોવ્નાની બીજી નિશાળમાં બદલી થઈ ગઈ હતી. અમારી નવી શિક્ષિકાનું નામ હતું નાદેઝ્દા વિક્તોરોવ્ના.

નાદેઝ્દા વિક્તોરોવ્નાએ અમને ટાઇમટેબલ તથા પાઠયપુસ્તકોની યાદી આપ્યાં અને દરેકની પાસે આવીને ઓળખાણ કરી. પછી તેણે અમને પૂછ્યું: ગયે વરસે તમે સૌએ પૂશ્કિનની કવિતા 'શિયાળો' શીખી લીધી છે કે? સૌએ કહ્યું કે હા શીખી લીધી છે.

"હજી યાદ છે કે?" તેણે સવાલ કર્યો.

આખો વર્ગ ચુપ થઈ ગયો.

મિશાને કોણી મારીને હું એના કાનમાં ધીમેથી બોલ્યો: "તને તો યાદ છે ને?"

"હા."

"તો હાથ ઊંચો કર."

મિશાએ હાથ ઊંચો કર્યો.

"સારું, અહીંયાં આવ અને બોલી બતાવ," શિક્ષિકાએ કહ્યું.

મિશા શિક્ષિકા પાસે ગયો અને તેના ટેબલ પાસે ઊભો રહીને ભાવવાહી અવાજે કવિતાપાઠ કરવા લાગ્યો:

શિયાળો આવતાં ખેડુદિલે ઉમંગ ઊભરાય
દોડાવતો હિમગાડી અતિ ગેલમાં દેખાય
ઘોડું એનું દડબદ કરતું વેગે ધાય
હિમ મઢેલો મારગ ખૂંદતું હોંશે હરખાય...

મેં જોયું કે શિક્ષિકા મિશાને એક નજરે તાકી રહી છે. જાણે કંઈક યાદ કરવા મથતી હોય એમ તેના કપાળમાં કરચલીઓ પડી ગઈ. એકાએક મિશાનો કવિતાપાઠ અટકાવતાં તેણે કહ્યું:

"જરા ઊભો રહે. ઉનાળામાં એક દિવસે ગાડીમાં કવિતાપાઠ તેં જ કરેલો ને?"

મિશાનું મોં લાલ થઈ ગયું. એ બોલ્યો: "હા, એ હું જ હતો."

"હં... વારુ, બસ. વર્ગ પૂરો થાય એટલે શિક્ષકોના ખંડમાં આવજે. મારે તારી જોડે વાત કરવી છે."

"કવિતા પૂરી કરી લઉં?" મિશાએ પૂછ્યું.

"ના, મેં જોઈ લીધું કે તને બરાબર યાદ છે."

મિશા પોતાની જગ્યાએ આવીને બેસી ગયો અને એણે બેઠક નીચે મને પગ માર્યો:

"એ જ બાઈ છે! આપણને ગાડીમાં મળેલી. એના ભેગી પેલી છોકરી લેનોચ્કા હતી અને એક આદમી પણ હતો. એ માણસ આપણે વિશે ખારીલી ટકોરો કર્યા કરતો હતો. છોકરી એને ફેદ્યાકાકા કહીને બોલાવતી હતી. યાદ છે ને?"

"હા," મેં કહ્યું. "તેં કવિતાપાઠ શરૂ કર્યો એ જ ઘડીએ મેં એને ઓળખી લીધી હતી."

"શું કરું?" મિશા બોલ્યો. એ ફિકરમાં પડી ગયેલો લાગ્યો. "એણે મને વર્ગ પછી રોકાવાનું કેમ કહ્યું હશે? લાગે છે કે એ વખતે ગાડીમાં મેં કરેલા વર્તન બદલ ઠપકો આપશે."

અમે એટલા બધા ફિકરમાં ડૂબી ગયા કે વર્ગ કેવી રીતે પૂરો થઈ ગયો તેની અમને ખબર જ ન પડી. અમે સૌથી છેલ્લા બહાર નીકળ્યા. મિશા શિક્ષકોના ખંડમાં ગયો અને હું બહાર પરસાળમાં એની વાટ જોતો ઊભો રહ્યો. આખરે એ બહાર આવ્યો.

"શું કહ્યું?"

"બાબત એમ છે કે આપણને ગાડીમાં મળેલી સૂટકેસ એની છે, અથવા એની નહિ પણ પેલા આદમીની છે—એકની એક જ વાત ગણાય. સૂટકેસ એ લોકોની જ છે. તેમાં શું શું છે એ બધું એણે મને કહી બતાવ્યું અને એ બરાબર મેળ ખાય છે. સૂટકેસ આજે સાંજે એને ઘેર પહોંચાડવાનું એણે મને કહ્યું. આ રહ્યું સરનામું."

મિશાએ કાગળની એક ચબરખી મને બતાવી. તેની ઉપર સરનામું લખેલું હતું. અમે ઉતાવળા ઘેર ગયા અને સૂટકેસ લઈને નીકળી પડયા.

અમે ઘર ઝાઝી તકલીફ વગર ગોતી કાઢ્યું અને ઘંટડીનું બટન દબાવ્યું. અમે ગાડીમાં જોયેલી છોકરી લેનોચ્કાએ બારણું ઉઘાડયું.

તેણે અમને પૂછ્યું કે અમારે કોને મળવું છે, પણ અમારી નવી શિક્ષિકાનું નામ જ અમે ભૂલી ગયેલા એટલે શું નામ આપવું એની અમને મૂંઝવણ થઈ.

"એક સેકંડ," મિશા બોલ્યો. "સરનામામાં નામ લખ્યું હશે. આ રહ્યું: નાદેઝ્દા વિક્તોરોવ્ના."

"અરે, તમે તો અમારી સૂટકેસ લાવ્યા હશો! અંદર આવો." અમને એક ખંડમાં બેસાડીને એણે સાદ પાડયો:

"નાદ્યાકાકી, ફેદ્યાકાકા, છોકરા સૂટકેસ લઈને આવ્યા છે."

નાદેઝ્દા વિક્તોરોવ્ના અને ફેદ્યાકાકા ખંડમાં આવ્યાં. ફેદ્યાકાકાએ સૂટકેસ ખોલી અને તેમાંથી ચશ્માં ઝડપી લઈને એકદમ નાક ઉપર ગોઠવી દીધાં.

"મારાં માનીતાં ચશ્માં, આખરે મળ્યાં ખરાં!" ફેદ્યાકાકા બોલી ઊઠયા. એમનો ચહેરો ખીલી ઊઠયો. "ચશ્માં મળી ગયાં એટલે મને બહુ ખુશી થઈ છે. આ નવાં ચશ્માં કોઈ રીતે ફાવતાં જ નહોતાં."

"ભૂલથી પારકી સૂટકેસ લઈ આવ્યા છીએ એની ખબર પડી કે તરત જ અમે આખા શહેરમાં નોટિસો લગાવી દીધી હતી," મિશાએ ખુલાસો કર્યો.

"હું નોટિસો ક્યારેય વાંચતો જ નથી," ફેદ્યાકાકાએ કહ્યું. "શીખવા જેવી વાત છે. હવે ક્યારેય મારી કોઈ ચીજ ખોવાઈ જશે તો હું ચોક્કસ બધી નોટિસો વાંચી જઈશ."

બરાબર એ જ વખતે એક નાનકડો કૂતરો લેનોચ્કાની પાછળ પાછળ ખંડમાં આવ્યો. કતરો આખો બદામી રંગનો હતો પણ એના એક કાન ઉપર કાળું ટપકું હતું.

"જો!" મિશા મારા કાનમાં બોલ્યો.

ગલૂડિયાએ કાન ઊંચા કર્યા અને માથું એક તરફ ત્રાંસું કરીને અમારી સામે જોયું.

"રૂપલો!" અમે બોલી ઊઠયા.

રૂપલો ખુશીથી ભસી ઊઠયો અને અમારી તરફ ધસી આવ્યો. પાસે આવીને એ ઠેકડા મારતો અમને વળગવા લાગ્યો અને ગેલમાં આવી જઈને ભસવા લાગ્યો. મિશા એને ઊંચકી લઈને વહાલથી પંપાળવા લાગ્યો.

"રૂપલો! પ્યારો રૂપલો! તું અમને ભૂલ્યો નથી!"

રૂપલો મિશાનું મોં ચાટવા લાગ્યો અને મિશાએ રૂપલાને બરાબર નાક ઉપર બચી ભરી. લેનોચ્કા જોરથી હસતી તાળીઓ પાડવા લાગી:

"સ્ટેશનેથી ઘેર આવીને અમે સૂટકેસ ખોલી તો અંદરથી આ નીકળી પડયો. ભૂલથી તમારી સૂટકેસ લઈ લીધી હશે. બધો વાંક ફેદ્યાકાકાનો છે!"

"સાચી વાત," ફેદ્યાકાકાએ કહ્યું. "વાંક મારો જ છે. હું તમારી સૂટકેસ લઈને પહેલો બહાર નીકળી ગયેલો. તમે મારી સૂટકેસને પોતાની સમજીને લઈ ગયા હશો."

રૂપલાએ જેમાં બેસીને સફર કરેલી એ સૂટકેસ એ લોકોએ અમને પાછી આપી. હું સમજી ગયો કે લેનોચ્કા રૂપલાથી અળગી પડવા નથી માગતી. એ લગભગ રોવા જેવી થઈ ગઈ પણ મિશાએ એને વચન આપ્યું કે આવતે વરસે ડાયેનાને ગલૂડિયાં થશે ત્યારે તેનું સૌથી વધારે રૂપાળું ગલૂડિયું લાવીને હું તને આપીશ.

"ખરેખર, સાચું? તું ભૂલી તો નહિ જાય ને?" લેનોચ્કા કરગરતી બોલી.

અમે કહ્યું કે જરાય નહિ ભૂલીએ. પછી અમે વિદાય લઈને ઘેર જવા નીકળ્યા. રૂપલો મિશાના હાથમાં હતો અને વારંવાર માથું આમતેમ ફેરવીને રસ્તે દેખાતી બધી વસ્તુઓને કુતૂહલથી જોતો હતો.

એ કદાચ ભાગી જાય એવી બીકે લેનોચ્કાએ એને બધો વખત ઘરની અંદર જ ગોંધી રાખ્યો હોય એમ લાગતું હતું.

અમે ઘેર પહોંચ્યા ત્યારે કેટલાય માણસો અમારી વાટ જોતા હતા.

"જેને સૂટકેસ મળી છે એ છોકરા તમે જ છો કે?" તેમણે પૂછ્યું.

"હા, પણ હવે સૂટકેસ અમારી પાસે નથી. એ તો અમે માલિકને પરત કરી દીધી," અમે જવાબ આપ્યો.

"તો નોટિસો કેમ નથી હઠાવી લીધી? નકામો લોકોનો વખત બગાડો છો."

થોડુંક વધારે બબડીને તેઓ ચાલ્યા ગયા. એ જ દિવસે મિશા અને હું ફરવા નીકળ્યા અને અમે બધી નોટિસો ઉખેડી નાખી.



ટેલિફોન

એક દિવસે મિશાએ અને મેં રમકડાંની દુકાનમાં એક અદ્‌ભુત નવું રમકડું જોયું. અસલ ટેલિફોન જેવો ટેલિફોન. બે ટેલિફોન અને તારનું ગૂંચળું એક મોટા ખોખામાં સરસ રીતે ગોઠવેલાં હતાં. દુકાનમાં અમને જણાવવામાં આવ્યું કે આ ટેલિફોન એક જ મકાનના બે ફ્લેટમાં ગોઠવી શકાય એવો છે. એક રિસિવર એક ફ્લેટમાં અને બીજું બીજા ફ્લેટમાં ગોઠવી દેવાનું, અને પછી બેઉને તાર વડે જોડી દેવાનાં.

મિશા અને હું એક જ મકાનમાં રહીએ છીએ. મારો ફ્લેટ એના ફ્લેટથી ઉપરના માળામાં છે. અમને થયું કે જયારે મન થાય ત્યારે એકબીજાને ટેલિફોન કરી શકીએ તો ભારે મજા પડે.

"વળી આ કંઈ સાધારણ રમકડું નથી કે તૂટી જાય અને ફેંકી દેવામાં આવે," મિશાએ કહ્યું. "આ તો ઉપયોગી રમકડું છે."

"હા, આ ટેલિફોન વડે તો દાદરા ચડઊતર કર્યા વગર જ પાડોશી જોડે વાતચીત કરી શકાય," હું બોલ્યો.

"આ તો મોટી સવલત ગણાય," મિશા ઉત્તેજિત થઈ ગયો. "ઘરમાં બેસીને મરજી પડે એટલી વાતો કરી શકાય."

અમે ટેલિફોન ખરીદવા માટે પૈસા બચાવવાનું નક્કી કર્યું. બે અઠવાડિયાં સુધી અમે આઈસક્રીમ ન ખાધું અને સિનેમા જોવા ન ગયા. એટલા વખતમાં અમારી પાસે ટેલિફોન ખરીદવા જેટલા પૈસા ભેગા થઈ ગયા.

દુકાનેથી ટેલિફોનનું ખોખું લઈને અમે ઉતાવળા ઘેર ગયા. એક ટેલિફોન મારા ફ્લૅટમાં ગોઠવી દીધો અને બીજો મિશાના ઘરમાં. પછી બન્ને ટેલિફોનને બારી વાટે તાર વડે જોડી દીધા.

"ચાલ, હવે જોઈએ કે ટેલિફોન ચાલુ થઈ ગયો છે કે નહિ," મિશાએ કહ્યું. "તું ઉપર પહોંચી જા, હું અહીંથી તને ટેલિફોન કરું છું."

હું દોડતો ઉપર મારા ફ્લૅટમાં ગયો અને રિસિવર ઉપાડયું તો ટેલિફોનમાં મિશાના ઘાંટા સંભળાઈ રહ્યા હતા:

"હલ્લો! હલ્લો!"

હું પણ ગળું ફાડીને બોલ્યો: "હલ્લો!"

"મારો અવાજ સંભળાય છે?" મિશાએ બરાડો પાડયો.

"હા, તારો અવાજ સંભળાય છે. તને મારો અવાજ સંભળાય છે?"

"હા, સંભળાય છે. વાહ! અદ્ભુત! તને મારો અવાજ બરાબર સંભળાય છે?"

"સરસ. અને તને?"

"મને પણ. હા... હા... હું હસું છું તે સંભળાય છે કે?"

"સાફ સંભળાય છે. હા... હા... હા... તને મારું હસવું સંભળાય છે?"

"હા. હવે સાંભળ, હું હમણાં જ ઉપર આવું છું."

મિશા દોડતો ઉપર મારા ફ્લૅટમાં આવ્યો અને અમે બન્ને ઉમંગમાં આવી જઈને એકબીજાને ભેટી પડયા.

"આપણે ટેલિફોન લીધો એથી તને ખુશી નથી થઈ? ટેલિફોન મજાનો નથી શું?"

"મજાનો છે," મેં કહ્યું.

"હવે હું પાછો નીચે જઈને તને ટેલિફોન કરું છું."

મિશા દોડતો નીચે ગયો. થોડી વારમાં ઘંટડી રણકી. મેં રિસિવર ઉપાડયું.

"હલ્લો!"

"મારો અવાજ સંભળાય છે?"

"એકદમ સાફ."

"ખરેખર?"

"હા, બરાબર સંભળાય છે."

"મને પણ. ચાલ, હવે વાત કરીએ."

"વારુ. શાને વિશે વાત કરીશું?"

"અરે, ગમે તે વાત કરીએ. આપણે ટેલિફોન લીધો એ તને ગમ્યું?"

"ખૂબ ગમ્યું."

"ન લીધો હોત તો બહુ ખરાબ થાત, નહિ?"

"ભયંકર."

"કેમ?"

"શું કેમ?"

"કેમ કંઈ બોલતો નથી?"

"તું પોતે જ બોલ ને!"

"મને તો સૂઝતું જ નથી કે શું બોલવું," મિશાએ કહ્યું. "હંમેશાં એમ જ બને છે. વાત કરવાની જરૂર પડે ત્યારે કંઈ ન સૂઝે, અને વાત ન કરવાની હોય ત્યારે જીભ કોઈ રીતે અટકે જ નહિ."

મેં કહ્યું: "સાંભળ, હું ટેલિફોન મૂકી દઉં છું અને થોડી વાર વિચાર કરું છું. મારા મનમાં કંઈક આવશે એટલે હું તને ટેલિફોન કરીશ."

"વારુ."

મેં રિસિવર મૂકી દીધું અને વિચાર કરવાનું શરૂ કરી દીધું. અચાનક ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. મેં રિસિવર ઉપાડીને કાને માંડયું.

"કેમ, કંઈ સૂઝ્યું કે નહિ?" મિશાએ પૂછ્યું.

"ના. તને કંઈ સૂઝ્યું છે?"

"ના, મને તો કંઈ નથી સૂઝ્યું."

"તો પછી તેં શું કરવા ટેલિફોન કર્યો?"

"મને થયું કે તને કંઈક સૂઝ્યું હશે."

"સૂઝ્યું હોત તો મેં ટેલિફોન કર્યો હોત."

"મને થયું કે તને ટેલિફોન કરવાનો ખ્યાલ કદાચ નહિ આવે."

"મને ગધેડો સમજે છે કે શું?"

"મેં ક્યાં કહ્યું છે કે તું ગધેડો છે?"

"તો શું કહ્યું છે તેં?"

"કંઈ નહિ. મેં તો એટલું જ કહ્યું કે તું ગધેડો નથી."

"ઓહ! વારુ, ગધેડાની વાતો બહુ થઈ ગઈ. હવે આપણે મૂરખવેડા મૂકીને લેસન કરી લઈએ તો સારું."

"હા, લેસન કરી લઈએ તો ઠીક."

રિસિવર મૂકી દઈને હું લેસન કરવા બેસી ગયો. મેં ચોપડી માંડ ખોલી હશે ત્યાં ટેલિફોન રણક્યો.

"સાંભળ, હું તને ટેલિફોનમાં ગીત અને પિયાનો સંભળાવું છું."

"સંભળાવ."

મને ખર્ર્ર્ર્ જેવો અવાજ સંભળાયો અને પછી ઠબકારો થયો. એકાએક મારા કાનમાં ગીતના સૂર ગુંજી ઊઠયા પણ અવાજ મિશાનો જરાય નહોતો.

ક્યાં ઊડી ગયા...
જુવાનીના સોનેરી દિન?..

હું અચરજ પામીને વિચારવા લાગ્યો કે શું બાબત હશે. મારા મનમાં સવાલ ઊઠયો કે મિશાએ આવી રીતે ગાતાં ક્યારે શીખી લીધું હશે.

એ જ ઘડીએ મિશા અંદર આવ્યો. એના મોં ઉપર મલકાટ છવાયેલો હતો.

"તને લાગ્યું કે હું ગાઉં છું, નહિ? અરે, એ તો ગ્રામોફોન છે. લાવ, મને પણ સાંભળવા દે."

મેં રિસિવર એના હાથમાં આપ્યું. એ થોડી વાર સાંભળતો રહ્યો અને પછી એકદમ ઉતાવળથી રિસિવર પડતું મૂકીને નીચે ભાગ્યો. મેં ટેલિફોન કાને માંડયો તો મને કર્કશ ઘરઘરાટ અને ઘસરકા સંભળાયા. રેકોર્ડ ખતમ થઈ ગઈ હશે.

હું પાછો લેસન કરવા બેઠો. ટેલિફોન રણકી ઊઠયો. મેં રિસિવર હાથમાં લીધું.

"બાઉ! વાઉ!" મારા કાનમાં અવાજ આવ્યો.

"ભસે છે શું કરવા?"

"હું નથી ભસતો, એ તો રૂપલો છે. રિસિવરને બટકાં ભરે છે એ તને સંભળાય છે?"

"હા."

"હું રિસિવર એના નાક સામે ધરું છું અને એ બટકાં ભરે છે."

"ધ્યાન નહિ રાખ તો તારો ટેલિફોન રૂપલો ચાવી જશે."

"અરે, ટેલિફોનને કંઈ નહિ થાય, એ તો લોખંડનો છે. ઓય! રૂપલાએ મને બટકું ભરી લીધું. કેવો નઠારો કૂતરો! નીચે ઊતરી જા! મને બટકું ભરવાની હિંમત કરી તેં! લે, લેતો જા! (બાઉ! વાઉ!) રખડેલ ક્યાંનો! મને બટકું ભર્યું, તેં સાંભળ્યું ને?"

"હા, મેં સાંભળ્યું," હું બોલ્યો.

હું વળી પાછો લેસન કરવા બેઠો પણ બીજી જ મિનિટે ટેલિફોન રણકી ઊઠયો. આ વખતે રિસિવરમાં જોરથી ગણગણાટ સંભળાયો.

"આ વળી શું છે?"

"ફૂદું."

"ક્યાં છે?"

"મેં હાથમાં પકડીને રિસિવરની સામે ધરી રાખ્યું છે, ગણગણાટ કરે છે અને પાંખો ફફડાવે છે."

મિશા અને હું આખો દિવસ એકબીજાને ટેલિફોન કરતા રહ્યા. અમે ભાતભાતની કરામતો કરી: ગીત ગાયાં, ઘાંટા પાડયા, ગર્જના કરી, મ્યાઉં કર્યું, હોઠ ફફડાવીને વાતો કરી—અને બધું બરાબર સંભળાતું. મેં લેસન પતાવ્યું ત્યાં સુધીમાં સારી પેઠે મોડું થઈ ગયું હતું. મને સૂતાં પહેલાં મિશાને ટેલિફોન કરવાનો વિચાર આવ્યો.

મેં ટેલિફોનની ઘંટડી વગાડી પણ કશો જવાબ ન મળ્યો.

હું વિચારવા લાગ્યો કે શું થયું હશે. એનો ટેલિફોન બગડી ગયો હશે કે શું?

મેં ફરી વાર ટેલિફોન કરવાની કોશિશ કરી પણ કશો જવાબ ન મળ્યો. હું દોડતો નીચે ગયો. તમે માનશો નહિ પણ મિશાએ ટેલિફોન ખોલી નાખીને બધા ભાગ છૂટા કરી નાખેલા! એણે બૅટરી કાઢી નાખેલી, ઘંટડી છૂટી કરી નાખેલી, અને હવે રિસિવરના સ્ક્રૂ ખોલી રહ્યો હતો.

"અરે, આ શું કરે છે? ટેલિફોન શું કરવા તોડી નાખે છે?" હું બોલી ઊઠયો.

"તોડતો નથી, ફક્ત ખોલી રહ્યો છું, ખબર પડે ને કે કેવી રીતે બનેલો છે! બધું પાછું બરાબર ગોઠવી દઈશ."

"નહિ બને. તને આવડશે જ નહિ."

"કોણે કહ્યું કે નહિ આવડે? સાવ સહેલું કામ છે."

એણે રિસિવરના સ્ક્રૂ ખોલીને ધાતુના થોડાક કકડા બહાર કાઢયા અને પછી અંદરથી ધાતુની ગોળ પતરી ખેંચી કાઢવાની કોશિશ કરવા લાગ્યો. પતરી ઊડતી બહાર નીકળી ગઈ અને રિસિવરમાંથી થોડોક કાળો પાઉડર હેઠે ઢોળાઈ ગયો. મિશા ગભરાઈ ગયો અને એણે પાઉડર પાછો રિસિવરમાં નાખવાની કોશિશ કરી.

"બસ, ખતમ કરી નાખ્યો ટેલિફોન!" હું બોલ્યો.

"અરે, આ તો કંઈ નથી. હમણાં પલક વારમાં બધું પાછું ગોઠવી દઉં છું!"

એ મહેનત કરતો રહ્યો પણ કામ એણે ધારેલું એટલું સહેલું નહોતું. સ્ક્રૂ સાવ ટચૂકડા હતા અને તેમને પોતપોતાની જગ્યાએ ગોઠવીને કસવાનું કામ અઘરું હતું. આખરે એણે બધું પાછું ગોઠવી દીધું પણ ધાતુનો એક કકડો અને બે સ્ક્રૂ બાકી રહી ગયા.

"આ ચીજ શું કામની છે?" મેં પૂછયું.

"અરે, આને અંદર નાખવાનું તો હું ભૂલી જ ગયો," મિશા બોલ્યો. "કેવો મૂરખ છું! એને અંદર નાખીને પછી જ સ્ક્રૂ કસવાના હતા. હવે વળી પાછું બધું ખોલવું પડશે."

"ઠીક, હું તો ઘેર જાઉં છું. તારું કામ પતી જાય ત્યારે મને ટેલિફોન કરજે," મેં કહ્યું.

હું ઘેર જઈને વાટ જોવા લાગ્યો. ક્યાંય સુધી વાટ જોતો રહ્યો પણ ટેલિફોન આવ્યો નહિ. આખરે હું સૂઈ ગયો.

બીજે દિવસે સવારે ટેલિફોનની ઘંટડી એટલા જોરથી રણકી ઊઠી કે ઘર સળગી ઊઠ્યું હોય એમ મને લાગ્યું. હું ઊછળીને બિછાનામાંથી બહાર નીકળ્યો અને રિસિવર ઝડપી લઈને મેં ઘાંટો પાડયો:

"હલ્લો!"

"આમ કણકણાટ શું કરવા કરે છે?" મિશા બોલ્યો.

"હું તો કણકણાટ નથી કરતો."

"કણકણાટ બંધ કર અને સરખી રીતે વાત કર!" મિશાએ બરાડો પાડયો. એને ખૂબ ખીજ ચડી હોય એમ લાગ્યું.

"પણ હું તો સરખી રીતે વાત કરું છું. કણકણાટ શું કરવા કરું?"

"રંગલો બનવું રહેવા દે. અને તારી કને ડુક્કર હોય એ માનવા હું તૈયાર જ નથી."

"પણ અહીંયાં ડુક્કર છે જ નહિ. હું કહું છું તે સમજતો કેમ નથી?" મેં બરાડો પાડયો. મને પણ ખીજ ચડી ગઈ.

મિશા કંઈ ન બોલ્યો.

એક મિનિટ પછી એ ધડધડાટી કરતો મારા ઓરડામાં આવી પહોંચ્યો.

"ટેલિફોનમાં ડુક્કર જેવા અવાજ કરવાનો શો અર્થ છે?"

"હું એવું કંઈ નહોતો કરતો."

"મેં સાફ એવા અવાજ સાંભળેલા."

"પણ હું ડુક્કર જેવા અવાજ શું કરવા કરું?"

"મને શી ખબર પડે? મને તો ફક્ત એટલી ખબર છે કે મારા કાનમાં કણકણાટનો અવાજ સંભળાતો હતો. તું નીચે જઈને જાતે ખાતરી કરી લે."

હું નીચે એના ઘરમાં ગયો અને ટેલિફોન જોડીને મેં ઘાંટો પાડયો:

"હલ્લો!"

"કણકણ... કર્ર્ર્... કણકણ... કર્ર્ર્!" મને ફક્ત એવો અવાજ સંભળાયો.

હું સમજી ગયો કે આમ કેમ થાય છે અને મિશાને કહેવા હું દોડતો ઉપર પહોંચ્યો.

"વાંક તારો જ છે," મેં કહ્યું. "તેં જ ટેલિફોનનો ખેધો લઈને એને બગાડી નાખ્યો છે."

"કેવી રીતે?"

"રિસિવરના સ્ક્રૂ ખોલેલા ત્યારે અંદર કંઈક ખરાબ કરી નાખ્યું છે."

"ટેલિફોન પાછો ફિટ કરવામાં ભૂલ કરી હશે," મિશા બોલ્યો. "ભૂલ ગોતી કાઢવી પડશે."

"કેવી રીતે ગોતી કાઢીશ?"

"તારો ટેલિફોન ખોલીને જોઈ લઈશ કે અંદરથી કેવી રીતે બનાવેલો છે."

"ના, એમ નહિ બને! તને મારો ટેલિફોન બગાડી નાખવા નહિ દઉં."

"તું ગભરાતો નહિ, હું બહુ કાળજીથી બધું કરીશ. મારો ટેલિફોન ઠીક નહિ થાય તો આપણે ટેલિફોનનો ઉપયોગ જ નહિ કરી શકીએ."

મારે માની લેવું પડયું અને એ તરત જ કામે લાગી ગયો. એ કેટલીય વાર સુધી ટેલિફોન જોડે ખેલ કરતો રહ્યો અને આખરે જયારે એની "કારીગરી" પૂરી થઈ ત્યારે ટેલિફોન કામ કરતો જ બંધ થઈ ગયો. ટેલિફોનમાં કણકણાટ સુદ્ધાં સંભળાતો બંધ થઈ ગયો.

"હવે શું કરીશું?" હું બોલ્યો.

"મારી વાત સાંભળ," મિશાએ કહ્યું. "ચાલ, આપણે ટેલિફોનને દુકાને લઈ જઈને એ લોકોને કહીએ કે મરામત કરી આપે."

અમે દુકાને ગયા પણ એ લોકોએ કહ્યું કે અમારે ત્યાં ટેલિફોનની મરામત નથી થતી અને ક્યાં થઈ શકે એની અમને ખબર નથી. એ દિવસે મિશા અને હું ખૂબ ઉદાસ થઈ ગયા. પછી મિશાના મનમાં એક ખ્યાલ આવ્યો:

"આપણે સાવ ગધેડા છીએ! આપણે એકબીજાને તાર કરી શકીએ."

"કેવી રીતે?"

"ટપકાં ને લીટીઓ. ટેલિફોનની ઘંટડી તો હજી બરાબર કામ કરે છે. આપણે એનો ઉપયોગ કરી શકીએ. ટૂંકો રણકાર એટલે ટપકું, અને લાંબો રણકાર એટલે લીટી. આપણે મોર્સ પદ્ધતિ શીખી લઈશું એટલે એકબીજાને સંદેશા મોકલી શકીશું."

અમે મોર્સ પદ્ધતિની ચોપડી હાંસલ કરી લીધી અને શીખવાનું શરૂ કરી દીધું. એક ટપકું અને એક લીટી એટલે **અ**, એક લીટી અને ત્રણ ટપકાં એટલે **બ**, વગેરે. થોડા વખતમાં અમે બધા અક્ષરો શીખી લીધા અને સંદેશાઓની આપલે કરવા લાગ્યા. શરૂઆતમાં અમારો વેગ ખૂબ ધીમો હતો પરંતુ થોડા વખત પછી અમે ખરેખરા તાર કારકુનોની માફક ઝડપથી ઘંટડી રણકાવતા થઈ ગયા. તારના સંદેશા મોકલવામાં અમને ટેલિફોનની વાતચીતથી પણ વધારે મજા પડતી. પણ અમારી એ મજા લાંબી ચાલી નહિ. એક દિવસે સવારે મેં મિશાને તારસંદેશો મોકલ્યો. પણ મને કશો જવાબ મળ્યો નહિ. મને થયું કે મિશા હજી સૂતો હશે. થોડી વાર પછી મેં ફરી વાર ઘંટડી રણકાવી પણ તોયે કંઈ જવાબ ન મળ્યો. હું નીચે એને ઘેર ગયો અને બારણું ખખડાવ્યું. મિશાએ બારણું ઉઘાડયું.

"હવે બારણું ખખડાવવાની જરૂર નથી, એને બદલે ઘંટડી વગાડવાની."

એણે બારણા ઉપર લગાવેલા બટન તરફ આંગળી ચીંધી.

"એ શું છે?"

"ઘંટડી."

"હોય નહિ!"

"હા વળી. વીજળીની ઘંટડી. હવે તું આવે ત્યારે બારણું ન ખખડાવતો પણ ઘંટડી વગાડજે."

"ઘંટડી તને ક્યાંથી મળી?"

"મેં જાતે જ બનાવી લીધી."

"કેવી રીતે?"

"ટેલિફોનમાંથી."

"શું?"

"હા. મેં ઘંટડી અને બટન બન્ને ચીજો ટેલિફોનમાંથી કાઢી લીધી. બૅટરી પણ. રમકડાને શું કરવું છે! એમાંથી કંઈ ઉપયોગી ચીજ બની શકતી હોય તો બનાવી લેવી સારી."

"પણ તને ટેલિફોનની ચીજો નોખી પાડી નાખવાનો હક જ નહોતો," મેં કહ્યું.

"કેમ નહિ? મેં તો મારા ટેલિફોનની ચીજો કાઢી લીધી છે, તારા ટેલિફોનની નહિ."

"સાચી વાત, પણ ટેલિફોન આપણો બન્નેનો હતો. મને પહેલેથી ખબર હોત કે તું ટેલિફોન ખોલીને તેની બધી ચીજો નોખી નોખી કરી નાખીશ તો મેં તારી જોડે પૈસા મિલાવીને ટેલિફોન ન જ ખરીદયો હોત. કામ ન કરે એવા ટેલિફોનની મારે જરૂર નથી."

"તારે ટેલિફોનની જરૂર જ નથી. આપણે એકબીજાથી બહુ આઘા નથી રહેતા. મારી જોડે વાત કરવી હોય તો તું ગમે ત્યારે દાદરો ઊતરીને નીચે આવી શકે."

"હું તારી જોડે ક્યારેય વાત જ નથી કરવા માગતો," મેં કહ્યું અને હું બહાર નીકળી ગયો.

મને એની ઉપર એટલી ખીજ ચડેલી કે ત્રણ આખા દિવસ હું એની જોડે બોલ્યો નહિ. મને સાવ એકલું એકલું લાગતું હતું એટલે મેં પણ મારો ટેલિફોન ખોલી નાખીને એમાંથી બારણાની ઘંટડી બનાવી લીધી, પણ મિશાની જેમ નહિ. મેં તો મારી ઘંટડી બરાબર સરખી રીતે બનાવી. બૅટરી બારણા પાસે અભરાઈમાં મૂકી અને પછી તેના તારને દીવાલ ઉપરથી લઈ જઈને ઘંટડી તથા બટન સાથે જોડી દીધો. મેં બટનના સ્ક્રૂ બરાબર કસી દીધા એટલે મારું બટન મિશાના બટનની જેમ એક ખીલીના આધારે લટકતું નહોતું. કામ સરખી રીતે કરવા બદલ મા અને બાપુએ પણ મને સાબાશી આપી.

હું મિશાને મારી ઘંટડી વિશે જણાવવા નીચે ગયો.

મેં એને બારણે લગાવેલું બટન દબાવ્યું પણ કોઈએ બારણું ન ઉઘાડયું. મેં બટન કેટલીય વાર દબાવી જોયું પણ અંદર ઘંટડી વાગવાનો અવાજ મને ન સંભળાયો. આખરે મેં બારણું ખખડાવ્યું. મિશાએ બારણું ઉઘાડયું.

"ઘંટડીને શું થઈ ગયું છે? ખરાબ થઈ ગઈ છે કે શું?"

"હા, ખરાબ થઈ ગઈ છે."

"શું ખોટકો પડયો છે?"

"મેં બૅટરી ખોલી નાખી."

"શું કર્યું?"


"મારે જોવું'તું કે બૅટરી શાની બનેલી છે."

"તો હવે ટેલિફોન કે ઘંટડી વગર તું શું કરવાનો?" મેં પૂછ્યું.

"અરે, ગમે તેમ ચલાવી લઈશ," એણે નિસાસો નાખીને જવાબ આપ્યો.

હું કોયડાનો વિચાર કરતો ઘેર ગયો. મિશા આમ કેમ કરતો રહેતો હશે? બધી ચીજોને તોડી નાખવાનું જ એને કેમ સૂઝતું હશે? મારા દિલમાં એને માટે ખૂબ અફસોસ પેદા થયો.

એ રાતે મને કેટલીય વાર સુધી નીંદર ન આવી. હું અમારા ટેલિફોન વિશે અને તેમાંથી બનાવેલી ઘંટડી વિશે વિચાર કરતો પડી રહ્યો. પછી મારા મનમાં વીજળીના વિચારો ઊઠયા. બેટરીની અંદર વીજળી ક્યાંથી આવતી હશે? ઘરમાં સૌ ઊંઘી ગયાં હતાં પણ હું બિછાનામાં પડયો પડયો એવી બધી બાબતો વિશે વિચાર કરતો રહ્યો. થોડી વાર પછી હું ઊભો થયો અને મેં બત્તી સળગાવી. પછી અભરાઈ ઉપરથી બેટરી લઈને તેને ખોલી નાખી. તેની અંદર કોઈ જાતનું પ્રવાહી હતું અને તેમાં નાનકડી કાળી લાકડી જેવું કંઈક ડુબાડેલું હતું. કાળી લાકડી કપડાના કકડામાં લપેટેલી હતી. તો આમ વાત છે! વીજળી પ્રવાહીમાંથી આવે છે. મેં બેટરી કાળજીથી પાછી અભરાઈમાં મૂકી દીધી અને હું બિછાનામાં પડયો. મને તરત જ નીંદર આવી ગઈ.



ઠપ ઠપ! ઠપાઠપ!

આ વરસે ઉનાળામાં મિશા, કોસ્ત્યા, અને હું અમારા પાયોનિયર ગ્રૂપનાં બાકીનાં બાળકો કરતાં એક દિવસ વહેલા ગામડે ગયા. અમારે વહેલા જઈને બાકીનાં બાળકો આવે તે પહેલાં રહેવાનું ઘર ઠીકઠાક કરી રાખવાનું હતું. અમે અમારા આગેવાન વીત્યાને સમજાવીને વહેલા જવાની પરવાનગી મેળવી લીધી હતી કેમ કે અમારે બને એટલા જલદી ગામડે પહોંચી જવું હતું.

વીત્યા અમારી ભેગો આવ્યો. અમે પહોંચ્યા ત્યારે ઘરની સફાઈનું કામ લગભગ ખતમ થઈ જવા આવ્યું હતું. અમે તરત જ કામે લાગી ગયા. અમે ચિત્રો ટાંગ્યાં, રંગીન પોસ્ટરો દીવાલ ઉપર લગાવ્યાં. અને રંગબેરંગી કાગળની નાનકડી વાવટીઓનાં તોરણ બનાવીને છત નીચે બાંધ્યાં. પછી અમે પુષ્કળ

વગડાઉ ફૂલ ભેગાં કરીને ગુચ્છા બનાવ્યા અને બારીની પાળ ઉપર ગોઠવ્યા. અમારું કામ પૂરું થયું ત્યારે ઘર ખરેખર મજાનું લાગતું હતું.

સાંજે વીત્યા પાછો શહેરમાં ચાલ્યો ગયો. મકાનની દેખભાળ કરનારી બાઈ માર્યા માક્સીમોવ્ના બાજુમાં જ એક નાનકડા ઘરમાં રહેતી હતી. તેણે આવીને અમને રાતનું સૂવાનું પોતાને ત્યાં રાખવા કહ્યું. તેને એમ હતું કે ખાલી ઘરમાં રાતે એકલા સૂતાં અમને કદાચ બીક લાગશે. પણ મિશાએ તેને જણાવ્યું કે અમને કશી વાતની બીક નથી.

માર્યા માક્સીમોવ્ના ચાલી ગઈ ત્યાર પછી અમે સમોવાર સળગાવ્યો અને પાણી ઊકળે તેની વાટ જોતા ઉંબરા ઉપર બેઠા.

ગામડામાં બધું કેવું સોહામણું લાગતું હતું! બોર જેવડાં રાતાં ફળનાં મોટાં મોટાં ઝાડ ઘરને અડીને ખડાં હતાં અને વાડની પાસે ખૂબ ઊંચી અને પુરાણી લીંબુડીઓની કતાર હતી. તેની ડાળીઓ પર ઠેર ઠેર કાગડાના માળા હતા અને કાગડા ઝાડવાંની ઉપર ચકરાવા લેતા બધો વખત કા કા કર્યા કરતા હતા. પાંખાળાં જીવડાંનો ગણગણાટ હવામાં ગુંજી રહ્યો હતો. જીવડાં ચારે બાજુએ ઊડી રહ્યાં હતાં. કેટલાંક તો ઊડતાં ઊડતાં સીધા ભીંત જોડે ભટકાઈને નીચે પટકાઈ પડતાં. એ રીતે બેહોશ જેવા થઈ ગયેલાં કેટલાંક જીવડાંને મિશાએ એક ડબ્બીમાં ભેગાં કરી લીધાં.

વનની પાછળ સૂરજ ડૂબવા લાગ્યો અને વાદળાં જાણે આગ લાગી હોય એમ લાલ ચળકાટ મારવા લાગ્યાં. દેખાવ એટલો મજાનો હતો કે મારા રંગો મારી પાસે હોત તો મેં ચોક્કસ ચિત્ર બનાવ્યું હોત અને તેમાં ઉપર ગુલાબી વાદળાં તથા નીચે અમારો સમોવાર ચીતર્યો હોત, જહાજના ભૂંગળામાંથી નીકળતા ધુમાડાની જેમ સમોવારના ધુમાડિયામાંથી ધુમાડાની સેર નીકળી રહી હોત.

થોડી વાર પછી આસમાનમાં લાલ ચળકાટ અદૃશ્ય થઈ ગયો. વાદળો ભૂખરા પહાડો જેવાં દેખાવા લાગ્યાં. દેખાવ તદ્દન પલટાઈ ગયો અને અમને એમ લાગવા માંડયું કે જાણે જાદુના જોરે અમે કોઈ અજબ દેશમાં પહોંચી ગયા છીએ.

સમોવારમાં પાણી ઊકળવા લાગ્યું એટલે અમે તેને અંદર લઈ ગયા અને બત્તી પેટાવીને ચા પીવા બેઠા. ખુલ્લી બારીમાંથી ફૂદાંપતંગિયાં ઊડતાં અંદર આવીને બત્તી ફરતે ચકરાવા લેવા લાગ્યાં. એ નીરવ ખાલી ઘરમાં એકલા બેસીને સમોવારમાં ઊકળતા પાણીના હળવા ફફકારા સાંભળતાં સાંભળતાં ચા પીવામાં અમે કશીક અજબ મોજની લાગણી અનુભવી.

ચા પીને અમે સૂવાની તૈયારી કરી. મિશાએ બારણાનું તાળું અંદરથી બંધ કરી દીધું અને હેન્ડલને દોરી બાંધી દીધી.

"દોરી કેમ બાંધી?" અમે પૂછ્યું.

"ચોરલૂંટારા ઘરમાં ન ઘૂસી આવે એટલા માટે."

એની વાત સાંભળીને હસી પડતાં અમે કહ્યું: "ડરતો નહિ, આ તરફ ચોરલૂંટારાની બીક નથી."

"મને ડર નથી," એણે જવાબ આપ્યો. "પણ ક્યારે શું બની જાય એ કંઈ કહેવાય નહિ. આપણે બારીઓ પણ બંધ કરી દઈએ તો સારું."

અમે વળી પાછા હસી પડયા પણ ખતરા કરતાં સલામતીને બહેતર માનીને બારીઓ બંધ કરી દીધી. ઘાંટા પાડયા વગર વાતો કરી શકાય એટલા ખાતર અમે અમારા ખાટલા જોડાજોડ કરી દીધા.

મિશાએ કહ્યું કે હું વચમાં સૂઈશ.

"તારો ઈરાદો એવો છે કે ચોરલૂંટારા પહેલાં અમને મારી નાખે, ખરું ને?" કોસ્ત્યા બોલ્યો. "સારું, અમને બીક નથી."

પણ મિશાને એટલાથીયે સંતોષ ન થયો. બિછાનામાં લંબાવતા પહેલાં એ રસોડામાં જઈને મોટી છરી લઈ આવ્યો અને તેને તકિયા નીચે મૂકી. કોસ્ત્યા અને હું એટલું બધું હસ્યા કે અમારાં પેટ દુ:ખી ગયાં.

"ભૂલથી ક્યાંક અમારાં ગળાં ન કાપી નાખતો!" અમે કહ્યું. "અંધારામાં અમને ચોરલૂંટારા સમજી લેશે તો ભારે આફત આવી પડશે."

"બીવાની જરૂર નથી, હું જરાય ભૂલ નહિ કરું," મિશા બોલ્યો.

અમે બત્તી ઓલવી નાખી અને ધાબળા નીચે ઘૂસી જઈને અંધારામાં માંહોમાંહે વાર્તાઓ કહેવા લાગ્યા. પહેલાં મિશાએ વાર્તા સંભળાવી, પછી મારો વારો આવ્યો, અને છેલ્લે કોસ્ત્યાએ અમને એવી લાંબી અને ભયાનક વાર્તા કહી સંભળાવી કે મિશાએ દહેશતમાં માથું ધાબળાની અંદર છુપાવી દીધું. એને વધારે ડરાવવાના ઈરાદે કોસ્ત્યાએ ભીંત ઉપર ઠપ ઠપ કરતાં કહ્યું કે કોઈ બારણું ખખડાવે છે. કોસ્ત્યા એટલી બધી વાર ઠપ ઠપ કરતો રહ્યો કે મને પણ બીક લાગી ગઈ અને મેં એને ટીખળ બંધ કરવા કહ્યું.

આખરે કોસ્ત્યાએ અટક્ચાળા બંધ કર્યા. મિશાનું મન શાંત થયું અને એ ઊંઘી ગયો. કોણ જાણે કેમ પણ કોસ્ત્યાને અને મને નીંદર ન આવી. ચોમેર એવી નીરવતા છવાયેલી હતી કે મિશાએ ડબ્બીમાં પૂરેલાં જીવડાંનો સળવળાટ અમે સાંભળી શકતા હતા. બારીઓ બંધ હતી એટલે ઓરડામાં ઊંડા ભોંયરા જેવું ઘોર અંધારું હતું. નીરવતામાં કાન માંડીને અને અંધારામાં હોઠ ફફડાવીને અરસપરસ વાતો કરતા અમે કેટલીય વાર સુધી પડી રહ્યા. આખરે બારીઓની તરડો વાટે ઝાંખા અજવાળાનો આભાસ વરતાયો. પરોઢ થઈ રહ્યું હતું. મને ઝોકું આવી ગયું હશે કેમ કે ઠપ ઠપ અવાજ સાંભળીને હું સફાળો જાગી ગયો.

ઠપ ઠપ! ઠપાઠપ!

મેં કોસ્ત્યાને જગાડયો.

"કોઈ બારણું ખખડાવે છે!"

"અત્યારે કોણ હશે?"

"ચુપ! સાંભળ!"

એક મિનિટ બધું શાંત — પછી વળી અવાજ આવ્યો: ઠપ ઠપ!

"હા, કોઈ બારણું ખખડાવે છે. કોણ હશે?" કોસ્ત્યા બોલ્યો.

અમે શ્વાસ રોકીને કાન માંડયા. બારણું ખખડવાનો અવાજ સંભળાયો નહિ. અમને થયું કે અવાજ અમે સપનામાં સાંભળ્યો હશે.

એટલામાં વળી પાછો અવાજ સંભળાયો: ઠપ ઠપ! ઠપાઠપ!

"ચુપ!" કોસ્ત્યા મારા કાનમાં ગણગણ્યો. "આપણે જાણે સાંભળતા જ ન હોઈએ એવો ઢોંગ કરીએ. એથી કદાચ એ લોકો ચાલ્યા જશે."

થોડી વાર પછી વળી અવાજ આવ્યો: ઠપ ઠપ!

"અરે, એ લોકો તો હજી છે!" કોસ્ત્યા બોલી ઊઠયો.

"કદાચ શહેરમાંથી કોઈ આવ્યું હશે?" મેં કહ્યું.

"આવે ટાણે કોણ આવે? આપણે ચુપચાપ પડયા રહીએ અને વાટ જોઈએ. ફરી વાર બારણું ખખડાવશે તો પૂછીશું કે કોણ છે."

અમે વાટ જોતા રહ્યા પણ કોઈએ બારણું ખખડાવ્યું નહિ.

"ચાલ્યા ગયા હશે," કોસ્ત્યા બોલ્યો.

અમને જરાક નિરાંત લાગવા માંડી હતી ત્યાં વળી પાછો અવાજ થયો: ઠપ ઠપ ઠપાઠપ!

હું ચોંકી જઈને બિછાનામાં બેઠો થઈ ગયો. મેં કહ્યું: "ચાલ, જઈને પૂછીએ કે કોણ છે."

અમે હળવે પગલે બારણા પાસે ગયા.

"કોણ છે?" કોસ્ત્યાએ સવાલ કર્યો.

કશો જવાબ ન મળ્યો.

"કોણ છે?" કોસ્ત્યાએ અવાજ મોટો કરીને ફરી વાર પૂછ્યું.

જવાબ જ નહિ. મેં કહ્યું: "ચાલ્યા ગયા હશે."

અમે પાછા ગયા. અમે માંડ બિછાને પહોંચેલા એટલામાં વળી પાછો અવાજ સંભળાયો:

ઠપ ઠપ! ઠપાઠપ!

અમે એકદમ બારણા પાસે ધસી ગયા: "કોણ છે?"

ચુપકી.

"માણસ બહેરો હશે કે શું!" કોસ્ત્યા બોલ્યો. અમે કાન માંડીને ઊભા રહ્યા. બહાર કંઈક સળવળાટ થતો હોય એમ લાગ્યું.

"કોણ છે?"

કોઈએ જવાબ ન આપ્યો.

અમે પાછા બિછાને ગયા અને શ્વાસ રોકીને બેઠા. એકાએક અમને ઉપર છાપરામાં કશોક ખખડાટ થતો સંભળાયો અને પછી ટિનના છાપરામાં ધડાક કરતો અવાજ થયો.

"એ લોકો છાપરા ઉપર ચડી ગયા લાગે છે," કોસ્ત્યા બોલ્યો.

ધડાક! ધૂમ! ધડાક! હવે અવાજ છાપરાના દૂરના છેડા તરફથી આવી રહ્યો હતો.

"બે જણ હોય એમ લાગે છે," હું બોલ્યો. "છાપરા ઉપર શું કરતા હશે?"

અમે કૂદીને બિછાનામાંથી બહાર નીકળ્યા અને જોડેના ઓરડાનું બારણું વાસી દીધું. મેડા ઉપર જવાની સીડી એ ઓરડામાં હતી. અમે જમવાનું ટેબલ ધકેલીને બારણા આડું ગોઠવી દીધું અને તેને અડીને એક નાનું ટેબલ ગોઠવ્યું. પછી એક ખાટલો એ બન્ને ટેબલની જોડાજોડ ગોઠવ્યો. પણ છાપરા ઉપર

થતો ધડધડાટ ચાલુ રહ્યો. ઘડીક એક તરફ, ઘડીક બીજી તરફ, અને ઘડીક બન્ને બાજુએ ધડધડાટ થતો રહ્યો. છાપરા ઉપર ત્રણ જણ હોય એમ લાગતું હતું. એટલામાં કોઈએ વળી પાછું બારણું ખખડાવવાનું શરૂ કરી દીધું.

"કદાચ કોઈ આપણને ડરાવવા આમ કરતું હશે," હું બોલ્યો.

"આપણે એ લોકોની ઉપર હલ્લો બોલાવીને આપણને જાગતા રાખવા બદલ બરાબર મેથીપાક ચખાડીએ તો કેમ?" કોસ્ત્યાએ કહ્યું.

"વધારે સંભવ તો એ લોકો આપણને મેથીપાક ચખાડે એવો છે. કોને ખબર, કદાચ વીસ જણ હોય!"

"એમ પણ બને કે ત્યાં કોઈ માણસ જ ન હોય!"

"માણસ નહિ તો બીજું કોણ હોય?"

"કદાચ ભૂત હોય!"

"એમ ન બને, ભૂત તો વાર્તાઓમાં જ હોય. બીક તો આમેય લાગે છે, આવા તરંગો ચગાવીને બીક વધારવાની જરૂર નથી."

એ બધા વખત દરમિયાન મિશા ઘસઘસાટ ઊંઘતો જ રહ્યો. એણે કશું ન સાંભળ્યું.

"હવે મિશાને ઉઠાડીએ," મેં કહ્યું.

"ના. એને ઊંઘવા દે," કોસ્ત્યા બોલ્યો. "કેવો ડરપોક છે એની તો તને ખબર જ છે. બીકનો માર્યો પાગલ થઈ જશે."

અમને સખત ઊંઘ આવી રહી હતી. એમ લાગતું હતું કે ક્યાંક ઊભા ઊભા જ ઊંઘી જઈશું. આખરે કોસ્ત્યાથી વધારે સહન ન થયું. બિછાનામાં લંબાવીને એણે કહ્યું:

"આ બધી નકામી માથાકૂટથી હું તો કંટાળી ગયો છું. એ લોકો છાપરા ઉપર ભલે પોતાનાં માથાં ભાંગે. હું તો સૂઈ જાઉં છું."

મેં મિશાના તકિયા નીચેથી છરી કાઢીને મારી બાજુમાં મૂકી, અને પછી બિછાનામાં લાંબો થઈને હું નીંદરમાં પડવાની કોશિશ કરવા લાગ્યો. છાપરા ઉપર થતો અવાજ રફતે રફતે ધીમો પડતો ગયો અને જાણે ટિનના છાપરા ઉપર વરસાદનાં ટીપાં પડતાં હોય એવો થઈ ગયો. મને નીંદર આવી ગઈ.

બારણું ધડાધડ ખખડવાનો અવાજ સાંભળીને અમે જાગી ગયા. દિવસનું અજવાળું ચમકી રહ્યું હતું અને બહાર આંગણમાં જબ્બર ધમાલ ચાલી રહી હતી. મેં છરી હાથમાં ઝડપી લીધી અને હું દોડતો બારણા પાસે પહોંચી ગયો.

"કોણ છે?" મેં ઘાંટો પાડ્યો.

"બારણું ખોલો જલદી! તમને થયું છે શું? અમે અરધા કલાકથી બારણું ખખડાવી રહ્યા છીએ!" અવાજ અમારા પાયોનિયર આગેવાન વીત્યાનો હતો.

મેં બારણું ઉઘાડ્યું અને બધા છોકરા સડસડાટ ઘરમાં ભરાઈ ગયા. વીત્યાની નજર છરી ઉપર પડી.

"આ છરી શું કામ હાથમાં રાખી છે?" એણે પૂછ્યું. "અને આ કિલ્લેબંધી કેમ કરી છે?"

કોસ્ત્યાએ અને મેં રાતમાં બનેલી આખી વાત કહી સંભળાવી. પણ છોકરા માનવા તૈયાર નહોતા. સૌ હસી પડીને કહેવા લાગ્યા કે અમે ખોટી બીકમાં તરંગના ઘોડા દોડાવ્યા હશે. કોસ્ત્યાને અને મને એટલું બધું માઠું લાગ્યું કે અમે લગભગ રડવા જેવા થઈ ગયા.

બરાબર એ જ ઘડીએ છાપરા ઉપરથી ખખડાટ સંભળાયો.

"ચુપ!" કોસ્ત્યા બોલી ઊઠયો અને એણે આંગળી ઉપર ચીંધી.

છોકરા શાંત થઈ ગયા. ઠપ ઠપ! ઠપાઠપ! અવાજ સાફ સંભળાતો હતો. છોકરા એકબીજાની ઉપર નજર માંડવા લાગ્યા. કોસ્ત્યા ને હું બારણું ઉઘાડીને બહાર ગયા. બધા છોકરા અમારી પાછળ પાછળ આવ્યા. અમે સૌ ઘરથી જરાક આઘે જઈને ઊભા રહ્યા અને છાપરા ઉપર નજર કરી. ત્યાં એક સાદો સાધારણ કાગડો હતો. કાગડો કોઈ ચીજને ચાંચ મારી રહ્યો હતો અને એથી ટિનના છાપરામાં 'ઠપ ઠપ! ઠપાઠપ!' અવાજ થતો હતો.

કાગડાને જોઈને બધા છોકરા ખડખડાટ હસી પડયા અને કાગડો ગભરાઈ જઈને પાંખ ફફડાવતો ઊડી ગયો.

કેટલાક છોકરા એક નિસરણી લઈ આવ્યા અને છાપરા ઉપર ચડયા.

"આખું છાપરું ગયા વરસનાં ફળોથી ભરેલું છે!" એમણે ઉપરથી સાદ પાડીને અમને કહ્યું. "કાગડો એક ફળને ચાંચ મારી રહ્યો હતો."

અમે વિચારમાં પડી ગયા કે ફળ છાપરા ઉપર કેવી રીતે પહોંચી ગયાં હશે. એટલામાં અમારી નજર એક ઝાડની ડાળીઓ ઉપર પડી. ડાળીઓ ઘરની ઉપર ફેલાયેલી હતી. ફળ પાકે ત્યારે સીધાં છાપરા ઉપર જ પડે.

"પણ બારણું કોણે ખખડાવ્યું હશે?" હું બોલ્યો.

"હા વળી," કોસ્ત્યા પણ બોલી ઊઠયો. "કાગડા ઘરના બારણા ઉપર ઠપ ઠપ શું કરવા કરે? તમે હમણાં કદાચ એમ કહેશો કે કાગડા ઘરની અંદર આવીને અમારી જોડે રાત ગાળવા માગતા હશે."

એનો જવાબ કોઈને ન સૂઝયો. બધાય છોકરા બારણું તપાસવા દોડી ગયા. ઉંબરા પાસે પડેલું એક રાતું ફળ હાથમાં લેતો વીત્યા બોલ્યો:

"કાગડા બારણું ખખડાવતા જ નહોતા. એ તો ઉંબરા પાસે પડેલાં ફળ ચાંચમાં ઉઠાવતા હશે અને તમને લાગ્યું હશે કે કોઈ બારણું ખખડાવે છે."

અમે ઉંબરા તરફ નજર ફેરવીને જોયું તો ત્યાં ખરેખર થોડાંક ફળ પડયાં હતાં.

છોકરાઓએ હસતાં હસતાં અમારી ખૂબ ઠેકડી ઉડાડી: "કેવા બહાદુરો! ત્રણ ત્રણ જણા એક કાગડાથી બી ગયા!"

"અમે બે જ હતા, મિશા તો બધો વખત ઊંઘતો જ રહ્યો હતો," મેં કહ્યું.

"આ તો મજાની વાત, મિશા!" છોકરા બોલી ઊઠયા. "તને એકલાને જ કાગડાની બીક ન લાગી, ખરું ને?"

"મને જરાય બીક નહોતી લાગી," મિશા બોલ્યો. "હું તો લહેરથી નીંદરમાં પડેલો. મને કશો અવાજ નહોતો સંભળાયો."

ત્યારથી મિશા હંમેશાં બહાદુર ગણાય છે અને હું ને કોસ્ત્યા ડરપોક.



બાગવાનોની જોડી

ગયે ઉનાળે અમે પાયોનિયર કેમ્પમાં પહોંચ્યા ત્યાર પછી એક કે બે દિવસે અમારા પાયોનિયર આગેવાન વીત્યાએ જાહેરાત કરી કે કેમ્પના કાર્યક્રમમાં શાકભાજીની વાડી બનાવવાનું કામ પણ સામેલ છે. કામની વ્યવસ્થા કેવી રીતે કરવી અને ક્યાં ક્યાં શાકભાજી વાવવાં તેની ચર્ચા કરવા અમે સૌ ભેગા થયા. એમ નક્કી થયું કે વાડીને નાના નાના પ્લોટમાં વહેંચી નાખવી અને દરેક પ્લોટની જવાબદારી બે પાયોનિયરોની બનેલી ટીમને સોંપી દેવી. જે ટીમનો પ્લોટ સૌથી સરસ સાબિત થાય તેને ઇનામ આપવાનું પણ નક્કી થયું. એ ઉપરાંત એવો નિર્ણય પણ લેવામાં આવ્યો કે આગળ વધી ગયેલી ટીમો પાછળ રહી જનારી ટીમોને મદદ કરે જેથી જમીન સરખી રીતે ખેડાય અને સારો પાક ઊપજે.

મિશાએ અને મેં જઈને કહ્યું કે અમે બન્ને એક જ ટીમમાં સાથે કામ કરવા માગીએ છીએ. કેમ્પમાં આવતાં પહેલાં અમે નક્કી કરેલું કે બેઉ ભેગા કામ કરીશું. ભેગા મળીને માછલાં પકડવા જઈશું, બધું ભેગા જ કરીશું.

વાદિક ઝાઈત્સેવે દરખાસ્ત મૂકી કે ખોદવાનું કામ સૌથી પહેલાં ખતમ કરી લે એ ટીમને ફતેહ ઝંડો ઈનામમાં આપવામાં આવે. દરખાસ્તને સૌએ બહાલી આપી અને એમ નક્કી થયું કે એ ઝંડો પછી સૌથી સારી રોપણી કરનારી ટીમને અને ત્યાર બાદ સૌથી સારું નીંદણકામ કરનારી ટીમને આપવો. છેલ્લે સૌથી સારો પાક પેદા કરનારી ટીમ એ ઝંડાને વાજતેગાજતે શહેરમાં પાછો લઈ જાય.

મિશાએ અને મેં ઝંડો જીતી લેવાનો નિર્ધાર કર્યો.

"આપણે શરૂઆતમાં જ ઝંડો જીતી લઈશું અને આખો ઉનાળો એને આપણા હાથમાંથી જવા જ નહિ દઈએ. ઝંડો આપણા કબજામાં જ પાછો શહેરમાં જશે," મિશા બોલ્યો.

અમારા કેમ્પને નદીકાંઠે જમીન મળી. અમે સૌ માપણી કરવાના અને પ્લોટની વહેંચણી કરવાના કામમાં લાગી ગયા. લાકડાના ખૂંટા જમીનમાં ખોડીને અને તેની ઉપર નંબરો લખીને પ્લોટ નોખા પાડવામાં આવ્યા. મને ને મિશાને ૧૨ નંબરનો પ્લૉટ મળ્યો. મિશાને સંતોષ ન થયો. એ વીત્યાને ફરિયાદ કરવા દોડી ગયો કે અમને સૌથી ખરાબ પ્લૉટ મળ્યો છે.

"તમારો પ્લૉટ સૌથી ખરાબ કેમ છે?" વીત્યાએ પૂછ્યું.

"બરાબર વચમાં ખાડો છે!"

"તેથી શું થયું?" વીત્યા હસી પડયો. "વળી એ કંઈ ખાડો નથી, એ તો ખરીનું નિશાન છે."

"એમાં ઝાડનું થડિયું છે," મિશા બબડયો.

"બીજાના પ્લૉટમાંયે થડિયાં છે."

પણ મિશા સાંભળવા જ નહોતો માગતો.

"થડિયું ખોદી કાઢવું પડશે," એ બોલી ઊઠયો.

"તો ખોદી કાઢજો. તમને મદદની જરૂર પડે તો બીજા છોકરા આવીને મદદ કરશે."

"આભાર. અમે પોતે જ કરી લઈશું," મિશા મોઢું ચડાવીને બોલ્યો. "અને બીજા કોઈને મદદની જરૂર પડે તો અમે મદદ કરવા આવીશું."

"એવી જ ભાવના રાખજો!" વીત્યા બોલ્યો.

સૌએ ખોદવાનું કામ શરૂ કરી દીધું. મિશા અને હું પણ કામે વળગી ગયા. પણ થોડી થોડી મિનિટે મિશા ખોદવાનું પડતું મૂકીને જોવા દોડી જતો કે બીજી ટીમોનું કામ કેવું ચાલે છે.

"તું કામમાં નહિ વળગી રહે તો થોડી વારમાં આપણે બીજી ટીમોથી ખૂબ પાછળ રહી જઈશું," મેં એને કહ્યું.

"તું ફિકર રહેવા દે, હું આંબી જઈશ," મિશાએ જવાબ આપ્યો.

એણે ખરેખર વેગથી કામ શરૂ કરી દીધું પણ થોડી વાર પછી એ વળી પાછો બીજાનું કામ જોવા દોડી ગયો.

તે દિવસે ઝાઝું કામ ન થયું કેમ કે થોડીક જ વાર પછી જમવાની ઘંટડી વાગી. મિશા અને હું જમ્યા પછી તરત જ પ્લૉટમાં જવા તૈયાર થઈ ગયા પણ વીત્યાએ અમને રોક્યા.

"આજે એટલું કામ બહુ છે. આપણે ફક્ત સવારે જ કામ કરીશું. જમ્યા પછી આરામ કરવાનો છે. નહિતર તમે પહેલે દિવસે વધારે પડતી મહેનત કરીને થાકી જશો અને બાકીના વખતમાં કામ જ નહિ કરી શકો."

બીજે દિવસે સવારે મિશા અને હું સૌથી પહેલા અમારા પ્લૉટમાં પહોંચી ગયા અને ખોદવાનું શરૂ કરી દીધું. થોડી વાર પછી મિશા વીત્યા પાસેથી માપવાની પટ્ટી લાવીને માપવા લાગ્યો કે કેટલી જમીન ખોદાઈ ગઈ છે અને કેટલી બાકી છે. ત્યાર પછી થોડુંક વધારે ખોદીને એણે વળી પાછું માપવાનું શરૂ કરી દીધું. એ વારે વારે માપી જોતો અને દરેક વખતે અમને ખબર પડતી કે ખોદવાનું કામ અમે પૂરતું નથી કર્યું.

"બેશક નથી જ કર્યું," મેં કહ્યું, "કેમ કે ખોદવાનું કામ હું એકલો જ કરું છું. તું તો ફક્ત માપવામાં જ પડ્યો છે."

એણે માપવાની પટ્ટી જમીન ઉપર ફેંકી દીધી અને ખોદવાનું શરૂ કરી દીધું. પણ એણે ઝાઝી વાર કોદાળી નહિ ચલાવી હોય ત્યાં તે જમીનમાં કોઈ મૂળિયા જોડે અથડાઈ. ખોદવાનું પડતું મૂકીને મિશા મૂળિયું ખેંચી કાઢવામાં પડ્યો. એણે ખૂબ મહેનત કરી પણ મૂળિયું બહાર નીકળ્યું જ નહિ. મૂળિયું ખેંચતો એ આખો પ્લૉટ પાર કરીને બાજુના પ્લૉટમાં થોડે દૂર સુધી ગયો.

"એને રહેવા દે!" મેં કહ્યું. "મૂળિયું ખેંચી કાઢવાની પંચાતમાં શું કરવા પડ્યો છે?"

"મને કેવી રીતે ખબર પડે કે એ અરધો માઈલ લાંબું હશે?"

"ભલે હોય, રહેવા દે."

"પણ ક્યાંક તો એનો છેડો આવવો જ જોઈએ ને, કે નહિ?"

"એથી તને શો ફેર પડવાનો છે?"

"મારો સ્વભાવ જ એવો છે. કંઈક શરૂ કરું એટલે મારે એને પૂરું કરવું જ પડે."

એણે મૂળિયું વળી પાછું બે હાથે પકડ્યું. મને ખીજ ચડી. મેં જઈને કોદાળીના ઘા વડે મૂળિયું કાપી નાખ્યું. મિશાએ પટ્ટી વડે મૂળિયું માપી જોયું.

"આમ જો, સાડા છ મિટર!" એ બોલ્યો. "તેં કાપી ન નાખ્યું હોત તો વીશ મિટર જેટલું નીકળ્યું હોત!"

મેં કહ્યું: "તું કામ કરવાને બદલે આવી બધી પંચાત કરતો રહીશ એની મને ખબર હોત તો હું તારા ભેગો કદી જોડાયો જ ન હોત."

"બહુ સારું, તને ગમે તો તું એકલો જ કામ કર. હું તને પરાણે મારા ભેગો કામ નથી કરાવતો."

"પ્લૉટનો મોટો ભાગ મેં એકલાએ જ ખોદી નાખ્યો છે તે પછી? ના, એમ નહિ બને. પણ આપણું કામ સૌથી પહેલું તો પૂરું નહિ જ થાય."

"કોણે કહ્યું? જઈને વાન્યા લોઝ્કિન અને સેન્યા બોબરોવનો પ્લૉટ જોઈ આવ. એ બન્ને તો આપણાથીયે પાછળ છે."

એ વાન્યા લોઝ્કિનના પ્લૉટ પાસે પહોંચી ગયો અને બન્નેની ઠેકડી ઉડાડવા લાગ્યો:

"જોયા મોટા ખોદનારા! થોડી વારમાં અમારે આવીને મદદ કરવી પડશે."

પણ એ બન્નેએ મિશાને ભગાડી મૂક્યો: "તું જઈને તારું કામ કર, નહિતર ક્યાંક અમારે જ આવીને તને મદદ કરવી પડશે."

મેં કહ્યું: "તું તો ભાઈ કમાલ છોકરો છે! તારું પોતાનું કામ જરાય કરતો નથી અને બીજાની ઠેકડી ઉડાડવા નીકળ્યો છે! તારા ભેગો જોડાયો એનો હવે મને અફસોસ થાય છે."

"ફિકર ના કર," એણે કહ્યું. "મને એક સરસ ખ્યાલ આવ્યો છે. તું જોજે તો ખરો, કાલે ઝંડો આપણા પ્લૉટ ઉપર ફરકતો હશે."

"તારું ભેજું ખસી ગયું છે," મેં કહ્યું. "આ પ્લૉટમાં હજી બે આખા દિવસની મહેનતનું કામ બાકી છે, અને તું આમ ને આમ કરતો રહીશ તો કામ પૂરું કરતાં ચાર દિવસ લાગશે."

"તું જોઈ લેજે ને! મારી તરકીબ હું તને પછી કહીશ."

"બહુ સારું, પણ અત્યારે તું કામ કરવા લાગી જા. જમીન આપમેળે નહિ ખોદાઈ જાય."

એણે કોદાળી હાથમાં લીધી પણ એ જ વખતે વીત્યાએ જણાવ્યું કે જમવાનો વખત થઈ ગયો છે. મિશા કોદાળી ખભે ચડાવીને સૌને મોખરે ભોજનખંડ તરફ ચાલ્યો.

જમ્યા પછી અમે સૌએ વીત્યાને ઝંડો બનાવવામાં મદદ કરી. અમે એક લાકડી ગોતી કાઢી, કપડું વેતરીને ઓટ વાળી લીધી, અને લાકડી ઉપર સોનેરી રંગ લગાવ્યો. વીત્યાએ ઝંડા ઉપર રૂપેરી રંગે શબ્દો લખ્યા: "ઉસ્તાદ બાગવાન". ઝંડો ખૂબ દેખાવડો બન્યો.

"ચાલો, આપણે એક ચાડિયો પણ બનાવી લઈએ," મિશા બોલ્યો. "ચાડિયો હશે તો કાગડા વાડીથી વેગળા રહેશે."

સૌને મિશાનો ખ્યાલ ખૂબ પસંદ આવ્યો. અમે એક વાંસડો લઈ આવ્યા. તેની ઉપર મથાળાથી જરાક નીચે એક નાની લાકડી આડી જડીને હાથ બનાવ્યા. પછી એક જૂના કોથળાનું ખમીસ બનાવ્યું અને ટોચ ઉપર એક હાંડલું ભરાવીને માથું બનાવ્યું. મિશાએ કોલસો લઈને હાંડલા ઉપર આંખો, નાક, મોં, વગેરે દોરી લીધું. ચાડિયો તૈયાર થઈ ગયો. ખરેખર બિહામણો! અમે ચાડિયાને વાડીની વચ્ચોવચ ખોડી દીધો અને તેને જોતા ખૂબ હસ્યા.

મિશાએ મને અલગ બોલાવીને કાનમાં કહ્યું: "સાંભળ મારી તરકીબ. આજે રાતે સૌ સૂઈ જાય એટલે આપણે આવીને આખો પ્લૉટ ખોદી લઈશું, ફક્ત જરાક જેટલી જમીન બાકી રહેવા દઈશું. એટલું તો આપણે કાલે સહેલાઈથી ખોદી લઈશું અને ઝંડો ચોક્કસ આપણને જ મળશે."

"તું કામ કરે તો," મેં કહ્યું. "તું તો બધો વખત ભાતભાતની નકામી પંચાત જ કર્યા કરે છે."

"આ વખતે હું ધડધડાટી બોલી જાય એવું કામ કરીશ, તું જોઈ લેજે."

"વારુ, પણ તું કામ નહિ કરે તો હુંયે નહિ કરું."

રાતે મિશા અને હું સૌની ભેગા સૂવા ગયા. પણ અમે તો સૂવાનો ફક્ત ઢોંગ જ કર્યો. બધે શાંતિ છવાઈ ગઈ એટલે મિશાએ મને પડખામાં કોણી મારી. મને નીંદર આવી ગઈ હતી. એણે જોરથી હોઠ ફફડાવતાં કહ્યું: "ઊઠ, આપણે રવાના થઈ જઈએ, નહિતર હાથ ઘસતા રહી જઈશું અને ઝંડો બીજા કોઈ લઈ જશે."

અમે ચુપચાપ ઓરડામાંથી બહાર નીકળી ગયા અને કોદાળીઓ લઈને ઉતાવળા અમારા પ્લૉટ તરફ ચાલ્યા. સરસ ચાંદની ફેલાયેલી હતી અને બધું સાફ દેખાતું હતું.

અમે થોડી મિનિટોમાં પ્લૉટમાં પહોંચી ગયા.

"આ રહ્યો આપણો પ્લૉટ," મિશા બોલ્યો. "વચમાં થડિયાની નિશાની હું બરાબર ઓળખું છું."

અમે કામે વળગી ગયા. આ વખતે મિશાએ ખરેખર ખૂબ મહેનત કરી અને થોડી વારમાં અમે થડિયા સુધી પહોંચી ગયા. અમે થડિયું ખોદી કાઢવાનું નક્કી કર્યું. ચોતરફ જમીન ખોદી નાખીને અમે પૂરી તાકાતથી થડિયું ખેંચવા લાગ્યા પણ થડિયું જરાય હલ્યું નહિ. અમારે કોદાળી વડે મૂળિયાં કાપી નાખવાં પડયાં. સખત મહેનત કરવી પડી પણ આખરે થડિયું બહાર નીકળી આવ્યું. પછી અમે જમીન સરખી કરી લીધી અને મિશાએ થડિયું બાજુના પ્લૉટમાં રોડવી દીધું.

"આ તો ઠીક ન કહેવાય," મેં કહ્યું.

"તો પછી આને આપણે ક્યાં નાખવાના?"

"આપણા પાડોશીના પ્લૉટમાં તો નહિ જ."

"સારું. ચાલ, નદીમાં ફેંકી દઈએ."

અમે થડિયું ઉપાડીને નદીએ લઈ ગયા. થડિયું ખૂબ ભારે હતું એટલે નદીએ પહોંચતાં સુધીમાં અમારો દમ નીકળી ગયો. પણ આખરે અમે તેને કાંઠા સુધી પહોંચાડી દીધું અને પાણીમાં પધરાવી દીધું. પાણીમાં છબકો થયો. થડિયાને અસંખ્ય મૂળિયાં લટકતાં હતાં એટલે પાણીમાં તરતું તે ઓકટોપસ જેવું લગતું હતું. તે દેખાતું બંધ થયું ત્યાં સુધી અમે તેને જોતા રહ્યા અને પછી પાછા ઘેર ગયા. અમે થાકીને લોથપોથ થઈ ગયા હતા એટલે અમારાથી વધારે ખોદાય એમ નહોતું. વળી અમારે તો હવે થોડુંક જ ખોદવાનું બાકી રહ્યં હતું.

બીજે દિવસે સવારે અમે બીજા સૌ કરતાં મોડા ઊઠયા. માડી રે, આખું શરીર એવું કળતું હતું કે બસ! અમારા હાથ દુખતા હતા, પગ દુખતા હતા, અને પીઠ તો જાણે ભાંગી ગઈ હોય એમ લાગતું હતું.

"આપણને આ શું થઈ ગયું?" મિશા બોલ્યો.

"એક ઝપાટે વધારે પડતું ખોદવાનું કાંમ," મેં કહ્યું.

થોડીક હલચલ કર્યા પછી અમને જરાક રાહત લાગી. નાસ્તો કરતી વેળા મિશા સૌની સામે ડંફાસ મારવા લાગ્યો કે ઝંડો તો ચોક્કસ અમે જ જીતી જવાના.

નાસ્તો પૂરો થયો એટલે અમે સૌ વાડીએ જવા નીકળ્યા. મિશાએ અને મેં ઉતાવળ ન કરી. અમારી પાસે તો પુષ્કળ વખત હતો!

અમે પ્લોટની નજીક પહોંચ્યા ત્યાં સુધીમાં બીજા બધા છોકરા બીવરની જેમ ખોદવા લાગી ગયા હતા. લહેરથી ચાલતા અમે મજાક કરીને હસતા ગયા.

"આટલી બધી મહેનત કરવાની જરૂર નથી કેમ કે ઝંડો તો તમને આમેય મળવાનો જ નથી," અમે એમને કહ્યું.

"તમે બન્ને કામે લાગી જાઓ તો સારું!" એમણે અમને ઘાંટા પાડીને જવાબ આપ્યો.

બરાબર એ વખતે મિશા બોલી ઊઠયો: "આ પ્લોટ જો. ખબર નથી કોનો હશે. આમાં તો હજી જરાક જેટલી જ જમીન ખોદાઈ છે. ઘરમાં નીંદરની મજા માણતા હશે!"

મેં ખૂંટા ઉપર લખેલા નંબર ઉપર નજર કરી. નંબર ૧૨. "અરે, આ તો આપણો જ પ્લોટ છે!"

"હોય નહિ," મિશા બોલ્યો. "આપણે તો ઘણી વધારે જમીન ખોદી લીધી છે."

મારો પણ એવો જ ખ્યાલ હતો.

"કદાચ કોઈએ ટીખળમાં નંબર ન બદલાવી નાખ્યો હોય!"

"ના, બધા નંબર બરાબર છે. આ રહ્યો નંબર ૧૧, અને પેલી તરફ નંબર ૧૩ છે."

અમે ફરી વાર પ્લોટમાં નજર ફેરવી તો બરાબર વચમાં થડિયું જોવા મળ્યું. અમને અમારી નજર ઉપર વિશ્વાસ ન બેઠો.

મેં કહ્યું: "સાંભળ, આ પ્લોટ આપણો જ હોય તો આ થડિયું ક્યાંથી આવ્યું? આપણે તો થડિયું રાતે ખોદી કાઢેલું, નહિ કે?"

"બેશક આપણે ખોદી કાઢેલું," મિશા બોલ્યો. "અને રાતોરાત તો નવું થડિયું ન જ ઊગી નીકળે!"

એ ઘડીએ અમને બાજુના પ્લોટમાંથી વાન્યા લોઝ્કિનનો અવાજ સંભળાયો:

"છોકરાઓ, આમ જુઓ! ખરેખરો ચમત્કાર! કાલે અહીંયાં એક મોટું થડિયું હતું અને આજે અલોપ થઈ ગયું છે. ક્યાં ગયું હશે?"

સૌ છોકરા ચમત્કાર જોવા દોડી ગયા. હું અને મિશા પણ ગયા.

શું બન્યું હશે? એ પ્લોટ ગઈકાલે સાંજ સુધીમાં અરધાથી ઓછો ખોદાયેલો હતો અને આજે સવારે ફક્ત એક નાનકડો ખૂણો ખોદવાનો બાકી રહેલો દેખાતો હતો.

મેં કહ્યું: "મિશા, સમજણ પડે છે કે શું બન્યું છે? ગઈ રાતે આપણે એમનો પ્લોટ ખોદી દીધો છે. અને આપણે ખોદી કાઢેલું થડિયું પણ એમના જ પ્લોટનું હતું."

"બને જ નહિ!"

"એમ જ બન્યું છે."

"અરે, આપણે કેવા ગધેડા નીકળ્યા!" મિશાએ પોક મૂકી. "હવે આપણે શું કરવાના? ઇનસાફની રૂએ તો એમનો પ્લોટ આપણને મળવો જોઈએ અને આપણો પ્લોટ એમને અપાવો જોઈએ. એટલી બધી મહેનત કરી તે સાવ નકામી!"

"લવારો બંધ કરી દે," મેં કહ્યું. "આખા કૅમ્પની ઠેકડીનો શિકાર બનવાનો ઇરાદો છે કે શું?"

"પણ આપણે શું કરવાના?"

"ખોદવાના વળી," મેં કહ્યું. "ઝપાટાબંધ ખોદવાના, બીજું શું કરવાના!"

અમે કોદાળીઓ હાથમાં લીધી અને ખોદવાનું શરૂ કર્યું પણ અમારી બીચારી પીઠમાં તેમ જ હાથપગમાં એવો દુખાવો ઊપડયો કે કામ બંધ કરવું પડયું. પાડોશીના પ્લોટમાં અમે એટલી સખત મહેનત કરેલી કે અમારા પોતાના પ્લૉટને ખોદવાની તાકાત અમારામાં બચી જ નહોતી.

વાન્યા લોઝ્કિન અને સેન્યા બોબરોવે પોતાના પ્લૉટમાં ખોદવાનું કામ થોડી વારમાં પૂરું કરી નાખ્યું. વીત્યાએ બન્નેને અભિનંદન આપીને ઝંડો એમને સુપરત કરી દીધો. એમણે ઝંડો પોતાના પ્લૉટની વચ્ચોવચ ખોડી દીધો. બધા છોકરા ઝંડા ફરતે ભેગા થઈ ગયા અને તાળીઓ પાડવા લાગ્યા. મિશાથી એ સહન ન થયું.

"આમાં ઇનસાફ નથી," એ બોલ્યો.

"કેમ ઇનસાફ નથી?" વીત્યાએ પૂછ્યું.

"કોઈએ એમના પ્લૉટમાંથી થડિયું ખોદી કાઢ્યું. એમણે પોતે હમણાં જ એમ કહ્યું છે."

"એમાં અમારો વાંક તો નથી ને, કે છે?" વાન્યા બોલી ઊઠયો. "ધારો કે કોઈને બળતણની જરૂર પડી હોય. એ એમને જોવાનું છે, અમારે નહિ."

"કોઈએ ભૂલથી ખોદી કાઢ્યું હોય એમ પણ બને," મિશા બોલ્યો.

"તો થડિયું અહીંયાં ક્યાંક પડયું હોત."

"ભૂલથી ખોદનારે થડિયું નદીમાં નાખી દીધું હોય એમ પણ બને," મિશાએ ચાલુ રાખ્યું.

"આમ પણ બને, તેમ પણ બને. આખર તું ક્હેવા શું માગે છે?"

મિશાથી ચુપ ન રહેવાયું.

"કોઈએ રાતમાં આવીને તમારો પ્લૉટ ખોદી દીધો છે," એણે કહ્યું.

હું એને કોણી મારીને ચુપ થવા ક્હેતો રહ્યો.

વાન્યા બોલ્યો:

"કોઈ ખોદી ગયું હશે. અમે પ્લૉટમાં બધું માપીને નહોતા ગયા."

અમે પાછા અમારા પ્લૉટમાં ગયા અને ખોદવા લાગ્યા. વાન્યા અને સેન્યા અમને જોતા અને વ્યંગમાં હસતા ઊભા રહ્યા.

સેન્યા બોલ્યો: "જો તો ખરો, કેવા ઢીલા છે, સાવ કાચબા જેવા!"

"આપણે જઈને મદદ કરવી પડશે," વાન્યા બોલ્યો. "ખોદવામાં બીચારા સૌથી ખૂબ પાછળ રહી ગયા છે."

બન્નેએ આવીને અમને મદદ કરી. એમણે અમને ખોદવામાં મદદ કરી અને થડિયું કાઢવામાંયે મદદ કરી, પણ તોયે અમારું કામ સૌથી છેલ્લે પૂરું થયું.

અમે સૌથી છેલ્લે નંબરે આવ્યા એટલે કોઈએ ચાડિયો અમારા પ્લૉટમાં ખોડવાનું સૂચન કર્યું. સૌને ખ્યાલ ખૂબ ગમી ગયો અને ચાડિયો અમારા પ્લૉટમાં ખોડવામાં આવ્યો. મિશાનો ને મારો જીવ ખૂબ બળ્યો.

"હિંમત રાખો!" છોકરા બોલ્યા. "વાવવાનું અને નીંદણનું કામ સારું કરશો તો અમે ચાડિયો તમારા પ્લૉટમાંથી હઠાવી લઈશું."

યૂરા કોઝ્લોવે દરખાસ્ત મૂકી: "બાકીનું કામ સૌથી ઊતરતું કરે એ ટીમને ચાડિયો આપવો."

"બરાબર, બરાબર!" સૌએ ઘાંટા પાડીને ટેકો આપ્યો.

"અને શરદમાં જે ટીમનો પાક સૌથી ઓછો ઊતરે એ ટીમને ચાડિયો ભેટમાં આપવો," સેન્યા બોબરોવ બોલ્યો.

મિશાએ અને મેં નક્કી કર્યું કે સખત મહેનત કરીને કાળમુખા ચાડિયાથી છુટકારો મેળવી લેવો. પણ ગમે એટલી મહેનત કરવા છતાંયે ચાડિયો આખો ઉનાળો અમારા પ્લૉટમાં જ ખોડાયેલો રહ્યો. વાવવાનો વખત આવ્યો ત્યારે મિશાએ બધું ભેળસેળ કરી નાખ્યું અને ગાજરનાં બી ઉપર બીટની વાવણી કરી દીધી. પછી નીંદવાની વેળા આવી ત્યારે એણે નકામા છોડવેલા નીંદવાને બદલે મહેનત કરીને ઉગાવેલા છોડવા ખેંચી કાઢ્યા. પરિણામે અમારે નવેસરથી મૂળા વાવવા પડ્યા. મને કેટલીય વાર એનો સંગાથ છોડી દેવાનું મન થયું પણ ભાઈબંધને મુસીબતમાં એકલો છોડી દેતાં મારું દિલ ન ચાલ્યું. એટલે હું આખર સુધી એના સંગાથમાં જ રહ્યો.

અને તમે માનશો નહિ પણ ઝંડો આખરે મિશાએ અને મેં જ જીતી લીધો. અમારા પ્લૉટમાં કાકડી અને ટમેટાંનો સૌથી વધારે પાક ઊતર્યો. બધા છોકરા અચરજમાં ગરકાવ થઈ ગયા.

વાંધાની પંચાત ઊભી થઈ!

"આમાં ઇનસાફ નથી," બીજા છોકરા બોલ્યા. "બધો વખત આ બન્ને સૌની પાછળ હતા અને હવે સૌથી વધારે પાક એમના પ્લૉટમાં ઊતર્યો. શું કારણ?"

પણ વીત્યાએ કહ્યું: "બરાબર ઇનસાફ છે. એમણે બાકીના છોકરા કરતાં ઢીલા વેગે કામ કર્યું હશે પણ એમણે સખત મહેનત કરીને જમીનમાં કસ રેડ્યો."

વાન્યા લોઝ્કિન બોલ્યો: "એમને સારી કસદાર જમીન મળેલી, ખરી વાત એ જ છે. મને અને સેન્યાને ખરાબ પ્લૉટ મળેલો. એટલે જ અમારો પાક નબળો ઊતર્યો છે. મહેનત તો અમે પણ સખત કરેલી. આ બન્ને ભલે પોતાનો ચાડિયો રાખે. ચાડિયો આખો ઉનાળો એમના પ્લૉટમાં જ હતો."

"અમને વાંધો નથી," મિશા બોલ્યો. "અમે ખુશીથી ચાડિયો રાખીશું."

સૌ છોકરા હસી પડ્યા. મિશાએ કહ્યું: "ચાડિયો ન હોત તો અમે ઝંડો ન જીતી શક્યા હોત!"

"એમ કેમ?" દરેક છોકરો પૂછવા લાગ્યો.

"કેમ કે ચાડિયાએ કાગડાને વેગળા રાખ્યા અને એટલે જ અમારો પાક સૌથી વધારે ઊતર્યો. વળી ચાડિયો અમને બધો વખત યાદ કરાવતો રહેતો કે અમારે સખત મહેનત કરવાની છે."

"આ કાળમુખા ચાડિયાનું શું કરીશું?" મેં મિશાને પૂછ્યું.

"ચાલ, જઈને નદીમાં પધરાવી દઈએ," મિશા બોલ્યો.

અમે ચાડિયાને લઈને નદીએ ગયા અને એને પાણીમાં ફગાવી દીધો. એને હાથ ફેલાવીને પાણીમાં તણાતો દૂર જતો અમે જોતા રહ્યા. વધારે વેગથી આઘે ચાલ્યો જાય એટલા માટે અમે એને પથરા માર્યા. ચાડિયો દેખાતો બંધ થયો એટલે અમે કેમ્પમાં પાછા ગયા.

એ દિવસે લ્યોશા કુરોચકિને મિશાની અને મારી છબી લીધી. અમે બન્ને અમારા પ્લોટમાં ફતેહ ઝંડાની જોડાજોડ ઊભા રહ્યા અને છબી લેવાઈ ગઈ. તમારે અમારી છબી જોઈતી હોય તો અમે ખુશીથી મોકલીશું.



કલ્લોલતો કબીલો

અખતરાનો ફેંસલો

મિશાએ અને મેં ટિનના ડબલા વડે વરાળનું એંજિન બનાવવાની કોશિશ કરેલી અને ડબલું ફાટી ગયેલું ત્યારે બનેલી વાત છે. ડબલામાં ભરેલા પાણીને મિશાએ વધારે પડતું ગરમ થઈ જવા દીધું એટલે ડબલું ફાટી ગયું અને વરાળથી મિશાના હાથ દાઝી ગયા. એનું નસીબ જોરમાં હશે એટલે એની માએ તરત જ એના હાથ ઉપર નેફ્થાનો મલમ લગાવી દીધો. અદ્‌ભુત દવા છે. વિશ્વાસ ન આવતો હોય તો ક્યારેક જાતે જ અજમાવીને જોઈ લેજો. પણ એટલું ધ્યાન રાખજો કે મલમ દાઝયા પછી તરત જ લગાવવાનો છે, નહિતર ચામડી ઊતરી જશે.

અમારું વરાળનું ઍંજિન ફાટી ગયું તે પછી મિશાની માએ અમને તેના વડે રમવા ન દીધા અને તેને કચરાના ડબામાં ફેંકી દીધું. થોડા વખત સુધી અમને બીજું કંઈ ન સૂઝ્યું અને અમારા દિવસો સાવ નીરસ વીતતા રહ્યા.

વસંતના આરંભનો વખત હતો. દરેક ઠેકાણે હિમના ઢગલા પીગળી રહ્યા હતા. પાણી નાનકડી નીકોમાં વહેતું ગટરોમાં પહોંચતું હતું. વસંતનો ચમકતો સૂરજ બારી વાટે તડકો રેલાવી રહ્યો હતો. પણ મિશા અને હું ગમગીન હતા. અમારી જોડી રમૂજી છે — કંઈક કરવાનું સૂઝે નહિ ત્યાં સુધી અમારાં મનમાં ખુશી ઊપજે જ નહિ. કંઈ કરવાનું ન હોય ત્યારે અમે ઉદાસ ચહેરે બેઠા જ રહીએ અને કશીક નવી તરકીબ ઘડી ન કાઢીએ ત્યાં સુધી અમારી હાલત એવી ને એવી જ રહે.

એક દિવસે હું મિશાને ત્યાં પહોંચ્યો ત્યારે એ ટેબલ પાસે બેસીને ચોપડી વાંચવામાં મશગૂલ હતો. એણે માથું બન્ને હાથ ઉપર ટેકવ્યું હતું. એ વાંચવામાં એવો તલ્લીન હતો કે મારા આવવાનો અવાજ પણ એણે ન સાંભળ્યો. મેં જોરથી બારણું ધધડાવ્યું ત્યારે જ એણે મોં ઊંચું કરીને મારી તરફ જોયું.

"અરે, તું છે કે, નિકોલાદ્ઝે?" એ મોં મલકાવતો બોલ્યો.

મિશા મને મારા ખરા નામે કદી નથી બોલાવતો. મને સૌની જેમ કોલ્યા કહીને બોલાવવાને બદલે મિશા મારે માટે ભાતભાતનાં અજબ નામ ઘડી કાઢે છે. નિકોલા, મિકોલા, મિકુલા સેલ્યાનિનોવિચ, અથવા મિક્લૂહા-માક્લાઈ જેવાં નામો ઉપરાંત એક વાર એણે મને નિકોલાકી કહીને બોલાવેલો. મારે દરરોજ નવા નામે જવાબ આપવો પડે છે. પણ એને ગમતું હોય તો મને એમાં વાંધો નથી.

"હા, હું જ છું," મેં કહ્યું. "આ કઈ ચોપડી છે?"

"બહુ મજાની ચોપડી છે," મિશા બોલ્યો. "મેં આજે જ અખબારોની દુકાનેથી ખરીદી છે."

મેં ચોપડી ઉપર નજર નાખી. તેનું નામ હતું: 'મરઘાંબતકાંનો ઉછેર'. પૂંઠા ઉપર છાપેલા ચિત્રમાં એક મરઘી અને એક મરઘો બતાવવામાં આવ્યાં હતાં. દરેક પાને આકૃતિઓ, રેખાંકનો, કે મરઘાંના વાડાનાં ચિત્રો આપેલાં હતાં.

"આમાં મજા પડે એવું શું છે?" મેં કહ્યું. "મને તો વિજ્ઞાનને લગતી કોઈ ચોપડી જેવી લાગે છે."

"એટલે જ મજાની છે. આ કંઈ નકામી પરીકથાની ચોપડી નથી, આ તો ઉપયોગી ચોપડી છે, સમજ્યો?"

મિશાનો સ્વભાવ જ એવો છે. દરેક ચીજ ઉપયોગી હોવી જોઈએ એવો આગ્રહ હંમેશાં રાખે જ રાખે. એની પાસે થોડાક વાપરવાના પૈસા હોય તો જઈને આ ચોપડી જેવી કોઈ ઉપયોગી ચીજ ખરીદી લાવે. એક વાર એ ત્રિકોણમિતિની અઘરી ચોપડી ખરીદી લાવેલો. કંઈક લાંબુંલચક નામ હતું. એને બેશક એક શબ્દ પણ ન સમજાયો. પોતે એ ચોપડી વાંચીને સમજવા જેટલો હોશિયાર થઈ જાય ત્યાં સુધી એણે એ ચોપડીને અભરાઈએ મૂકી દીધી. ચોપડી હજી અભરાઈ ઉપર પડી છે અને મિશા હોશિયાર થઈ જાય એની વાટ જુએ છે.

પોતે વાંચી રહ્યો હતો એ પાના ઉપર નિશાન ગોઠવીને એણે ચોપડી બંધ કરી અને મને કહ્યું:

"આ ચોપડીમાંથી ઘણું ઘણું શીખી શકાય એમ છે—મરઘાં કેવી રીતે ઉછેરવાં, બતકાં કેવી રીતે ઉછેરવાં, વગેરે બધું જ."

"તું મરઘાંબતકાં ઉછેરવાનો મનસૂબો તો નથી ઘડી રહ્યો ને?"

"ના. પણ એ વિશે વાંચવાનું મન તો મને છે જ. આ ચોપડીમાંથી ખબર પડી કે મરઘી વગર આપમેળે ઈંડાં સેવે એવું એક મશીન આવે છે—ઇન્ક્યુબેટર."

"વાહ! બહુ નવી વાત કરી!" હું બોલ્યો. "એની તો સૌને ખબર છે. ગયે વરસે હું મા ભેગો ખેતરમાં ગયેલો ત્યારે મેં જોયું પણ છે. એ મશીનમાં રોજ પાંચસો કે હજાર જેટલાં બચ્ચાં તૈયાર થઈ જતાં અને એ બધાંને બહાર કાઢી લેવાનો વખત પણ લોકોને માંડ પૂરો પડતો."

"ખરેખર!" મિશા ઉત્તેજિત થઈને બોલી ઊઠયો. "મને તો ખબર જ નહોતી. મને એમ હતું કે ફક્ત મરઘીઓ જ ઈંડાં સેવે. હું ગામડે રહેતો હતો ત્યારે મેં ઘણી વાર ઈંડાં સેવતી મરઘીઓ જોયેલી."

"ઈંડાં સેવતી મરઘીઓ તો મેંય ઘણી જોઈ છે પણ ઇન્ક્યુબેટર બહેતર ચીજ છે," મેં કહ્યું. "મરઘી એક વખતે બહુ બહુ તો ડઝન ઈંડાં સેવે, પણ ઇન્ક્યુબેટર એકીવખતે એક હજાર જેટલાં ઈંડાં સેવી નાખે."

"મને ખબર છે," મિશાએ કહ્યું. "ચોપડીમાં એમ જ લખ્યું છે. અને એક બીજી વાત સાંભળ. મરઘી ઈંડાં સેવતી હોય અને બચ્ચાંને ઉછેરીને મોટાં કરતી હોય ત્યારે નવાં ઈંડાં ન મૂકે, પણ ઈંડાં સેવવા માટે ઇન્ક્યુબેટર હોય તો મરઘી ઈંડાં મૂકવાનું ચાલુ રાખે."

બધી મરઘીઓ ઈંડાં સેવવાને બદલે ઈંડાં મૂકવાનું ચાલુ રાખે તો કેટલો ફેર પડી જાય એનો હિસાબ કરવા અમે બેસી ગયા. મરઘી ઈંડાં સેવવાનું શરૂ કરે ત્યારથી લઈને ઈંડાંમાંથી બચ્ચાં નીકળે તેને એકવીસ દિવસ લાગે. પછી મરઘી બચ્ચાંને ઉછેરીને મોટાં કરે. એ રીતે બધા મળીને ત્રણ મહિના થઈ જાય, ત્યાર પછી જ મરઘી વળી પાછી ઈંડાં મૂકવાનું શરૂ કરે.

"ત્રણ મહિના એટલે નેવું દિવસ," મિશા બોલ્યો. "મરઘીને ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં વખત બરબાદ ન કરવો પડે તો રોજના એક જ ઈંડાને હિસાબે પણ મરઘી એક વરસમાં નેવું વધારે ઈંડાં મૂકી શકે. નાનકડા ખેતરમાં ફક્ત દસ જ મરઘી હોય તોયે વરસે નવસો ઈંડાંનો ફરક પડી જાય. અને કોઈ મોટા સામૂહિક કે રાજ્ય ખેતરમાં એક હજાર મરઘી હોય તો નેવું હજાર વધારે ઈંડાં મળે. વિચાર તો કર! નેવું હજાર!"

ઇન્ક્યુબેટરો કેટલાં ઉપયોગી ગણાય તેની ચર્ચા કરવામાં અમે સારો એવો વખત ગાળ્યો.

પછી મિશાએ કહ્યું: "ચાલ ને, આપણે જાતે જ એક નાનકડું ઇન્ક્યુબેટર બનાવી લઈએ અને તેમાં ઈંડાં સેવીએ."

"આપણે કેવી રીતે બનાવી શકીએ?" મેં સવાલ કર્યો. "મને ખાતરી છે કે ઇન્ક્યુબેટર બનાવવાનું કામ સહેલું નહિ જ હોય."

"બહુ અઘરું નથી લાગતું," મિશા બોલ્યો. "ચોપડીમાં બધી વિગત લખી છે. મોટી વાત ઈંડાંને લગાતાર એકવીસ દિવસ સુધી ગરમાવો આપવાની છે. એમ થાય એટલે બચ્ચાં આપમેળે જ તૈયાર થઈ જાય."

અમારી પાસે અમે પોતે જ ઈન્ક્યુબેટરમાં સેવેલાં ટચૂકડાં મરઘાં હોય એ ખ્યાલ મને ખૂબ ગમી ગયો. મને જાતજાતનાં પંખી અને જનાવર પાળવાનો શોખ છે. મિશા અને હું ગયે વરસે શરદમાં અમારી નિશાળની કિશોર પ્રાણીવિજ્ઞાન મંડળીમાં જોડાયેલા અને ત્યાં અમે પાળેલાં પશુપંખીઓને લગતું થોડુંક કામ કરેલું. પણ પછી મિશાને વરાળનું ઍંજિન બનાવવાનો ખ્યાલ આવ્યો એટલે અમે મંડળીમાં જવાનું છોડી દીધું. મંડળીના મૉનિટર વીત્યા સ્મિર્નોવે અમને કહી દીધું કે અમે કામ નહિ કરીએ તો અમારાં નામ સભ્યોની યાદીમાંથી છેકી નાખવામાં આવશે. પણ અમે એને આજીજી કરીને અમને એક વધારે તક આપવા મનાવી લીધો.

મિશાએ કલ્પના કરવાની કોશિશ કરી કે ઈંડાંમાંથી બચ્ચાં નીકળશે ત્યારે કેવી મજા પડશે. એણે કહ્યું:

"ટચૂકડાં મજાનાં બચ્ચાં હશે. આપણે રસોડાના એક ખૂણામાં એમને જગ્યા કરી આપીશું. બધાં બચ્ચાં ત્યાં રહેશે. આપણે એમને ખવડાવશું અને કાળજીથી ઉછેરશું."

"હા, પણ તે પહેલાં આપણે ઘણું બીજું કામ કરવું પડશે. ઈંડાંમાંથી બચ્ચાં બનતાં ત્રણ અઠવાડિયાં લાગે છે એ ભૂલતો નહિ!" મેં કહ્યું.

"એમાં શું? આપણે તો ફક્ત ઈન્ક્યુબેટર જ બનાવવાનું છે, બચ્ચાં તો આપમેળે જ બની જશે."

મેં થોડી વાર વિચાર કરી જોયો. મિશા આતુરતાથી મને જોતો રહ્યો. હું સાફ જોઈ શક્યો કે મિશા ઈન્ક્યુબેટરના કામમાં લાગી જવા તલસી રહ્યો છે.

"સારું," મેં કહ્યું. "આજકાલ તો આપણી પાસે બીજું કંઈ કરવાનું છે પણ નહિ. અખતરો કરી જોઈએ."

"મને ખાતરી હતી કે તું માની જશે!" મિશા ખુશ થઈને બોલી ઊઠયો. મેં એકલાએ જ શરૂ કરી દીધું હોત પણ તારા વગર એમાં અરધી મજાયે ન આવે."

અણધારી મુશ્કેલી

"કદાચ ઈન્ક્યુબેટરની જરૂર જ ન પડે. ચાલ, આપણે કડાઈમાં ઈંડાં મૂકીને કડાઈને ચૂલા ઉપર ધરી રાખીએ," મેં સૂચન કર્યું.

"ના, ના, એથી કામ નહિ ચાલે," મિશા બોલી ઊઠયો. આગ ઠરી જાય અને બધાં ઈંડાં બગડી જાય. ઈન્ક્યુબેટરની ખૂબી એ છે કે તેમાં બધો વખત એકસરખી ગરમી રહે—૩૯ ડિગ્રી સેન્ટિગ્રેડ."

"૩૯ ડિગ્રી શા માટે?"

"એટલા માટે કે મરઘી જ્યારે ઈંડાં સેવવા બેસે ત્યારે તેની ગરમી એટલી હોય છે."

"તું એમ કહેવા માગે છે કે મરઘીને તાવ આવે? મને તો એમ હતું કે ફક્ત ઈન્સાનોને જ તાવ આવે."

"અરે મૂરખ, કોઈ માંદું હોય કે ન હોય પણ શરીર તો સૌનાં ગરમ જ હોય. માંદા પડીએ ત્યારે શરીરની ગરમી વધી જાય."

મિશાએ ચોપડી ખોલીને એક રેખાંકન બતાવ્યું.

"જો, ઈન્ક્યુબેટર આવું હોય. આ પાણીની ટાંકી છે અને આ નાનકડી નળી ટાંકીમાંથી નીકળીને પેટી સુધી પહોંચે છે. પેટીમાં ઈંડાં છે. ટાંકીને નીચેથી ગરમ કરવાની. ગરમ પાણી નળીમાં થઈને પસાર થાય અને ઈંડાંને ગરમી પહોંચાડે. આમ જો, આ થરમૉમિટર એટલા માટે રાખવામાં આવેલું છે કે ગરમીનું ધ્યાન રાખી શકાય."

"પણ ટાંકી ક્યાંથી લાવીશું?"

"ટાંકીની જરૂર નહિ પડે, ટિનના ડબા વડે કામ ચલાવી લઈશું. આપણે તો નાનકડું ઈન્ક્યુબેટર બનાવવું છે."

"અને ગરમ કેવી રીતે કરીશું?" મેં પૂછ્યું.

"સાદા પેરેફિનના દીવા વડે. કોઢારામાં ક્યાંક એક જૂનો દીવો પડયો છે."

અમે કોઢારામાં પહોંચી ગયા અને એક ખૂણામાં પડેલો નકામી ચીજોનો ઢગલો ફેંદવા લાગ્યા. એમાં જૂના બૂટ, ફાટેલાં મોજાં, એક તૂટેલી છત્રી, એક ત્રાંબાની સલામત નળી, સંખ્યાબંધ બાટલીઓ તથા ટિનના ડબા, વગેરે પડયું હતું. અમે લગભગ આખો ઢગલો તપાસી લીધો ત્યારે મારી નજર અભરાઈમાં રાખેલા દીવા ઉપર પડી. મિશા ઉપર ચડીને દીવો ઉતારી લાવ્યો. દીવો ધૂળથી છવાયેલો હતો પણ પોટો સલામત હતો. દીવામાં વાટ પણ છે એ જોઈને અમે ખુશ થઈ ગયા. અમે દીવો, ત્રાંબાની નળી, અને ટિનનો એક મોટો ડબો લઈને રસોડામાં ગયા.

મિશાએ પહેલાં દીવો સાફ કરીને તેમાં પેરેફિન ભર્યું અને પછી તે બરાબર કામ કરે છે કે નહિ એ જોવા તેને સળગાવ્યો. દીવો બરાબર બળતો હતો, અને વાટને ઉપરનીચે કરવાથી જ્યોત મરજી પડે એટલી મોટીનાની થઈ શકતી હતી. અમે દીવો ઓલવી નાખ્યો અને ઈન્ક્યુબેટર બનાવવાના કામમાં લાગી ગયા. અમે સૌથી પહેલાં લગભગ પંદર ઈંડાં સમાય એવડી પ્લાયવૂડની પેટી બનાવી. તેમાં રૂ ફેલાવીને ઉપર નમદાનો ટુકડો બિછાવી દીધો, જેથી ઈંડાંને સરસ મજાની હૂંફ રહે. પછી પેટી માટે ઢાંકણ બનાવ્યું. ઢાંકણમાં થરમૉમિટર ગોઠવવાની જગ્યા ખુલ્લી રાખી જેથી ગરમીનું ધ્યાન રાખી શકાય. હવે ગરમીના બંદોબસ્તનો સવાલ આવ્યો. અમે ટિનના ડબામાં શારડી વડે બે ગોળ કાણાં પાડયાં—એક નીચે અને એક ઉપર. પછી નળીનો એક છેડો ઉપલા કાણામાં ગોઠવ્યો અને રેણ કરીને તેને ડબા સાથે જડી દીધો. ત્યાર બાદ ઈન્ક્યુબેટરની પેટીમાં કાણું પાડીને નળીને અંદર દાખલ કરી અને તેને પેટીની અંદર વાળીને તેનો છેડો એક બીજા કાણા વાટે બહાર કાઢયો. પછી નળીના એ છેડાને ડબાના નીચલા કાણામાં ગોઠવ્યો અને તેને પણ રેણ કરીને ડબા સાથે જડી દીધો. એ રીતે નળીનો પેટીમાં વળેલો હિસ્સો એક તરેહના ગરમી આપતા સાધનમાં પલટાઈ ગયો.

હવે દીવાને એવી રીતે ગોઠવવાનો હતો કે તે ડબાને ગરમ કરવાની કામગીરી બજાવે. મિશા પ્લાયવૂડનું એક ખોખું લઈ આવ્યો. અમે ખોખું નીચે આડું મૂક્યું અને તેના ઉપરના પાટિયામાં એક ગોળ કાણું પાડયું. પછી ઈન્ક્યુબેટરને ખોખાની ઉપર એવી રીતે ગોઠવ્યું કે ટિનનો ડબો બરાબર કાણાની ઉપર આવે. દીવો ખોખામાં કાણાની નીચે ગોઠવવામાં આવ્યો.

આખરે બધી તૈયારી થઈ ગઈ. અમે ડબામાં પાણી ભર્યું અને દીવો પેટાવ્યો. ડબામાં અને નળીમાં પાણી ગરમ થવા લાગ્યું. થરમોમિટરનો પારો ઊંચે ચડવા લાગ્યો અને થોડી વારમાં ૩૯ સેન્ટિગ્રેડ ડિગ્રી સુધી પહોંચી ગયો. બરાબર એ જ વખતે મિશાની મા ન આવી હોત તો પારો એથીયે ઊંચે ચડી ગયો હોત.

"તમે બન્નેએ પાછું શું આદરી દીધું છે? આખું ઘર પેરેફિનની ગંધથી ભરાઈ ગયું છે!" મિશાની મા બોલી.

"ઇન્ક્યુબેટરને લીધે," મિશાએ કહ્યું.

"કેવું ઇન્ક્યુબેટર?"

"ઈંડાં સેવીને મરઘાંનાં બચ્ચાં બનાવે એવું."

"મરઘાંનાં બચ્ચાં? આ શો લવારો માંડયો છે?"

"આમ જો, મા, હું તને બતાવું. અહીંયાં ઈંડાં મૂકવાનાં, અને આ દીવો..."

"દીવો શું કરવા મૂક્યો છે?"

"ટાંકીને ગરમ કરવા. દીવો તો જોઈએ જ, દીવા વગર ન ચાલે."

"લવારો રહેવા દે, હું તમને પેરેફિનના દીવા વડે નથી રમવા દેવાની. દીવો પડી જાય અને પેરેફિન ઢોળાઈ જાય તો ઘરમાં આગ લાગી જાય. ના, એ નહિ બને!"

"માડી, દીવો રાખવા દે ને, અમે ખૂબ કાળજી રાખીશું."

"ના, હું તમને બળતા દીવા વડે નહિ રમવા દઉં. ક્યાંક તો હદ આવે ને! પહેલાં તેં ઊકળતા પાણી વડે હાથ દઝાડી નાખ્યા અને હવે તારે ઘર બાળી નાખવું છે!"

મિશાએ માને બહુ આજીજી અને કાલાવાલા કર્યા પણ કંઈ વળ્યું નહિ.

મિશા ખૂબ બેચેન થઈ ગયો.

"આપણું ઇન્ક્યુબેટર તો હવે ખતમ!" એણે કહ્યું.

ઉપાય જડયો

એ રાતે મને કેટલીય વાર સુધી નીંદર ન આવી. હું ઇન્ક્યુબેટરના વિચાર કરતો એક આખો કલાક જાગતો પડી રહ્યો. મને ખ્યાલ આવ્યો કે મારી માને સમજાવીને પેરેફિનના દીવાનો ઉપયોગ કરવાની રજા લઈ લઉં, પણ મને તરત જ સમજાઈ ગયું કે કંઈ ફાયદો નહિ થાય. મારી માને આગની ભયંકર બીક લાગે છે અને એ દીવાસળીઓને હંમેશાં મારાથી છુપાવી રાખે છે. વળી મિશાની માએ દીવો લઈ લીધો હતો અને કોઈ રીતે પાછો આપે એમ નહોતી.

ઘરમાં સૌ ઊંડી નીંદરમાં પડયાં હતાં, પણ હું બિછાનામાં પડયો પડયો મારા ભેજાનું દહીં કરી રહ્યો હતો. અચાનક મને એક અદ્ભુત ખ્યાલ આવ્યો: પાણી ગરમ કરવા માટે વીજળીની બત્તી કેમ ન અજમાવી જોવી?

ચુપચાપ બિછાનામાંથી ઊઠીને મેં ટેબલની બત્તી ચાલુ કરી અને બલ્બ ઉપર આંગળી મૂકીને જોવાની કોશિશ કરી કે તે ગરમ થાય છે કે નહિ. બલ્બ ઝડપથી ગરમ થવા લાગ્યો અને થોડી વારમાં એટલો બધો ગરમ થઈ ગયો કે હું મારી આંગળી તેની ઉપર રાખી શક્યો નહિ. મેં ભીંત ઉપરથી થરમૉમિટર ઉતાર્યું અને બલ્બને અડાડીને પકડી રાખ્યું. પારો એકદમ છેક ટોચ સુધી પહોંચી ગયો. મારા મનમાં જરાય શંકા ન રહી. બલ્બ પુષ્કળ ગરમી છોડતો હતો.



મારા મનને ચેન વળ્યું. થરમૉમિટર પાછું ભીંતે લટકાવીને હું બિછાનામાં પડયો. એ રાત પછી થરમૉમિટર કદી સરખી રીતે ન ચાલ્યું. અમને તેની ખબર થોડા વખત પછી પડી. ઓરડામાં ટાઢ લાગતી હોય પણ થરમૉમિટરમાં મીંડાની ઉપર ૪૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન જોવા મળે, અને ઓરડામાં ગરમી જરાક વધે એટલે તેમાં પારો છેક ટોચ સુધી પહોંચી જાય. તેને ઝટકા મારીએ તો જ પારો પાછો નીચે ઊતરે. તેમાં પારો મીંડાની ઉપર ૩૦ ડિગ્રીથી નીચે ક્યારેય ન જતો, એટલે તેની ઉપર આધાર રાખીએ તો શિયાળામાં પણ સગડી સળગાવવાની જરૂર ક્યારેય ન લાગે. મેં થરમૉમિટર બલ્બને અડાડેલું ત્યારે એ બગડી ગયું હશે.

મેં બીજે દિવસે મારો ખ્યાલ મિશાને જણાવ્યો. અમે તરકીબ તરત જ અજમાવી જોવાનું નક્કી કર્યું. અમે નિશાળેથી પાછા આવ્યા ત્યારે મેં મારી માને સમજાવીને એની પાસેથી એક જૂનો ટેબલલૅમ્પ મેળવી લીધો. તે જમાનાથી કબાટમાં પડયો હતો. અમે તેને ખોખામાં પૅરેફિનના દીવાની જગ્યાએ ગોઠવ્યો. મિશાએ બલ્બને પાણીની ટાંકીની નજીક રાખવા માટે લૅમ્પની નીચે થોડીક ચોપડીઓ મૂકી. પછી અમે લૅમ્પ ચાલુ કરીને થરમૉમિટર ઉપર નજર માંડી. થરમૉમિટર મિશા ઘેરથી લઈ આવ્યો હતો.

કેટલીય વાર સુધી કશું જ ન બન્યું. પારો હતો ત્યાં ને ત્યાં જ રહ્યો. અમને બીક લાગી કે અમારો પ્રયોગ નિષ્ફળ જશે. પણ થોડી વાર પછી પાણી ગરમ થવા લાગ્યું અને પારો ઊંચે ચડવા લાગ્યો. અરધા કલાકમાં પારો ૩૯ ડિગ્રી સુધી પહોંચી ગયો. મિશા હરખાઈ જઈને તાળી પાડતો બોલી ઊઠયો:

"વાહ! ઈંડાં સેવવા માટે બરાબર જોઈએ એટલી ગરમી! વીજળી પણ પૅરેફિન જેવું જ કામ આપે છે ખરી!"

"બેશક આપે જ છે," મેં કહ્યું. "હકીકતમાં વીજળી બહેતર કામ આપે છે કેમ કે પૅરેફિનના દીવાથી કદાચ આગ લાગી જાય, પણ વીજળીમાં તો પૂરી સલામતી છે."

બરાબર એ જ વખતે અમારી નજર થરમૉમિટર ઉપર પડતાં અમે જોયું કે પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયો છે.

"અરે!" મિશા બોલી ઊઠયો. "આમ જો, પારો તો ખૂબ ઊંચે ચડી ગયો છે!"

"ગરમીને ગમે તેમ કરીને ઘટાડવી પડશે," મેં કહ્યું.

"હા, પણ કેવી રીતે? પૅરેફિનનો દીવો હોત તો આપણે વાટ નીચે ઉતારી દીધી હોત."

"વીજળીના બલ્બને વાટ ન હોય!"

"તારી વીજળી મને તો નકામી લાગે છે," મિશાએ ચિડાઈ જતાં કહ્યું.

હું પણ ચિડાઈ ગયો. "મારી વીજળી? વીજળી મારી કેમ?"

"વીજળીના બલ્બનો ઉપયોગ કરવાનો ખ્યાલ તો તને જ આવેલો, નહિ કે? જો, પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયો! આમ ને આમ ચાલતું રહે તો બધાં ઈંડાં બફાઈ જાય અને બચ્ચાં બને જ નહિ."

"ઊભો રહે, આપણે બલ્બને જરાક નીચે રાખી જોઈએ," મેં કહ્યું. "પછી પાણી આટલું જલદી ગરમ નહિ થાય અને ટેમ્પરેચર ઓછું થઈ જશે."

અમે લેમ્પ નીચેથી મોટામાં મોટી ચોપડી બહાર ખેંચી કાઢી અને શું થાય છે એ જોતા ઊભા રહ્યા. પારો ધીરે ધીરે નીચે ઊતરવા લાગ્યો અને ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યો. અમે નિરાંતનો દમ લીધો.



"હવે બરાબર છે," મિશા બોલ્યો. "આપણે અત્યારે જ ઈંડાં સેવવાનો બંદોબસ્ત કરી દઈએ. હું મારી મા પાસેથી થોડાક પૈસા માગી લઉં છું અને તું તારી મા પાસેથી થોડાક પૈસા લઈ આવ. આપણે પૈસા ભેગા મેળવીને એક ડઝન ઈંડાં ખરીદી લાવીએ."

હું દોડતો ઘેર ગયો અને ઈંડાં ખરીદવા મા પાસેથી પૈસા માગ્યા. પહેલાં તો એને સમજણ જ ન પડી કે મારે ઈંડાં શું કરવા ખરીદવાં છે. હું કેટલીય વાર સુધી ખુલાસા કરતો રહ્યો ત્યારે જ એને સમજણ પડી કે અમારે ઈન્ક્યુબેટર માટે ઈંડાંની જરૂર છે.

"કંઈ વળશે નહિ," માએ કહ્યું. "મરઘી વિના ઈંડાંમાંથી બચ્ચાં બનાવવાનું કામ સહેલું નથી. તમે નકામા તમારો વખત બરબાદ કરશો."

પણ હું મારી હઠને વળગી રહ્યો અને આખરે એ માની ગઈ.

"સારું," એણે કહ્યું. "પણ તમે ઈંડાં ક્યાંથી ખરીદવાના?"

"દુકાનેથી," હું બોલ્યો. "બીજે ક્યાંથી?"

"ના, એ ઈંડાં નહિ ચાલે," માએ કહ્યું. "તમારે તાજાં ઈંડાંની જરૂર પડશે, નહિતર બચ્ચાં નહિ બને."

હું દોડતો મિશા પાસે ગયો અને એને વાત કરી.

"હુંયે કેવો ગધેડો છું!" મિશા બોલ્યો. "બેશક, ચોપડીમાં પણ એમ જ લખેલું છે. હું સાવ ભૂલી ગયો."

ઉનાળામાં અમે જ્યાં રહેલા એ ગામ શહેરથી દૂર નહોતું. અમે ત્યાં જઈને ઈંડાં લઈ આવવાનું નક્કી કર્યું. ઘરમાલિકણ નાતાશાકાકી મરઘાં રાખતી. અમને ખાતરી હતી કે તેની પાસેથી તાજાં ઈંડાં ચોક્કસ મળી જશે.

બીજે દિવસે

જિંદગી રમૂજી હોય છે! ગઈકાલે અમને સપનામાંયે ખ્યાલ નહોતો કે અમે શહેરની બહાર ક્યાંય જઈશું. અને આજે અમે ગાડીમાં બેસીને નાતાશાકાકીના ગામે જવા નીકળી પડયા. અમારે ઈંડાં બને એટલાં જલદી લઈ આવીને ઇન્ક્યુબેટરમાં સેવન શરૂ કરી દેવું હતું, પણ ગાડીને જાણે અમારી ઉપર ખાર હોય એમ તે સાવ ધીરે ધીરે ચાલતી હતી. સફરમાં ભયંકર લાંબો વખત લાગ્યો. મેં જોયું છે કે હંમેશાં એમ જ બને છે: આપણને ઉતાવળ હોય ત્યારે બધું જાણી જોઈને ધીરે ધીરે જ બને. વળી મિશાને અને મને ફિકર હતી કે અમે પહોંચીએ ત્યારે નાતાશાકાકી ક્યાંક બહાર ન ચાલ્યાં ગયાં હોય. એમ બને તો અમારે શું કરવું?

પણ બધું બરાબર પાર ઊતર્યું. નાતાશાકાકી ઘેર જ હતાં. અમને જોઈને ખૂબ રાજી થયાં. એમને થયું કે અમે થોડા દિવસ રહેવા આવ્યા છીએ.

"અમને ખૂબ મજા આવે, પણ અત્યારે રોકાવાય એમ નથી," મિશાએ કહ્યું. "રજા પડે તે પહેલાં નહિ."

"અમે તો કામસર આવ્યા છીએ," હું બોલ્યો. "અમારે થોડાંક ઈંડાં જોઈએ છે."

"કેમ, વાત શી છે? શહેરમાં ઈંડાં નથી મળતાં કે શું?" નાતાશાકાકીએ પૂછ્યું.

"ઈંડાં તો મળે છે," મિશા બોલ્યો. "પણ અમારે તાજાં ઈંડાં જોઈએ છે."

"દુકાનોમાં તાજાં ઈંડાં નથી મળતાં?"

"મરઘી ઈંડાં મૂકે કે તરત જ તો ઈંડાં દુકાનમાં ન પહોંચી જાય, ખરું ને?" મિશાએ પૂછ્યું.

"તરત જ તો નહિ."

"એ જ વાત છે, સમજ્યાં?" મિશા બોલી ઊઠયો. "પુષ્કળ ઈંડાં ભેગાં થાય ત્યાં સુધી ઈંડાં એકઠાં કરવામાં આવે. એ રીતે ઈંડાં દુકાનમાં પહોંચે તે પહેલાં એક અઠવાડિયું કે કદાચ બે અઠવાડિયાં પણ વીતી જાય."

"એમાં શું?" નાતાશાકાકી બોલ્યાં. "ઈંડાં કંઈ બે અઠવાડિયાંમાં ખરાબ ન થઈ જાય."

"નહિ કે! અમારી ચોપડીમાં લખ્યું છે કે દસ દિવસથી વધારે જૂનાં ઈંડાં સેવન માટે નકામાં થઈ જાય."

"અરે, સેવવાનાં ઈંડાંની તો વાત જ ન્યારી છે!" નાતાશાકાકી બોલ્યાં. "એને માટે તો તદ્દન તાજાં ઈંડાંની જરૂર પડે. પણ ખાવાનાં ઈંડાં તો એક મહિનો કે બે મહિના પડયાં રહે તોયે ખરાબ ન થાય. તમારો ઈરાદો મરઘાં રાખવાનો તો નથી ને?"

"હા, એટલા માટે તો અમે આવ્યા છીએ," મેં કહ્યું.

"પણ તમે ઈંડાં સેવવાનો બંદોબસ્ત કેવી રીતે કરવાના?" નાતાશાકાકીએ પૂછ્યું. "એને માટે તો તમને ઈંડાં સેવતી મરઘીની જરૂર પડે."

"ના, અમે મરઘી વિના જ કામ ચલાવી લઈશું, અમે ઈન્ક્યુબેટર બનાવ્યું છે."

"ઈન્ક્યુબેટર? નવાઈની વાત! પણ કહો જોઉં, ઈન્ક્યુબેટરને તમારે શું કરવું છે?"

"અમે મરઘાંનાં બચ્ચાં બનાવીશું."

"શું કરવા?"

"અરે, ગમ્મત ખાતર," મિશા બોલ્યો. "મરઘાંનાં બચ્ચાં હોય તો મજા પડે. તમે ગામના લોકો બધું રાખો છો—મરઘાં, બતકાં, ગાય, ડુક્કર, અમારી પાસે તો કંઈ જ નથી હોતું."

"હા, પણ અમે તો ગામડામાં રહીએ છીએ. શહેરમાં કંઈ ઘરમાં ગાય ન રખાય."

"ગાય તો કદાચ ન રખાય, પણ અમુક જાતનાં જનાવર રાખી શકાય."

"શહેરમાં નહિ, બહુ તકલીફ પડે," નાતાશાકાકીએ કહ્યું.

"અમારા મકાનમાં એક આદમી પંખી રાખે છે," મિશા બોલ્યો. "એણે પાંજરાં બનાવીને કેટલીય જાતનાં પંખી પૂરી રાખ્યાં છે—પારેવાં, ચકલાં, કાબર, વગેરે."

"હા, પણ એણે તો પંખીને પાંજરાંમાં પૂરી રાખ્યાં છે, ખરું ને? તમે કંઈ મરઘાંનાં બચ્ચાંને પાંજરાંમાં નહિ રાખો, કે રાખશો?"

"ના, અમે બચ્ચાંને રસોડામાં રાખીશું. અમે એમને સરસ મજાની જગ્યા બનાવી આપીશું, તમે ફિકર કરશો નહિ. તમે અમને સારામાં સારાં ઈંડાં આપો, સૌથી તાજાં. નહિતર બચ્ચાં નહિ બને."

"બહુ સારું, લઈ જાઓ," નાતાશાકાકી બોલ્યાં. "તમને કેવાં ઈંડાં જોઈએ એ હું સમજી ગઈ છું. બને એટલાં તાજાં આપીશ."

નાતાશાકાકી રસોડામાં ગયાં અને અંદરથી પંદર રૂપાળાં ઈંડાં લઈ આવ્યાં. દરેક ઈંડું લીસું અને એકદમ ધોળું હતું. એકેયની ઉપર ક્યાંય જરા સરખોયે ડાઘો નહોતો. કોઈ પણ માણસને તરત જ સમજાઈ જાય કે ઈંડાં તાજાં છે. નાતાશાકાકીએ ઈંડાં એક ટોપલીમાં મૂક્યાં અને રસ્તામાં ટાઢાં ન થઈ જાય એટલા ખાતર ઉપર ગરમ શાલ ઢાંકી દીધી.

દરવાજે અમને વિદાય આપતાં નાતાશાકાકી બોલ્યાં: "ઠીક ત્યારે, આવજો. તમારી મહેનત કામયાબ થાય!" બહાર અંધારું થવા લાગ્યું હતું. મિશા અને હું ઉતાવળા સ્ટેશન તરફ ચાલ્યા.

અમે ઘેર પહોંચ્યા ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. મારી માએ મને સારી પેઠે ખખડાવી નાખ્યો. મિશાની માએ પણ એની ઠીક ઝાટકણી કાઢી. પણ અમને દુ:ખ ન થયું! દુ:ખ તો અમને એ વાતનું થયું કે રાતે ખૂબ મોડું થઈ ગયું હોવાથી ઇન્ક્યુબેટરમાં ઈંડાંનું સેવન શરૂ કરી દેવાનું એ વખતે શક્ય નહોતું. અમારે એ કામ બીજા દિવસ સુધી મોકૂફ રાખવું પડ્યું.



શરૂઆત

બીજે દિવસે નિશાળેથી પાછા આવીને તરત જ અમે ઈંડાં ઇન્ક્યુબેટરમાં ગોઠવ્યાં. અંદર ઘણી જગ્યા હતી. થોડીક જગ્યા બચી પણ ખરી.

અમે ઇન્ક્યુબેટરની ઉપર ઢાંકણું ઢાંકી દીધું અને ખુલ્લી જગ્યામાં થરમૉમિટર ગોઠવી દીધું. પછી અમે લૅમ્પ ચાલુ કરવા જતા હતા એટલામાં મિશા બોલ્યો:

"પહેલાં આપણે ચોકસાઈ કરી લઈએ કે બધું રીતસર કરીએ છીએ. કદાચ પહેલાં ઇન્ક્યુબેટરને ગરમ કરીને પછી ઈંડાં અંદર મૂકવાનાં હશે તો?"

"મને ખબર નથી," મેં કહ્યું. "ચાલ, આપણે ચોપડીમાં જોઈ લઈએ."

મિશા ચોપડી કાઢીને વાંચવા લાગ્યો. એ કેટલીય વાર સુધી વાંચતો રહ્યો અને પછી બોલ્યો:

"અરે, આપણે તો આને લગભગ ગૂંગળાવી માર્યાં!"

"કોને ગૂંગળાવી માર્યાં?"

"ઈંડાંને. ઈંડાંમાં જીવ હોય છે!"

"ઈંડાંમાં જીવ?" મેં અચરજથી પડઘો પાડયો.

"હા. ચોપડીમાં આમ લખ્યું છે: 'ઈંડામાં નજરે જોઈ શકાય એવું ચેતન નથી હોતું, પરંતુ ઈંડું સજીવ હોય છે. તેમાં જીવ સુષુપ્ત અવસ્થામાં પડેલો હોય છે. ઈંડાને હૂંફ મળવા લાગે એટલે અંદર પડેલો જીવ જાગ્રત થાય છે અને ગર્ભ ધીરે ધીરે વિકસિત થઈને વખત જતાં બચ્ચાના રૂપમાં બહાર આવે છે. બધાં સજીવ પ્રાણીઓની જેમ ઈંડું પણ શ્વાસોચ્છવાસની ક્રિયા કરે છે...' જોયું? ઈંડાં પણ તારી અને મારી જેમ શ્વાસ લેતાં હોય છે."

"નકામો લવારો", મેં કહ્યું. "તું અને હું મોં વડે શ્વાસ લઈએ છીએ. ઈંડાં કઈ રીતે શ્વાસ લે?"

"આપણે મોં વડે નહિ પણ ફેફસાં વડે શ્વાસ લઈએ છીએ. હવા આપણાં મોં વાટે ફેફસાંમાં પહોંચે છે. ઈંડાં કોચલાં વાટે શ્વાસ લે છે. હવા કોચલા વાટે અંદર પહોંચે છે અને ઈંડું એ રીતે શ્વાસ લે છે."

"વારુ. ઈંડાં ભલે મરજી પડે એટલો શ્વાસ લેતાં," મેં કહ્યું. "આપણે કંઈ એમને અટકાવતા નથી, કે અટકાવીએ છીએ?"

"પણ ઈંડાંને પેટીમાં પૂરી દઈએ તો એ શ્વાસ કેવી રીતે લે? આપણે શ્વાસ લઈએ ત્યારે મોં વાટે કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળે. તું પેટીમાં પુરાઈ જાય તો થોડી વારમાં શ્વાસ મારફત એટલો બધો કાર્બન ડાયોક્સાઈડ બહાર કાઢે કે ગૂંગળાઈ જ મરે."

"હું શું કરવા પેટીમાં પુરાઈ જાઉં? મારે ગૂંગળાઈને મરી નથી જવું," મેં કહ્યું.

"ઈંડાં પણ ગૂંગળાઈને મરી જવા ન જ માગતાં હોય. અને આપણે એમને પેટીમાં પૂરી દીધાં છે."

"તો હવે આપણે એનું શું કરવાના?"

"હવાની આવજાનો બંદોબસ્ત કરવો પડશે," મિશા બોલ્યો. "બધાં ખરાં ઇન્ક્યુબેટરોમાં હવાની આવજાનો બંદોબસ્ત હોય છે."

એકેય ઈંડું ફૂટી ન જાય એની કાળજી રાખીને અમે બધાં ઈંડાં પેટીમાંથી બહાર કાઢી લીધાં અને ટોપલીમાં મૂક્યાં. પછી મિશા જઈને શારડી લઈ આવ્યો અને કાર્બન ડાયોક્સાઈડને બહાર નીકળી જવાનો માર્ગ કરવા માટે એણે ઈન્ક્યુબેટરમાં કેટલાંય નાનકડાં કાણાં પાડયાં.

એ કામ પતી ગયું એટલે અમે ઈંડાં પાછાં અંદર મૂક્યાં અને પેટીની ઉપર ઢાંકણું ઢાંકી દીધું.

"એક મિનિટ થોભી જા," મિશા બોલ્યો, "પહેલાં ઈન્ક્યુબેટર ગરમ કરવું કે પહેલાં ઈંડાં અંદર મૂકવાં એની ચોકસાઈ તો આપણે હજી કરી જ નથી."

મિશા ફરી ચોપડીમાં જોવા લાગ્યો.

"આપણે વળી પાછા મોટી ભૂલ કરી રહ્યા છીએ," એ થોડી વાર પછી બોલ્યો. "ચોપડીમાં લખ્યું છે કે ઇન્ક્યુબેટરની અંદર હવા ભેજવાળી હોવી જોઈએ. હવા સૂકી હોય તો ઈંડાની અંદરનું પ્રવાહી સુકાઈને કોચલા વાટે ઊડી જાય અને ગર્ભનો જીવ નાશ પામે. ઇન્ક્યુબેટરની અંદર પાણી ભરેલાં વાસણ મૂકવાં પડે. પાણી ગરમ થતાં વરાળ પેદા થાય અને હવાને ભેજવાળી બનાવે."

એટલે અમે બધાં ઈંડાં વળી પાછાં બહાર કાઢયાં. અમે પાણીથી ભરેલા ગ્લાસ અંદર મૂકવાની કોશિશ કરી પણ તે વધારે પડતા ઊંચા હતા એટલે ઢાંકણું ઢંકાયું નહિ. અમે કોઈ નાની ચીજની તપાસ કરી પણ કંઈ મળ્યું નહિ. એટલામાં મિશાને પોતાની નાની બહેન માયાનાં રમકડાં યાદ આવ્યાં. તેનાં રમકડાંમાં લાકડાના ટચૂકડા કટોરાનો એક સેટ હતો.

"માયાના એકબે કટોરા લઈએ તો કેમ?" મિશા બોલ્યો.

"સરસ ખ્યાલ!" મેં કહ્યું. "જા, લઈ આવ."

મિશાએ માયાનો સેટ ગોતી કાઢયો અને તેમાંથી લાકડાના ચાર નાનકડા કટોરા લઈને એ પાછો આવ્યો. કટોરા બરાબર માપસરના નીકળ્યા. અમે ચારેય કટોરામાં પાણી ભર્યું અને ઇન્ક્યુબેટરની અંદર એક એક ખૂણામાં એક એક કટોરો ગોઠવી દીધો. પછી ઈંડાં પાછાં અંદર મૂકવાની કોશિશ કરતાં અમે જોયું કે ફક્ત બાર જ ઈંડાંની જગ્યા બચી છે. ત્રણ ઈંડાં બાકી રહી ગયાં.

"કંઈ વાંધો નહિ," મિશા બોલ્યો. "બાર બચ્ચાં ઘણાં થઈ પડશે, વધારેને શું કરવાં છે? આમેય એટલાં બચ્ચાંને ખવડાવવા પુષ્કળ ખોરાકની જરૂર પડશે."

એ જ વખતે માયા અંદર આવી અને પોતાના કટોરા ઇન્ક્યુબેટરની અંદર જોઈને એણે ભેંકડો તાણ્યો.

મેં એને સમજાવી: "સાંભળ, અમે કટોરા કંઈ હંમેશને માટે નથી લઈ લીધા. આજથી એકવીસ દિવસ પછી તારા કટોરા તને પાછા મળી જશે. તને ગમે તો અમે બદલામાં ત્રણ ઈંડાં તને અત્યારે જ આપીએ."

"પણ ઈંડાંને હું શું કરું? એ તો ખાલી છે."

"ના, ખાલી નથી. અંદર જરદી, સફેદી, બધું છે."

"પણ એમાં બચ્ચાં નથી!"

"બચ્ચાં બનશે એટલે અમે એક બચ્ચું તને આપીશું."

"સાચેસાચ?"

"હા, હા. પણ હમણાં તું ભાગી જા અને અમને હેરાન ન કર. આમેય અમે શરૂઆત કેમ કરવી એની ગડમથલમાં પરેશાન થઈ ગયા છીએ. પહેલાં ઈંડાં અંદર મૂકીને પછી ઇન્ક્યુબેટર ગરમ કરવું કે પહેલાં ઇન્ક્યુબેટર ગરમ કરીને પછી ઈંડાં અંદર મૂકવાં એની ખબર નથી પડતી."

મિશાએ પાછી ચોપડી ખોલી અને વાંચી લીધું કે બેમાંથી ગમે તે રીતે શરૂઆત કરી શકાય.

"બહુ સારું," મેં કહ્યું. "વીજળી ચાલુ કરી દે એટલે શરૂઆત થઈ જાય."

"મને તો બીક લાગે છે," મિશા બોલ્યો. "મારી વાત સાંભળ. તું જ લેમ્પ ચાલુ કરી દે, મારું નસીબ હંમેશાં વાંકું જ હોય છે."

"એમ કેમ માને છે?"

"હું છું જ કમનસીબ, બસ. હું જે કંઈ કરું એ કદી સફળ થતું જ નથી."

"મારું પણ એવું જ છે," મેં કહ્યું. "હુંયે હંમેશાં બદકિસ્મત જ નીકળું છું." અમારી જિંદગીમાં બનેલા જાતજાતના બનાવો અમે યાદ કરવા લાગ્યા અને અમને લાગ્યું કે અમે બન્ને ભયંકર કમનસીબ છોકરા છીએ.

"આ કામ આપણા બેમાંથી કોઈના હાથે શરૂ થશે તો કંઈ નહિ વળે," મિશા બોલ્યો. "ચોક્કસ નિષ્ફળ થવાનું જ."

"ચાલ, આપણે માયાને કહીએ," મેં સૂચન કર્યું. મિશાએ બહેનને બોલાવી.

મેં કહ્યું: "સાંભળ, માયા, તું નસીબદાર છે ને?"

"હાસ્તો."

"તને જિંદગીમાં ક્યારેય નિષ્ફળતા મળી છે?"

"ક્યારેય નહિ."

"સરસ! હવે જો, પેટીમાં લેમ્પ દેખાય છે ને?"

"હા."

"તું જઈને એનો તાર પ્લગમાં ભરાવી દે."

માયા ઈન્ક્યુબેટર પાસે ગઈ અને એણે તાર પ્લગમાં ભરાવી દીધો.

"બીજું શું?" એણે પૂછ્યું.

"કંઈ નહિ," મિશા બોલ્યો. "હવે ભાગી જા અને અમને હેરાન ન કર."

માયા મોઢું ચડાવીને ચાલી ગઈ. અમે ઝટ ઢાંકણું ઢાંકી દીધું અને નજર થરમૉમિટર ઉપર ઠેરવી. પહેલાં તો પારો ૧૮ ડિગ્રીએ થંભેલો રહ્યો, પણ પછી ધીરે ધીરે ઊંચે ચડતો ૨૦ ડિગ્રી સુધી પહોંચ્યો. પછી જરાક વધારે વેગથી ઊંચે ચડતો ૨૫ ડિગ્રી વટાવીને ૩૦ ડિગ્રી સુધી પહોંચ્યો ત્યારે તેનો વેગ ધીમો પડી ગયો. અરધા કલાકમાં ૩૬ ડિગ્રી સુધી પહોંચીને તે થંભી ગયો. મેં એક વધારે ચોપડી લઈને લેમ્પ નીચે ગોઠવી. પારો પાછો ઊંચે ચડવા લાગ્યો. ૩૯ ડિગ્રી સુધી પહોંચીને એ તો આગળ ધપતો જ રહ્યો.

"બંધ કર!" મિશા બોલી ઊઠયો. "જો! પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. ચોપડી વધારે પડતી જાડી છે."

મેં ચોપડી ખેંચીને કાઢી લીધી અને તેની જગ્યાએ બીજી પાતળી ચોપડી ગોઠવી. પારો નીચે ઊતરવા લાગ્યો અને ૩૯ ડિગ્રી સુધી પહોંચીને એથીયે નીચે સરકતો રહ્યો.

"આ ચોપડી બહુ પાતળી છે," મિશા બોલ્યો. "ઊભો રહે, હું નોટબુક લઈ આવું."

મિશા દોડતો જઈને નોટબુક લઈ આવ્યો અને તેને લેમ્પની નીચે ઘુસાડી. પારો પાછો ઊંચે ચડવા

લાગ્યો અને ૩૯ ડિગ્રી સુધી પહોંચીને થંભી ગયો. અમે અમારી નજર થરમૉમિટર ઉપર ચોંટાડી રાખી. પારો થંભેલો જ રહ્યો.

"બરાબર," મિશા હોઠ ફફડાવતો બોલ્યો. "હવે આપણે આટલું ટેમ્પરેચર એકવીસ દિવસ સુધી એકધારું જાળવવાનું છે. તને લાગે છે કે આપણે જાળવી શકીશું?"

"બેશક જાળવી શકીશું," મેં કહ્યું.

"નહિ જળવાય તો આપણી બધી મહેનત બરબાદ થઈ જશે."

"આપણે ચોક્કસ જાળવી જ રાખીશું. કોણે કહ્યું કે નહિ જાળવીએ!"

અમે આખો દિવસ અમારા ઇન્ક્યુબેટરની પાસે બેઠા રહ્યા. અમારું લેસન પણ અમે રસોડામાં જ કર્યું અને બધો વખત થરમૉમિટરની ઉપર ધ્યાન રાખતા રહ્યા. પારો ૩૯ ડિગ્રીએ થંભેલો જ રહ્યો.

"બધું બરાબર ચાલી રહ્યું છે," મિશાએ ટૌકો કર્યો. "ટેમ્પરેચર આમ જ જાળવી રાખીએ તો બરાબર એકવીસ દિવસમાં બચ્ચાં બહાર નીકળશે. કલ્પના તો કર, બાર નાનકડાં રૂંછાંદાર મરઘડાં! બધાં મળીને કેવો કલ્લોલતો કબીલો બનશે!"

ટેમ્પરેચર ઘટી ગયું

બીજા છોકરા શું કરે છે એની મને ખબર નથી, પણ મને તો રવિવારે સવારે મોડે સુધી સૂઈ રહેવું ગમે છે. રવિવારે નિશાળે જવાનું કે ઉતાવળ કરીને બીજે ક્યાંય જવાનું ન હોય. અઠવાડિયામાં એક વાર બિછાનામાં પડયા રહેવાનું મળે. મને પૂછો તો એમાં કશું ખોટું નથી. બીજે દિવસે રવિવાર હતો પણ કોણ જાણે કેમ હું સવારમાં વહેલો જાગી ગયો. સૂરજ હજી ઊગ્યો નહોતો પણ અજવાળું થઈ ગયું હતું. હું પડખું ફેરવીને પાછો સૂઈ જવા જતો હતો એટલામાં મને એકાએક ઇન્ક્યુબેટર યાદ આવ્યું. હું ઠેકડો મારતો ખાટલામાંથી બહાર નીકળી ગયો અને જલદી જલદી કપડાં પહેરીને દોડતો મિશાને ઘેર પહોંચી ગયો. મિશાએ પોતે જ બારણું ઉઘાડયું.

મિશા નાકે આંગળી મૂકીને ફફકારો કરતો બોલ્યો:

"બધાંને જગાડી દઈશ! સવારમાં આટલો વહેલો આવીને, જાણે ઘરમાં આગ લાગી હોય એમ ઘંટડી ગજાવી મૂકવાનું તને ક્યાંથી સૂઝ્યું?"

એણે રાતનાં કપડાં પહેર્યાં હતાં અને એના પગ ઉઘાડા હતા.

"પણ તું તો જાગી ગયો છે, ખરું કે નહિ?"

"જાગી ગયો છું!" મિશા ઘૂરક્યો. "હું તો આખી રાત સૂતો જ નથી."

"કેમ?"

"કાળમુખા ઇન્ક્યુબેટરને લીધે."

"શું થયું?"

"નીચે ખાબકતું જાય છે."



"નીચે કેવી રીતે પડે? કાલે તો બરાબર મજબૂત ખડું હતું."

"કેવો મૂરખ! ઇન્ક્યુબેટર નહિ, ટેમ્પરેચર."

"એનું શું કારણ?"

"મારે પણ એ જ જાણવું છે. હું બિછાનામાં પડયો ત્યારે બધું બરાબર હતું. મરઘડાંના વિચારોમાં મને ઊંઘ જ ન આવી. ઇન્ક્યુબેટર કેમ ચાલે છે એ જોવા થોડી વાર પછી હું ઊભો થયો અને ઉતાવળો રસોડામાં ગયો. ખબર છે શું બનેલું? પારો ૩૮.૫ ડિગ્રીએ આવી ગયેલો! મેં તરત જ એક બીજી નોટબુક લેમ્પની નીચે ગોઠવી, અને ટેમ્પરેચર ૩૯ ડિગ્રી થયું ત્યાં સુધી નજર રાખી. સારું થયું કે મને ઊંઘ ન આવી, નહિતર આપણાં મરઘડાંનું આવી બન્યું હોત. જઈને સૂઈ જવાને બદલે, મેં થોડીક વાર વાટ જોઈને, આગળ શું થાય છે એ જોવાનું નક્કી કર્યું. હું ઇન્ક્યુબેટરની પાસે બેઠો. એક કલાક વીત્યો, બે કલાક વીતી ગયા, પણ ટેમ્પરેચરમાં કંઈ ફેર ન પડયો. હું સાવ નકામો બેઠો બેઠો કંટાળી ગયો એટલે એક ચોપડી લઈને વાંચવાનું શરૂ કર્યું. પણ વાર્તામાં મને એટલી મજા પડી કે થરમોમિટર સાવ ભુલાઈ ગયું. મેં નજર ઊંચી કરીને ફરી વાર જોયું ત્યારે ટેમ્પરેચર ઘટીને પાછું ૩૮.૫ ડિગ્રી થઈ ગયું હતું. વળી અરધી ડિગ્રી ઓછું થઈ ગયું હતું! મેં વળી એક નોટબુક લેમ્પની નીચે ગોઠવી એટલે ટેમ્પરેચર પાછું બરાબર થઈ ગયું. અત્યારે ટેમ્પરેચર એકધારું છે, પણ કંઈ કહેવાય નહિ કે આગળ શું થશે."

"તું હવે સૂઈ જા," મેં કહ્યું. "હું બેસીને ધ્યાન રાખીશ."

"હવે સૂઈને શું કરવું છે?" મિશા બોલ્યો. "દિવસ ચડી ગયો છે."

એ હળવે પગલે પોતાના ખંડમાં જઈને કપડાં લઈ આવ્યો અને પહેરવા લાગ્યો. પાટલૂન અને ખમીસ પહેરીને એણે બૂટની વાધરી બાંધી. પછી સોફા ઉપર લાંબો થઈને એ ઊંઘી ગયો.

"એને જગાડવો નથી," મેં નક્કી કર્યું. "આખર માણસને ક્યારેક થોડીઘણી નીંદર તો કરવી જ પડે ને!"

મેં ઇન્ક્યુબેટરની પાસે બેસીને થરમોમિટર ઉપર નજર ઠેરવી. નકામો બેસી રહેવાથી થોડી વારમાં હું કંટાળી ગયો એટલે મરઘાંબતકાંના ઉછેરની ચોપડી લઈને મેં વાંચવાનું શરૂ કરી દીધું. હું તેમાંથી

ઈન્ક્યુબેટર સંબંધી હિસ્સો વાંચી ગયો. તેમાં લખ્યું હતું કે ઈંડાં એક જ સ્થિતિમાં પડયાં રહે તો ગર્ભ કોચલાની અંદરના ભાગમાં ચોંટી જવાનો ખતરો ઊભો થાય. એમ થાય તો બચ્ચાં ખોડવાળાં અથવા બેડોળ બને, કે પછી નબળાં અને કમજોર નીકળે. ગર્ભ કોચલાને ચોંટી ન જાય તે સારુ ઈંડાંને દર ત્રણ કલાકે ફેરવવાં જરૂરી છે.

મેં ઈન્ક્યુબેટર ખોલ્યું અને ઈંડાંને ફેરવવા લાગ્યો. એ જ વખતે મિશા જાગી ગયો. ઈન્ક્યુબેટર ખુલ્લું જોઈને એ ઊછળી પડયો અને ઘાંટો પાડીને બોલી ઊઠયો: "આ શું માંડયું છે?"

હું એટલો બધો ગભરાઈ ગયો કે મારા હાથમાંથી એક ઈંડું પડતું પડતું રહી ગયું.

"કંઈ નહિ," મેં કહ્યું.

"'કંઈ નહિ' એટલે શું? ઈન્ક્યુબેટર શું કરવા ખોલ્યું છે? મેં તને કહ્યું નથી કે એકવીસ દિવસ સુધી વાટ જોવાની છે? તને એવો ખ્યાલ હશે કે તું એક જ દિવસમાં ઈંડાંમાંથી બચ્ચાં બનાવી લેશે."

"મારા મનમાં એવો કશો ખ્યાલ નથી," મેં જવાબ આપ્યો. મેં એને સમજાવવાની કોશિશ કરી કે ઈંડાંને દર ત્રણ કલાકે ફેરવવાનું જરૂરી છે, પણ એણે મારી વાત સાંભળી જ નહિ અને ગળું ફાડીને બરાડા પાડતો રહ્યો:

"ઢાંકણું ઢાંકી દે! કહું છું કે ઢાંકી દે! માણસને એક મિનિટ પણ ચેનથી સૂવા ન મળે! મારી આંખો જરાક મળી ત્યાં તેં ઈન્ક્યુબેટર ખોલી નાખ્યું!"

"મેં કંઈ ઈંડાંને ખાલી જોવા જ ઈન્ક્યુબેટર નહોતું ખોલ્યું," હું બોલ્યો.

એણે એકદમ ધસીને ઢાંકણું ઢાંકી દીધું, પણ એટલી વારમાં મેં બધાં ઈંડાં ફેરવી લીધાં હતાં.

મિશાએ એટલો બધો દેકારો કરેલો કે એના બાપુ અને મા ઉતાવળાં આવી પહોંચ્યાં.

"આટલા બધા દેકારા કેમ કરો છો?" એમણે પૂછ્યું.

"આ ગધેડાએ ઈન્ક્યુબેટર ખોલી નાખ્યું," મિશા બોલ્યો.

મેં ખુલાસો કર્યો કે ઈંડાંને ફેરવવાનું જરૂરી છે, નહિતર બચ્ચાં ખોડવાળાં બની જાય.

"કોણે કહ્યું?" મિશા બોલ્યો. "તો પછી મરઘીઓ ઈંડાં સેવતી વેળા તેમને ફેરવતી કેમ નહિ હોય?"

"મરઘીઓ ઈંડાં સેવે ત્યારે હંમેશાં તેમને ફેરવતી રહે," મિશાની માએ કહ્યું.

"ઈંડાંને ફેરવવાં જરૂરી છે એની ખબર બેવકૂફ મરઘીને કેવી રીતે પડે?" મિશાએ સવાલ કર્યો.

"તું માને છે એટલી બેવકૂફ મરઘીઓ નથી હોતી," મિશાની માએ જવાબ આપ્યો. મિશા એક મિનિટ વિચારમાં પડી ગયો.

"હવે ખ્યાલ આવે છે કે મેં પોતે જ મરઘીને ઈંડાં ફેરવતી જોઈ છે," આખરે એ બોલ્યો. "મને હંમેશાં અચરજ થતું કે મરઘી ઈંડાંને નાક વડે ધકેલતી કેમ હશે!"

મિશાના બાપુ હસી પડીને બોલ્યા: "મૂરખ છોકરો! નાકવાળી મરઘી તેં ક્યારે જોયેલી?"

"નાક એટલે ચાંચ. ચાંચ મરઘીનું નાક જ છે ને વળી!"

ટેમ્પરેચર વધી ગયું

લગભગ દસ વાગ્યે થરમૉમિટરમાં પારો કોઈ કારણસર અરધી ડિગ્રી ઊંચે ચડી ગયો. લૅમ્પ નીચેથી અમારે એક નોટબુક કાઢી લેવી પડી.

"આ વાત મને સમજાતી નથી," મિશા ગૂંચવણમાં પડી જઈને બોલ્યો. "આખી રાત ટેમ્પરેચર ઘટતું રહ્યું અને હવે પાછું વધી રહ્યું છે. અજબ વાત છે!"

જમવાના વખત પહેલાં અમારે ફરી વાર લૅમ્પ નીચેથી એક ચોપડી કાઢી લેવી પડી. ટેમ્પરેચર પાછું વધી ગયેલું. જમ્યા પછી મિશાએ સોફા ઉપર લંબાવ્યું અને પાછો ઊંઘી ગયો. સંગાથ વગર બેઠાબેઠા મને એકલું લાગ્યું એટલે હું જઈને મારું આલ્બમ લઈ આવ્યો અને નીંદરમાં પડેલા મિશાનું રેખાચિત્ર દોર્યું. કોઈ સૂતું હોય ત્યારે ચિત્ર દોરવાનું હંમેશાં સહેલું હોય છે કેમ કે માણસ નીંદરમાં હોય ત્યારે જ હલ્યા વિના પડયો રહે છે.

થોડી વાર પછી કોસ્ત્યા દેવ્યાતકિન આવ્યો. મિશાને નીંદરમાં પડેલો જોઈને એ બોલી ઊઠયો: "આને શું થયું છે? ઊંઘની બીમારી તો નથી વળગી ને?"

"ના, જરાક આરામ કરે છે," મેં કહ્યું.

કોસ્ત્યાએ મિશાની પાસે જઈને એનો ખભો હલાવ્યો:

"અરે ઊઠ, વખત થઈ ગયો!"

મિશા સફાળો જાગી ગયો.

"અરે, આ શું? સવાર થઈ ગયું?"

"સવાર!" કોસ્ત્યા હસી પડયો. "હમણાં સાંજ પડશે. ઊભો થા અને ચાલ રમવા. આમ જો, સૂરજ ચમકી રહ્યો છે અને પંખી ગાન કરી રહ્યાં છે."

"અમને રમવાનો વખત નથી, બહુ કામ પડયું છે!" મિશા બોલ્યો.

"કેવું કામ?"

"ખૂબ જરૂરી કામ."

મિશા ઈન્ક્યુબેટર પાસે ગયો અને થરમૉમિટર ઉપર નજર નાખીને ઘાંટો પાડી ઊઠયો:

"માખીઓ મારતો રહ્યો છે કે શું? બજારમાં બેઠેલા બોકડાની જેમ જમાવીને બેઠો કેમ છે? આમ જો, શું થઈ ગયું તે!"

મેં થરમૉમિટર ઉપર નજર નાખી. પારો ૩૯.૫ ડિગ્રીએ પહોંચી ગયો હતો.

મિશાએ ઝટ લૅમ્પ નીચેથી એક ચોપડી ખેંચી કાઢી.

"હું જાગી ન ગયો હોત તો તેં ટેમ્પરેચર ૪૦ ડિગ્રી થઈ જવા દીધું હોત, નક્કી!" એ ગુસ્સામાં ગરજી ઊઠયો.

"તું બધો વખત ઘોર્યા કરે એમાં મારો કંઈ વાંક નથી," મેં કહ્યું.

"કાલે આખી રાત હું સૂતો નહિ એમાં શું મારો વાંક હતો?"

"એમાં વાંક મારોયે નહોતો," હું બોલ્યો.

કોસ્ત્યાનું ધ્યાન ઈન્ક્યુબેટર ઉપર ગયું.

"આ શું છે? પાછું વરાળનું ઍન્જિન બનાવ્યું છે કે શું?" એણે પૂછ્યું.

"તું સાવ બોઘો લાગે છે! આ શું વરાળના ઍન્જિન જેવું દેખાય છે?"

"ઠીક હવે, પણ છે શું?"

"ભેજું ચલાવ!"

કોસ્ત્યા માથું ખજવાળતો બોલ્યો: "વરાળની ટર્બાઈન હશે."

"ખોટું. ફરી કોશિશ કર."

"તો પછી કોઈ જાતનું જેટ-ઍન્જિન હોવું જોઈએ."

મિશા અને હું ખડખડાટ હસી પડયા. "સો વરસ ભેજું ચલાવતો રહીશ તોયે સાચો ખ્યાલ નહિ આવે!"

"સારું, બોલો, શું છે?"

"ઈન્ક્યુબેટર."

"અરે, ઈન્ક્યુબેટર! સમજયો. એ શું કામ કરે?"

"ઈન્ક્યુબેટર શું કામ કરે એનીયે તને ખબર નથી?" મિશા બોલ્યો. "એમાં મરઘાંનાં બચ્ચાં બને."

"અને બચ્ચાં કઈ ચીજમાંથી બને?"

મિશાએ કંટાળાના ભાવે મોં બગાડયું: "ઈંડાંમાંથી વળી, ભોટ ક્યાંનો!"

"અરે હા, ઈંડાંમાંથી! બેશક. મરઘીને બદલે આનો ઉપયોગ થાય. મને એ વિશે બધી ખબર છે, પણ મને એમ હતું કે એનું નામ મરઘીમશીન હશે. ઈંડાં ક્યાં છે?"

"અહીંયાં પેટીમાં."

"બતાવો જોઉં."

"ના, એ નહિ બને. સૌને ઈંડાં બતાવતા રહીએ તો બચ્ચાં ક્યારેય ન બને. તારે ઈંડાં જોવાં જ હોય તો અમે એને ફેરવીએ ત્યાં સુધી બેસ, એ વખતે જોઈ લેજે."

"ઈંડાં તમે ક્યારે ફેરવવાના?"

મિશાએ અને મેં જલદી જલદી ગણતરી કરી તો ઈંડાં ફેરવવાનો વખત આઠ વાગ્યે નીકળ્યો.

કોસ્ત્યા વાટ જોઈને બેસવા તૈયાર થઈ ગયો. મિશા જઈને શેતરંજ લઈ આવ્યો અને અમે રમવા બેસી ગયા. સાચું પૂછો તો ત્રણ જણ શેતરંજ રમવા બેસે એમાં મજા ન આવે કેમ કે ખરેખર તો બે જ જણ રમી શકે, અને ત્રીજો બેઠોબેઠો સલાહ આપ્યા કરે. એમાંથી કદી સારું પરિણામ ન આવે. જીતી જાઓ તો એમ કહેવાય કે મદદ મળી એટલે જીત થઈ, અને હારી જાઓ તો સૌ હસીને મશ્કરી કરે કે કોઈ મદદ કરે તોયે રમતાં નથી આવડતું. શેતરંજની રમત ફક્ત બે જ જણે રમવી જોઈએ, બીજા કોઈએ એમાં દખલ ન કરવી જોઈએ.

આખરે આઠ વાગ્યા. મિશા ઇન્ક્યુબેટર ખોલીને ઈંડાં ફેરવવા લાગ્યો, અને કોસ્ત્યા એની પાસે ઊભો ઊભો ગણતો ગયો.

"દસ, અગિયાર," કોસ્ત્યા બોલ્યો. "અગિયાર ઈંડાં. તો અગિયાર બચ્ચાં થશે, ખરું ને?"

"અગિયાર?" મિશાએ અચરજમાં પડઘો પાડયો. "તેં ભૂલ કરી છે. બાર ઈંડાં હતાં. નક્કી કોઈએ એક ઈંડું ચોરી લીધું લાગે છે. ભારે શરમની વાત છે! થોડીક વાર આરામ કરવા લાંબા થઈએ ત્યાં એક ઈંડું ચોરાઈ જાય. તું શું બેઠો બેઠો માખીઓ મારતો હતો?" એ મારી ઉપર વરસી પડયો. "તારું કામ ધ્યાન રાખવાનું હતું!"

"મેં બરાબર ધ્યાન રાખેલું. બધો વખત હું અહીંયાં જ હતો. ફરી વાર ગણી જોઈએ. કોસ્ત્યાએ ભૂલ કરી હશે."

મિશાએ ઈંડાં ગણી જોયાં તો તેર થયાં.

"જોઈ લો," એ ઘૂરક્યો. હવે એક ઈંડું વધી ગયું. કોણે મૂક્યું હશે?"

પછી ઈંડાંને મેં ગણી જોયાં. બરાબર બાર થયાં.

"જોયા ગણતરીના ઉસ્તાદ!" મેં કહ્યું. "બાર સુધી ગણતાંયે નથી આવડતું."

"અરેરે..." મિશાએ પોક મૂકી. "ગોટાળો થઈ ગયો. એક ઈંડું ફેરવવાનું બાકી હતું અને હવે મને યાદ જ નથી કે કયું ઈંડું."

મિશા યાદ કરવાની કોશિશ કરી રહ્યો હતો એટલામાં માયા દોડતી અંદર આવી. એ સીધી ઇન્ક્યુબેટર પાસે પહોંચી ગઈ અને સૌથી મોટા ઈંડા તરફ આંગળી ચીંધીને બોલી:

"આ ઈંડામાંથી નીકળે એ બચ્ચું મારું."

મિશા અને હું ગુસ્સે થઈ ગયા અને અમે એને ધક્કો મારીને આઘી હડસેલી. "ફરી વાર અહીંયાં આવીને અમને હેરાન કરીશ તો તને એકેય બચ્ચું નહિ મળે," અમે એને દબડાવી. માયાએ ભેંકડો તાણ્યો:

"તમે મારા કટોરા લઈ લીધા છે. ગમે એટલી વાર જોવાનો મને હક છે."

"હક છે, એમ કે? જોઈ લઈશું તારો હક," મિશા બોલ્યો, અને માયાને બહાર કાઢીને એણે બારણું જોરથી વાસી દીધું.

"હવે આપણે શું કરવાના?" હું બોલ્યો. "બધાં ઈંડાં ફરી વાર ફેરવી નાખીશું?"

"ના, ન ફેરવીએ તો સારું, નહિતર ઈંડાં વળી પાછાં પહેલાંની સ્થિતિમાં આવી જશે. એક ઈંડું એમ ને એમ ભલે રહેતું. આગલી વાર વધારે કાળજી રાખીશું."

"તમે ઈંડાં ઉપર નિશાની કરતા જાઓ તો તમને ખબર પડે કે કયું ઈંડું ફેરવાઈ ગયું છે અને કયું નથી ફેરવાઈ ગયું," કોસ્ત્યાએ સૂચન કર્યું.

"કેવી રીતે?" મિશાએ પૂછ્યું.

"ચોકડી લગાવતા જાઓ."

"ના, નંબર લખીએ." મિશા પેનસિલ લઈ આવ્યો અને એણે એકથી લઈને બાર સુધી દરેક ઈંડા ઉપર એક એક નંબર લખી નાખ્યો.



"આગલી વાર ઈંડાં ફેરવીએ ત્યારે બધા નંબર નીચે ચાલ્યા જશે, અને ત્યાર પછી ફેરવીએ ત્યારે નંબર વળી પાછા ઉપર આવી જશે. હવે ભૂલ થવાનો સંભવ નથી," મિશાએ કહ્યું અને ઈન્ક્યુબેટર બંધ કરી દીધું.

કોસ્ત્યા જવા લાગ્યો ત્યારે મિશાએ એને કહ્યું:

"નિશાળમાં કોઈને ઈન્ક્યુબેટરની વાત કરતો નહિ."

"કેમ?"

"અરે, કોને ખબર... છોકરા કદાચ મશ્કરી કરે."

"મશ્કરી શું કરવા કરે? ઈન્ક્યુબેટર તો ઉપયોગી વસ્તુ છે."

"તને તો ખબર જ છે કે છોકરા કેવા છે. અમને કહેશે કે અમે ઈંડાં સેવતી મરઘીઓની જોડી છીએ. અને ધારો કે ઈન્ક્યુબેટર કામયાબ ન થાય. તો પછી મશ્કરીનો કદી અંત જ નહિ આવે."

"પણ નાકામયાબ શું કરવા થાય?"

"ગમે તે બની શકે. આ બધું તું ધારે છે એટલું સહેલું નથી. કંઈ કહેવાય નહિ, કદાચ રીત જ ખોટી હોય. એટલે તું કંઈ બોલતો નહિ."

"સારું, હું કોઈને વાત નહિ કરું," કોસ્ત્યાએ કહ્યું.

માયાએ મદદ કરી

"કેમ, બધું બરાબર છે ને?" બીજે દિવસે સવારે મિશા મને મળ્યો ત્યારે મેં પૂછ્યું.

"સરસ, પણ ટેમ્પરેચર આખી રાત ઘટતું રહ્યું."

"તો કાલે રાતે પણ તું જરાય સૂતો નહિ?"

"ના, મેં ચાલાકી કરી. મેં એલાર્મ ઘડિયાળ ચાવી દઈને તકિયા પાસે મૂકી રાખ્યું. દર ત્રણ કલાકે ઘડિયાળની ઘંટડી મને જગાડી દેતી."

"પણ ટેમ્પરેચર ઘટતું કેમ રહ્યું? દિવસે તો બધો વખત વધતું રહ્યું હતું," હું બોલ્યો.

"એનું કારણ મને સમજાઈ ગયું," મિશાએ કહ્યું. "રાતે ઠંડક રહેતી હોય છે એટલે ઇન્ક્યુબેટર ઝડપથી ઠંડું થાય છે. પણ દિવસે ગરમી હોય છે. એટલે જ ટેમ્પરેચર રાતે ઘટતું રહે છે અને દિવસે વધતું રહે છે."

"આપણું કામ કેવી રીતે ચાલશે?" મેં પૂછ્યું. "આપણે નિશાળે જઈશું ત્યારે ટેમ્પરેચરનું ધ્યાન કોણ રાખશે?"

"કદાચ માયા મદદ કરે. ચાલ, આપણે પૂછી જોઈએ."

મિશાએ માયાને બોલાવીને પૂછ્યું કે અમે નિશાળે જઈએ ત્યારે તું ઇન્ક્યુબેટરનું ધ્યાન રાખીશ?

"ના, હું તો નહિ રાખું," એણે જવાબ આપ્યો. "કાલે તેં મને બહાર હડસેલી દીધેલી અને આજે મારી મદદ માગવા આવ્યો છે."

મેં એને સમજાવી: "આમ જો, બચ્ચાં મરી જાય એ તો તને નહિ ગમે ને, કે ગમશે? બરાબર ધ્યાન નહિ રાખીએ તો બચ્ચાં મરી જશે, અને તારા ભાગનું બચ્ચુંયે ભેગું મરી જશે. અમે અમારી ખાતર તારી મદદ નથી માગતા, મરઘાંનાં બચ્ચાં ખાતર માગીએ છીએ."

મેં એવી રીતે સમજાવી એટલે માયા ના ન પાડી શકી. શું શું કરવાનું છે એ બધું મેં એને બતાવ્યું.

"આ થરમૉમિટર જો," મેં કહ્યું. "પારો બરાબર ૩૯ ડિગ્રીએ રહેવો જોઈએ. તને યાદ રહેશે?"

"હા, રહેશે."

પૂરી ચોકસાઈ કરવા મેં પારો જ્યાં રહેવો જોઈએ ત્યાં લાલ પેનસિલ વડે નિશાન કર્યું.

"ધ્યાન રાખજે કે કંઈ ગોટાળો ન થઈ જાય," મેં કહ્યું. "પારો જરા જેટલોયે ઊંચે જવા લાગે કે તરત જ લેમ્પ નીચેથી એક નોટબુક ખેંચી કાઢજે. લેમ્પ નીચો થાય એટલે થરમૉમિટરમાં પારો પણ નીચે ઊતરી જશે. સમજી?"

"હા, સમજાઈ ગયું."

પછી મેં એને ઈંડાં કેમ ફેરવવાં એ બતાવ્યું અને તાકીદ કરી કે ઘડિયાળમાં અગિયારના ડંકા વાગે એટલે ઇન્ક્યુબેટર ખોલીને ઈંડાં ફેરવી નાખજે.

માયાના મગજમાં બધું બરાબર ઊતરી ગયું. એ બધું બરાબર સમજી છે એની ખાતરી કરવા મેં બધી સૂચનાઓ એને મોઢે બોલાવી જોઈ. પછી મિશા અને હું નિશાળે ચાલ્યા ગયા.

અમે વર્ગમાં દાખલ થયા કે તરત જ કોસ્ત્યાએ અમને પૂછ્યું: "તમારું ઇન્ક્યુબેટર કેમ ચાલે છે?"

મિશાએ હોઠ વડે ફફકારો કરીને એને હળવે બોલવા કહ્યું, અને કોઈ સાંભળતું હોય તો જોવા કોસ્ત્યાના ખભા ઉપરથી બધે નજર ફેરવી.

"હું તો સાવ હળવે બોલ્યો'તો," કોસ્ત્યાએ બચાવ કર્યો.

"હળવે!" મિશા ઘૂરક્યો. "તું ગળું ફાડીને ઘાંટા પાડી રહ્યો'તો."

"સારું, ચુપ રહીશ. પણ બીજા છોકરાઓને જણાવીએ તો ખોટું શું છે?"

"કોઈને વાત કરી છે તો પછી અમને મળવા ફરી વાર આવતો નહિ. તેં વાત ખાનગી રાખવાનું વચન આપેલું, અને હવે તું..."

"સારું, હું કંઈ નહિ બોલું. સાંભળો, મને સરસ ખ્યાલ આવ્યો છે. પ્રાકૃતિક ઈતિહાસના વર્ગમાં હું માર્યા પેત્રોવ્નાને તમારા ઇન્ક્યુબેટરની વાત જણાવીશ. એમને ખૂબ ખુશી થશે."

"હિંમત કરજે તો ખરો! માર્યા પેત્રોવ્નાને કહીશ એટલે આખો વર્ગ સાંભળશે."

"બહુ સારું, હું મૂંગો રહીશ, કબર જેવો ચુપ."

કોસ્ત્યા મોં ઉપર હાથ દબાવીને ચાલ્યો ગયો. પણ અમે સાફ જોઈ શક્યા કે અમારા ઇન્ક્યુબેટરની વાત કોઈને કરવાનો કીડો એના મગજમાં સળવળી રહ્યો છે.

વર્ગ શરૂ થઈ ગયો. ઇન્ક્યુબેટરની ફિકરમાં મિશા માંડ માંડ બેઠો રહી શકતો હતો.

"માયા કશીક ભૂલ કરી બેસશે તો શું થશે?"

"પણ ભૂલ કેવી રીતે કરવાની?"

"ટેમ્પરેચરનું ધ્યાન રાખવાનું જ ક્યાંક ભૂલી જાય!"

"પણ મેં બરાબર સમજાવ્યું છે."

"ઘરમાં બેઠીબેઠી કંટાળી જાય અને બહાર રમવા ચાલી જાય તો?"

"એણે ખાતરી આપી છે કે નહિ જાય."

"ઇન્ક્યુબેટરમાંથી કટોરા કાઢી લે તો?"

"ના, એમ નહિ કરે."

"બલ્બનો તાર કદાચ બળી જાય. તો આપણે શું કરવાના?"

પ્રાકૃતિક ઈતિહાસના વર્ગમાં મિશા અને હું એટલી બધી વાતો કરતા રહ્યા કે માર્યા પેત્રોવ્નાએ અમને અલગ અલગ બેસાડયા. મિશા વર્ગને બીજે છેડે તોફાનના વાદળાની જેમ બેઠોબેઠો મને તાકતો રહ્યો. અધૂરામાં પૂરું, કોસ્ત્યા ગોળ વાળેલો હાથ મોં આડે રાખીને હોઠ ફફડાવતો જોરથી બોલ્યો:

"એ મિશા! તારા ઇન્ક્યુબેટરની વાત હમણાં માર્યા પેત્રોવ્નાને કહી દેવાનો છું."

મિશા પોતાની જગ્યાએ બેઠોબેઠો અમળાવા લાગ્યો અને જવાબમાં ફૂંફાડો મારતો બોલ્યો: "દગાખોર! ચાડિયો!"

પણ કોસ્ત્યાએ હાથ ઊંચો કરી દીધો હતો.

"હા, કોસ્ત્યા, શું કહેવું છે?" માર્યા પેત્રોવ્નાએ પૂછ્યું.

મિશાએ કોસ્ત્યા સામે મુક્કી હલાવી.

"માર્યા પેત્રોવ્ના, ઇન્ક્યુબેટર એટલે શું?" કોસ્ત્યાએ નિર્દોષ ભાવે પૂછ્યું.

માર્યા પેત્રોવ્નાએ ઇન્ક્યુબેટર વિશે સમજાવવાનું શરૂ કર્યું. એમણે કહ્યું કે ખૂબ લાંબા વખત પહેલાં લોકોએ મરઘી વિના જ ઈંડાંનાં સેવનની કરામત શીખી લીધી હતી. તેઓ ઈંડાંને અમુક ટેમ્પરેચરનો ગરમાવો આપીને તેમાંથી મરઘાંબતકાંનાં બચ્ચાં બનાવી લેતા. પ્રાચીન મિસર અને ચીન જેવા દેશોમાં

પણ બે હજાર વરસ પહેલાં લોકો ઈન્ક્યુબેટરનો ઉપયોગ કરતા. પ્રાચીન મિસરવાસીઓએ બનાવેલાં ઈન્ક્યુબેટર પુરાવિદોએ શોધી કાઢ્યાં છે. બેશક, એ ઈન્ક્યુબેટર બહુ મોટાં નહોતાં અને તેમાં એકીવખતે બહુ ઝાઝાં ઈંડાંનું સેવન નહોતું થઈ શકતું. આજનાં ઈન્ક્યુબેટર એકીસાથે કેટલાય હજાર ઈંડાંનું સેવન કરે છે.

"મારા ઓળખીતા બે છોકરાએ જાતે ઈન્ક્યુબેટર બનાવ્યું છે," કોસ્ત્યા બોલ્યો. "તમને લાગે છે કે એમાં ઈંડાંમાંથી મરઘાનાં બચ્ચાં બનશે?"

"હાથે બનાવેલા ઈન્ક્યુબેટરમાં ઈંડાંનું સેવન કરીને બચ્ચાં બનાવી શકાય ખરાં," માર્યા પેત્રોવ્નાએ જવાબ આપ્યો, "પણ એમાં ખૂબ તકલીફ પડે. કારખાનાંમાં બનેલાં ઈન્ક્યુબેટર ટેમ્પરેચર અને ભેજના નિયંત્રણની જાતજાતની કરામતો ધરાવતાં હોય છે, પણ હાથે બનાવેલાં ઈન્ક્યુબેટર ઉપર કાળજીથી ધ્યાન રાખવું પડે છે. તારા દોસ્તો ખંતીલા અને ગંભીર હશે તો સફળ થશે, પણ મિશા અને કોલ્યા જેવા હશે તો સફળ નહિ થાય."

"કેમ?" મિશા બોલી ઊઠયો.

"કેમ કે વર્ગમાં પણ તારું વર્તન ખરાબ છે અને તું બેધ્યાન રહે છે," માર્યા પેત્રોવ્નાએ કહ્યું અને વર્ગમાં પાઠ આગળ ચલાવ્યો.

તે દિવસે અમે નિશાળમાંથી બહાર નીકળી રહ્યા હતા એટલામાં વીત્યા સ્મિર્નોવે અમને પકડી પાડયા અને કહ્યું કે આજે કિશોર પ્રાણીવિજ્ઞાન મંડળીમાં કામ કરવાનો વારો તમારો છે.

"ના, ના, આજે અમે નહિ આવી શકીએ," મિશા ઉત્તેજિત થઈ ગયો. "આજે અમને મુદ્દલ વખત નથી."

"તમને કોઈ પણ કામ માટે ક્યારેય વખત નથી હોતો. તમારે આવવું જ ન હોય તો પછી મંડળીમાં જોડાયા છો શું કરવા? આજકાલ વસંતના દિવસો ખૂબ કામના દિવસો હોય છે. પંખીઘર બનાવવાનાં છે."

"પંખીઘર થોડા દિવસ પછી બનાવી લઈશું."

"પણ પંખીઓ તો હવે જલદી આવી પહોંચશે."

"ના, નહિ આવે."

"તું કહેવા શું માગે છે? પંખીઓ તારી વાટ જોવાનાં કે?"

"હા, થોડાક દિવસ વાટ જોશે," મિશા બોલ્યો.

અમે દોડતા ઘેર પહોંચી ગયા. ત્યાં બધું બરાબર હતું એ જોઈને અમને નિરાંત થઈ. બલ્બનો તાર નહોતો બળી ગયો અને ટેમ્પરેચર બરાબર હતું. માયા ઈન્ક્યુબેટરની પાસે ધ્યાન રાખતી બેઠી હતી. અમે માયાનો આભાર માન્યો અને એને રમવા બહાર મોકલી દીધી.

આફત

એ વખતથી અમારી જિંદગી રોજિંદી કામગીરીઓની ઘટમાળ બની ગઈ—થરમૉમિટર ઉપર નજર રાખવી, ઈંડાંને દર ત્રણ કલાકે ફેરવવાં, અને ટાંકીમાં તેમ જ કટોરાઓમાં નવું પાણી ભરતા રહેવું કેમ

કે ગરમીને કારણે પાણી ઝડપથી સુકાઈ જતું હતું. એ બધું કામ સખત મહેનત કહી શકાય એવું તો નહોતું જ, પણ બધો વખત સાવધાન રહેવું પડતું. સાવધાન ન રહીએ તો કંઈ ને કંઈ ગોટાળો થઈ જાય એવો સંભવ હતો—કાં તો ટેમ્પરેચર અચાનક વધી જાય અથવા ઈંડાં ફેરવવાનું જ ભૂલી જઈએ. અમારે બધો વખત ઈન્ક્યુબેટર ઉપર ધ્યાન લગાવી રાખવું પડતું.

મિશાની પરેશાની સૌથી વધારે હતી કેમ કે એને રાતે ધ્યાન રાખવું પડતું. એને રાતે સરખી નીંદર ન મળતી એટલે એ દરરોજ શરદની માખીની જેમ અરધો બેભાન જેવો ભટકતો રહેતો. એ ઘણી વાર જમ્યા પછી રસોડામાં સોફા ઉપર લંબાવીને થોડીક નીંદર કરી લેતો. એ સૂતો હોય ત્યારે હું મારી ચિત્રોની નોટબુકમાં એનાં રેખાચિત્રો દોરી લેતો.

પાંચ દિવસ અને પાંચ રાત સુધી એમ જ ચાલતું રહ્યું. છઠ્ઠે દિવસે નિશાળમાં વર્ગ ચાલી રહ્યો હતો એ વખતે જ મિશાને ઊંઘ આવી ગઈ. બેશક, નાદેઝ્દા વિક્તોરોવ્નાએ એને ઠપકો આપ્યો અને વર્ગના બધા છોકરાઓએ એની ઠેકડી ઉડાડી.

મિશાને ખૂબ માઠું લાગ્યું. બીજાની ઠેકડી ઉડાડવાનું સૌને ગમતું હોય છે, પણ પોતાની ઠેકડી ઉડાડવામાં આવે એ કોઈને નથી ગમતું.

સૌથી બૂરી વાત તો એ બની કે તે દિવસે હું મારાં રેખાચિત્રો બીજા છોકરાઓને બતાવવા નિશાળે લઈ ગયેલો. છોકરા તરત જ સમજી ગયા કે મેં દોરેલાં ચિત્રો જુદી જુદી હાલતમાં ઊંઘતા મિશાનાં છે. ચિત્રોમાં મિશા લાંબો થઈને, બેઠોબેઠો, અને અરધો ઊભોઊભો નીંદરમાં પડેલો દેખાતો હતો.

"તું તો ખરેખર ઊંઘવાનો ચેમ્પિયન નીકળ્યો," લ્યોશા કુરોચકિને મિશાને કહ્યું.

"આણે તો આખી દુનિયાના બધા ઊંઘણશીઓને હરાવી દીધા!" સેન્યા બોબરોવે ટાપસી પૂરી. "ઘૂસની જેમ દિવસમાં ચોવીસ કલાક ઊંઘે છે!"

ચિત્રો એક પછી બીજા હાથમાં ફરતાં રહ્યાં. સૌ રમૂજી ટકોર કરતા ખડખડાટ હસતા રહ્યા.

"તારાં આ નખોદિયાં ચિત્રો અહીં શું કરવા લઈ આવ્યો?" મિશા મારી ઉપર વરસી પડયો.

"મને શી ખબર કે ચિત્રો છોકરાઓને આટલાં રમૂજી લાગશે?" મેં કહ્યું.

"તું જાણી જોઈને લાવ્યો છે. તારો ઈરાદો હતો કે આખો વર્ગ મારી ઠેકડી ઉડાડે. બહુ મજાનો દોસ્ત નીકળ્યો તું! આજથી તારે ને મારે કશો સંબંધ નહિ."

"મિશા, હું સોગન ખાઈને કહું છું કે જાણી જોઈને નથી લાવ્યો, સાચું કહું છું. મને આવી ખબર હોત તો મેં તારાં ચિત્રો દોર્યાં જ ન હોત," મેં એના આક્ષેપનો જવાબ આપતાં કહ્યું.

પણ મિશા આખો દિવસ મારી જોડે ન બોલ્યો. સાંજે એણે કહ્યું:

"મારી ઠેકડીનાં કાર્ટૂન બનાવવાને બદલે ઈન્ક્યુબેટર તારે ત્યાં લઈ જા અને રાતે ધ્યાન રાખવાનું કામ તું ખુદ કરી જો."

"મને વાંધો નથી," મેં જવાબ આપ્યો. "તેં પાંચ રાત ધ્યાન રાખ્યું છે. હવે મારો વારો."

અમે ઈન્ક્યુબેટર મારે ત્યાં લઈ ગયા અને મારી પરેશાની શરૂ થઈ ગઈ.

દરરોજ રાતે હું એલાર્મ ઘડિયાળ મારા તકિયા પાસે મૂકી રાખતો અને ઘંટડી મધરાતે મારા કાન

ગજાવી દેતી. હું ઊભો થઈને લથડિયાં ખાતો રસોડામાં જતો, ટેમ્પરેચર તપાસી જોતો, ઈંડાં ફેરવતો, અને પાછો લથડિયાં ખાતો જઈને બિછાનામાં પડતો. મોટે ભાગે ફરી વાર ઊંઘ આવતાં વાર લાગતી અને આંખ જરાક મળે ત્યાં ઘડિયાળની ઘંટડી વળી પાછી વાગી ઊઠતી. મને ઊંઘવા ન દેવા બદલ ઘડિયાળના ભુક્કા ઉડાવી દેવાનું મને મન થઈ આવતું.

દરરોજ સવારે હું જાગું ત્યારે મારા માથામાં ઊંઘનું ઘેન એટલું બધું ભરેલું રહેતું કે હું બિછાનામાંથી માંડ માંડ બહાર નીકળી શકતો. અરધો ઊંઘતો અરધો જાગતો હું કપડાં પહેરવા લાગતો અને મને ખબર પડે તે પહેલાં હું પાટલૂન માથેથી પહેરવાની અને ખમીસની બાંયમાં પગ ઘુસાડવાની કોશિશમાં અટવાઈ જતો. એક વાર તો મેં પગમાં બૂટ અવળા પહેરી લીધા—જમણા પગનો બૂટ ડાબા પગમાં અને ડાબા પગનો બૂટ જમણા પગમાં. છોકરાઓનું ધ્યાન પડતાં એમણે મારી ઠેકડી ઉડાડી અને મારે ચાલતા વર્ગમાં બૂટ બદલવા પડયા.

પણ સૌથી ભયંકર આફત તો દસમી રાતે પડી. હું ઘડિયાળમાં ચાવી ભરવાનું ભૂલી ગયેલો કે ઘંટડીનો અવાજ મેં સાંભળ્યો જ નહિ, એની મને ખબર નથી. હું રાતે બિછાનામાં પડયો અને સવાર સુધી ઊઠયો જ નહિ. મારી આંખો ઊઘડી ત્યારે દિવસ ચડી ગયો હતો. પહેલાં તો મને સમજાયું જ નહિ કે શું બની ગયું છે, પણ પછી યાદ આવ્યું કે હું રાતમાં ઊઠયો જ નહોતો. હું બિછાનામાંથી ઠેકડો મારતો ઈન્ક્યુબેટર તરફ દોડયો. થરમૉમિટરમાં ૩૭ ડિગ્રી ટેમ્પરેચર હતું. જરૂર કરતાં પૂરી બે ડિગ્રી ઓછું! મેં ઝટ ઝટ બે નોટબુક લૅમ્પ નીચે ઘુસાડી દીધી. પણ મારું દિલ કહેતું હતું કે હવે બધું નકામું છે. ઈંડાં તો સાવ ટાઢાં થઈ ગયાં હશે. દસ દિવસની સખત મહેનત બરબાદ થઈ ગઈ! ઈંડાંની અંદર ગર્ભ ખાસા મોટા થઈ ગયા હશે અને મેં નખોદ વાળી નાખ્યું!

મારી જાત ઉપર મને એટલો બધો ગુસ્સો આવ્યો કે મેં મારા માથા ઉપર મુક્કો લગાવી દીધો.

પારો ધીરે ધીરે ઊંચે ચડતો ગયો અને ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યો. થરમૉમિટર ઉપર નજર માંડીને હું ગમગીન ભાવે વિચારવા લાગ્યો:

"ટેમ્પરેચર તો ધોરણસર થઈ ગયું. ઈંડાં બરાબર પહેલાં જેવાં જ દેખાય છે, પણ અંદરથી બધાં મરી ગયાં છે અને હવે એમાંથી બચ્ચાં નહિ બને."

કદાચ એમ ન પણ બન્યું હોય, ગર્ભ ખતમ થઈ જાય એટલો બધો વખત કદાચ ટેમ્પરેચર ઓછું નહિ રહ્યું હોય. એક જ રસ્તો છે—ઈંડાંને ગરમી આપવાનું ચાલુ રાખવું. એકવીસમે દિવસે બચ્ચાં ન નીકળે તો જ ખાતરી થાય કે ગર્ભ આ વખતે ખતમ થઈ ગયા હશે. સંભવ છે કે ખતમ ન થઈ ગયા હોય. પણ મને તો અગિયાર દિવસ પછી જ ખબર પડે!

"કલ્લોલતો કબીલો અલોપ થઈ ગયો!" હું અફસોસના ભાવે વિચારવા લાગ્યો. "બાર નાનકડાં મરઘડાંને બદલે હવે એક બચ્ચુંયે નહિ હોય."

એ જ વખતે મિશા અંદર આવ્યો. થરમૉમિટર ઉપર નજર નાખીને એ આનંદથી બોલી ઊઠયો:

"સરસ! ટેમ્પરેચર બિલકુલ બરાબર છે. કામ મજાનું ચાલે છે. હવે મારો વારો, હું રાતપાળી કરીશ."

મેં કહ્યું: "ના, મને જ રાતપાળી ચાલુ રાખવા દે તો સારું. તું શું કરવા નકામો હેરાન થાય?"

"નકામો કેમ?"

"ધાર કે બચ્ચાં ન બને?"

"બચ્ચાં ન બને તોયે બધી સખત મહેનત તારે એકલાને કરવાનું કશું કારણ નથી. આપણે દોસ્તો છીએ એટલે દરેક પોતાના ભાગની મહેનત કરે."

શું કહેવું તેની મને સમજણ જ ન પડી. ભૂલ કબૂલ કરી લેવાની હિંમત મારામાં નહોતી એટલે મેં કંઈ જ ન કહેવાનું નક્કી કર્યું. હું જાણું છું કે મારું એવું વર્તન ઠીક નહોતું, પણ હું લાચાર હતો.

પાયોનિયર રૅલી

કોસ્ત્યા દરરોજ અમને મળવા આવતો અને પછી જઈને છોકરાઓને જણાવતો કે ઈન્ક્યુબેટરમાં ઈંડાંનું સેવન કેવું ચાલી રહ્યું છે. ઈન્ક્યુબેટર મિશાએ અને મેં બનાવ્યું છે એ વાત કોસ્ત્યા બેશક કોઈને ન બતાવતો. એણે એવી ગપ મારેલી કે ઈન્ક્યુબેટર બનાવનારા છોકરા બીજી નિશાળના છે.

એક દિવસે વીત્યા સ્મિર્નોવે કોસ્ત્યાને કહ્યું: "મારે એ છોકરાઓને મળવું છે."

"શું કરવા?"

"છોકરા હોશિયાર લાગે છે. એવા થોડાક છોકરા આપણી કિશોર પ્રકૃતિવિજ્ઞાન મંડળીમાં આવે તો ફાયદો થાય. આપણું કામ સરસ ચાલે. મિશા અને કોલ્યા જેવા છોકરાઓ પાસેથી તો કંઈ જ કામ ન કરાવી શકાય. એમને કામ કરવાની મુદ્દલ મરજી જ નથી. એમણે ઝાડ રોપવામાં મદદ ન કરી અને હવે એ બન્ને પંખીઘરો પણ નથી બનાવતા..."

મિશા અને મારી તરફ મિચકારો કરીને કોસ્ત્યાએ કહ્યું: "ઈન્ક્યુબેટરવાળા છોકરાઓએ પણ ઝાડ નથી રોપ્યાં."

"એ તો વાત જ જુદી છે. એમની પાસે તો એ સિવાય પણ પુષ્કળ કામ છે."

કોસ્ત્યાએ જેની વાત કરેલી એ છોકરા મિશા અને હું છીએ એવી શંકા પણ વીત્યાને કદી ન આવી. અને અમારાં માથાં ઉપર ખરેખર ખૂબ પરેશાનીઓ હતી. ઈન્ક્યુબેટરને લીધે અમે લેસન બરાબર નહોતા કરી શક્યા, એટલે અમને બન્નેને ગણિતમાં પાંચમાંથી બે જ માર્ક મળ્યા.

અલેક્સાન્દર યેફ્રેમોવિચે મને એક દાખલો પાટિયા ઉપર કરી બતાવવા કહ્યું. હું દાખલો ન કરી શક્યો એટલે મને બે માર્ક મળ્યા. પછી એમણે મિશાને બોલાવીને ૨ + માર્ક આપ્યા. અમે એને જ લાયક હતા કેમ કે ભણવામાં અમે ધ્યાન જ નહોતું આપ્યું. પણ તે છતાંયે ઓછા માર્ક મળે એ ખૂબ અણગમતી વાત તો છે જ.

"તારી બાબતમાં હાલત બહુ ખરાબ નથી," મિશા બોલ્યો. "તને તો સાદા બે માર્ક મળ્યા છે, પણ મને ૨ + મળ્યા છે."

"તું તો મૂરખ છે, ૨ + એટલે બે કરતાં બહેતર ગણાય," મેં કહ્યું.

"લવારો! બે પછી વત્તાની ચોકડી હોય એથી કંઈ ત્રણ ન થઈ જાય, કે થઈ જાય?"

"ના, બેના બે જ રહે."

"તો પછી વત્તાની ચોકડી શું કરવા?"

"મારું તો માથું જ કામ નથી કરતું."

"મને ખબર છે. વત્તાની ચોકડી એટલા માટે કે બે માર્ક મળવાનો બહુ અફસોસ ન થાય. એ તો આમ કહેવા જેવી વાત છે: તારે માટે સરસ મજાની વત્તાની ચોકડી છે. પણ બે તો બે જ રહે. એટલે જ મનમાં દુ:ખ થાય છે."

"દુ:ખ શું કરવા થાય છે?"

"એટલા માટે કે વધારાની ચોકડી છોકરાને ઠોઠ જાહેર કરે છે. ઠોઠ ન હોય તો કંઈ આવડતું નથી એમ બતાવવા માટે સાદા બે માર્ક પૂરતા થઈ જાય. પણ ઠોઠ નિશાળિયાને ૨ + મળે જેથી એને એમ ન લાગે કે પોતાને ગેરઇનસાફ થઈ રહ્યો છે. પણ મને ઠોઠ ગણવામાં આવે એ વાત મને પસંદ નથી. આ રીતે તો ૨ — માર્ક પણ મળી શકે," મિશાએ બોલવાનું ચાલુ રાખ્યું. "મને તો આમાં મુદ્દલ ઢંગ દેખાતો નથી. બે માર્ક એટલે કંઈ નથી આવડતું એમ થયું. પણ કંઈ ન આવડતું હોય એથીયે ઓછું કોઈ છોકરાને કેવી રીતે આવડે?"

"એમ તો બને જ નહિ," મેં કહ્યું.

"હું એ જ કહું છું!" મિશા બોલ્યો. "૨ — એટલે છોકરાને કંઈ નથી આવડતું એટલું જ નહિ પણ એ શીખવાયે નથી માગતો. જે છોકરો લેસન ન કરે એને બે માર્ક મળે, પણ એ જો જાણીતો રખડુ હોય તો તેનું ભાન કરાવવા માટે એને ૨ — માર્ક આપવામાં આવે. ક્યારેક એક માર્ક પણ મળે, સમજ્યો ને," મિશાની વાણી ખીલી ઊઠી.

પણ એને વધારે બોલવાની તક ન મળી કેમ કે અલેક્સાન્દર યેફ્રેમોવિચે અમને નોખા પાડી દીધા.

આખરી રિસેસ દરમિયાન જેન્યા સ્કવોત્સૉવે અમને કહ્યું: "વર્ગ પૂરો થાય પછી ચાલ્યા જતા નહિ, રેલી ભરાવાની છે."

"પણ અમારાથી રોકાવાય એમ જ નથી, અમને મુદ્દલ વખત નથી," મિશા અને હું બોલી ઊઠ્યા.

"તમારે રોકાવું જ પડશે," જેન્યાએ કહ્યું, "કેમ કે મિટિંગમાં તમારે વિશે જ વાતચીત થવાની છે."

"અમે શું કર્યું છે?"

"મિટિંગમાં ખબર પડશે," જેન્યાએ જવાબમાં ફક્ત એટલું જ કહ્યું.

"આ તો મજાની વાત!" મિશા બોલ્યો. "આપણને હજી હમણાં જ બે માર્ક મળ્યા છે, અને એટલી વારમાં આણે તો મિટિંગ પણ બોલાવી લીધી. એને એવો ખ્યાલ છે કે પોતે ગ્રૂપનો આગેવાન છે એટલે ગમે તેને વિશે મિટિંગો બોલાવી શકે. એને પોતાને ક્યારેક બે માર્ક મળવા દે, પછી ખબર પડશે કે એ બાબત વિશે કેવી મિટિંગ બોલાવે છે!"

"એને બે માર્ક ક્યારેય નહિ મળે, એ તો લેસન બરાબર કરે છે," મેં કહ્યું.

"તું એની વકીલાત કેમ કરે છે?"

"હું એની વકીલાત નથી કરતો."

"ભારે પંચાત થઈ, આપણે રોકાવું જ પડશે," મિશા બબડયો.

"કંઈ વાંધો નહિ," મેં કહ્યું. "માયા ઈન્ક્યુબેટરનું ધ્યાન રાખશે."

અમે મિટિંગ માટે રોકાઈ ગયા.

જેન્યા સ્કવોર્ત્સોવે મિટિંગ શરૂ કરી: "આજે આપણે માર્ક અને વર્તન વિશે ચર્ચા કરવાની છે. થોડા વખતથી કેટલાક છોકરા વર્ગમાં ગેરવર્તન કરે છે. ઊંચાનીચા થતા રહીને અને ગુસપુસ કરતા રહીને બાકીના છોકરાઓને ભણવામાં ખલેલ પહોંચાડે છે. સૌથી ખરાબ વર્તન મિશા અને કોલ્યાનું છે. વર્ગ ચાલતો હોય ત્યારે વાતો કરવા બદલ એમને કેટલીય વાર નોખા પાડવા પડયા છે. એવું વર્તન ચલાવી ન લેવાય. આ જરાય સારી વાત નથી. અધૂરામાં પૂરું, એ બન્નેને આજે બે જ માર્ક મળ્યા છે."

"અમને બન્નેને સરખા બે માર્ક નથી મળ્યા. મને ૨ + મળ્યા છે," મિશા બોલ્યો.

"એથી કંઈ ફેર નથી પડતો," જેન્યાએ કહ્યું. "તમને બન્નેને બીજા વિષયોમાં પણ ઓછા માર્ક મળતા રહ્યા છે."

"બીજા કોઈ વિષયોમાં અમને બે માર્ક નથી મળ્યા, અને મને ત્રણ માર્ક ફક્ત રશિયન ભાષામાં જ મળ્યા છે," મિશાએ જવાબ આપ્યો.

"એને ૩ — માર્ક મળ્યા છે," વાન્યા લોઝ્કિને ટૌકો કર્યો.

"તું વચ્ચે માથું ન માર," મિશાએ એને કહ્યું.

"રહેવા દે હવે, આ તો પાયોનિયર મિટિંગ છે. મારે જે કહેવું હોય એ કહેવાનો મને પૂરો હક છે."

"પહેલાં બોલવાની રજા માગી લેવી પડે."

"બહુ સારું, હું રજા માગું છું. છોકરાઓ, મને પૂછો તો આ બન્નેને ખરાબ માર્ક એટલા માટે મળે છે કે થોડા વખતથી તેઓ કોઈ કારણસર ઘેર મુદ્દલ લેસન નથી કરતા. એ કારણ આપણને બતાવી દે."

"હા, કારણ અમને બતાવી દો. અમને જાણવાનો હક છે," જેન્યા બોલ્યો.

"કશું કારણ નથી," મિશાએ જવાબ આપ્યો.

"કારણની મને ખબર છે," લ્યોશા કુરોચકિન બોલ્યો. "વર્ગમાં બેઠાબેઠા બધો વખત ગુસપુસ કર્યા કરે છે, શિક્ષક ભણાવે ત્યારે ધ્યાન આપતા નથી, ઘરમાં પણ મુદ્દલ અભ્યાસ નથી કરતા. મને લાગે છે કે એમને કાયમને માટે નોખા બેસાડી દેવા જોઈએ. પછી વર્ગમાં બડબડ નહિ કરે."

"તમારાથી અમને નોખા ન પડાય," મિશાએ કહ્યું. "અમારે દોસ્તી છે. દોસ્તોને તમે એકબીજાથી નોખા ન પાડી શકો, ખરું કે નહિ?"

"તમારી દોસ્તીથી તમને નુકસાન થતું હોય તો પછી એ જ ઉત્તમ ઉપાય છે," સેન્યા બોબરોવ બોલ્યો.

એ વખતે કોસ્ત્યાએ અમારી તરફેણ કરી. "દોસ્તી કોઈને નુકસાન કરે એવી વાત કોઈએ સાંભળી છે ક્યારેય?" એણે કહ્યું.

"આ બન્નેની દોસ્તી એમને નુકસાન કરે છે કેમ કે દરેક બાબતમાં બેઉ એકબીજાની નકલ કરતા રહે છે. એક વાત કરે એટલે બીજોયે વાત કરવા લાગે, એક ઘરમાં લેસન ન કરે એટલે બીજોયે ન કરે. એકને બે માર્ક મળે એટલે બીજાને પણ બે જ માર્ક મળે. ના, આ બન્નેને કાયમ માટે નોખા બેસાડવા જ પડશે, બીજો કશો ઉપાય નથી," વીત્યા સ્મિર્નોવ બોલ્યો.

"જરા થોભો," કોસ્ત્યાએ કહ્યું. "એમને અલગ અલગ તો આપણે ગમે ત્યારે બેસાડી શકીશું. પહેલાં એ જોઈ લઈએ કે આપણે એમને મદદ કરી શકીએ એમ છીએ કે નહિ. ધારો કે એમને લેસન કરવાનો વખત જ ન મળતો હોય તો?"

"વખત જ ન મળતો હોય—એનો શો અર્થ?"

"ધારો કે એ બન્ને કોઈ ખૂબ જ મહત્ત્વનું કામ કરી રહ્યા હોય."

સેન્યા બોબરોવ હસી પડયો: "કોઈ ખૂબ મહત્ત્વનું કામ? એ વળી શું હશે?"

"ધારો કે ઈન્ક્યુબેટર બનાવી રહ્યા હોય તો?"

"ઈન્ક્યુબેટર?" સેન્યા પાછો હસી પડયો.

"હા, ઈન્ક્યુબેટર. તને લાગે છે કે એ બહુ સહેલું કામ છે, નહિ? તમને ખબર નથી પણ એ બેઉ આખી રાત જાગીને ટેમ્પરેચરનું ધ્યાન રાખે છે. તમને ખબર નથી પણ એ બેઉ આખો દિવસ ઈન્ક્યુબેટરના કામમાં ડૂબેલા રહે છે. અને અહીંયાં આપણે એમને ઠપકો આપી રહ્યા છીએ! તમને ખબર નથી પણ..."

"આ બધો ભેદ શાને વિશે છે એની ખબર તો પડે," જેન્યા ગુસ્સે થતો બોલી ઊઠયો. "એમણે શું ખરેખર ઈન્ક્યુબેટર બનાવ્યું છે?"

"હા," કોસ્ત્યા બોલ્યો.

"તેં વાત કરેલી એ છોકરાની આ બેઉએ નકલ કરી હશે," વીત્યાએ કહ્યું.

"ના, એમણે કોઈની નકલ નથી કરી. મેં વાત કરેલી એ છોકરા આ જ છે," કોસ્ત્યાએ જવાબ આપ્યો.

"શું?!"

"ખરી વાત છે."

"પણ... પણ તેં તો કહેલું કે એ છોકરા બીજી નિશાળમાં ભણે છે!"

"મેં અમસ્તું રમૂજમાં એમ કહેલું."

બધા છોકરાઓએ મિશાને અને મને ઘેરી લીધા.

"તમે જાતે જ ઈન્ક્યુબેટર બનાવ્યું છે?"

વીત્યા સ્મિર્નોવ બોલી ઊઠયો: "શરમની વાત છે! પ્રકૃતિવિજ્ઞાનના ખરા શોખીનો કદી આમ ન કરે. ઈન્ક્યુબેટર બનાવીને વાત ખાનગી રાખી! તમને નથી લાગતું કે અમને સૌને પણ એવી બાબતમાં રસ હોય જ? ખાનગી રાખવાની શી જરૂર હતી?"

"અમને બીક હતી કે તમે અમારી ઠેકડી કરશો," અમે કહ્યું.

"ઠેકડી શું કરવા કરીએ? એમાં મશ્કરી કરવા જેવી શી વાત છે? એથી ઊલટું, અમે તો તમને મદદ કરી હોત. સૌ વારાફરતી ટેમ્પરેચરનું ધ્યાન રાખી શકે. એથી તમને સહેલું પડે અને લેસન કરવાનો વખત પણ મળે."

વાદિક ઝાઇત્સેવ બોલ્યો: "છોકરાઓ, ચાલો, ઇન્ક્યુબેટરની જવાબદારી આપણે સૌ મળીને ઉપાડી લઈએ."

"બરાબર! બરાબર!" સૌ જોરથી બોલી ઊઠયા.

વીત્યાએ અમને કહ્યું કે જમ્યા પછી હું તમને મળવા આવીશ, અને આપણે સૌના વારા નક્કી કરીને યાદી બનાવી લઈશું.

મિટિંગ એવી રીતે પૂરી થઈ.

સાથીઓની મદદ

જમી લીધા પછી આખી કિશોર પ્રકૃતિવિજ્ઞાન મંડળી અમારા રસોડામાં ભેગી થઈ ગઈ. અમે સૌને અમારું ઇન્ક્યુબેટર બતાવ્યું અને સમજાવ્યું કે ગરમી જાળવવાની તરકીબ કેવી ચાલે છે, અમે કેવી રીતે ટેમ્પરેચરનું ધ્યાન રાખીએ છીએ, નક્કી કરેલા વખત પછી કેવી રીતે ઈંડાં ફેરવીએ છીએ, વગેરે. પછી અમે વારાની યાદી તૈયાર કરવા બેઠા. પણ પહેલાં અમે વીત્યા સ્મિર્નોવના સૂચન મુજબ દેખરેખના નિયમો ઘડી કાઢયા.

દરરોજ નિશાળ પૂરી થયા પછી બે છોકરા અમારે ત્યાં આવે. મિશા અને હું એમને કામ સમજાવી દઈએ અને પછી દિવસના બાકીના વખત માટે ઇન્ક્યુબેટરની જવાબદારી એમને સોંપી દઈએ. એ બન્ને છોકરા વારાફરતી પોતપોતાને ઘેર જઈને જમે અને લેસન કરી નાખે. મિશા અને હું લેસન કરવાને બદલે ઇન્ક્યુબેટર ફરતા આંટાફેરા ન કરતા રહીએ તેની તકેદારી રાખવાની જવાબદારી પણ એ બે છોકરાઓએ લેવાની.

પછી વીત્યાએ યાદી તૈયાર કરી. કયા છોકરાને કયે દિવસે ફરજ બજાવવાની છે એ બધું યાદીમાં નોંધાઈ ગયું. અમે યાદી ભીંતે ટાંગી દીધી.

"યાદીમાં અમારાં નામ કેમ નથી?" મિશાએ પૂછ્યું. "અમને એમ જ બકાત રાખી દેવાના છે કે શું?"

"રાતે કોણ ધ્યાન રાખશે?" વીત્યાએ જવાબમાં સવાલ કર્યો. "તમારે વારા નક્કી કરીને રાતે ધ્યાન રાખવાનું છે."

પછી જેન્યાએ બધા છોકરાને પોતપોતાને ઘેર મોકલી દીધા.

"આજે જેને ફરજ બજાવવાની છે એ સિવાય સૌ ઘરભેગા થઈ જાઓ," એણે કહ્યું. "અહીંયાં ચોંટી રહેવામાં કંઈ ફાયદો નથી."

સૌ છોકરા ચાલ્યા ગયા. ફક્ત જેન્યા, વીત્યા, મિશા, અને હું બાકી રહ્યા.

"તમે પણ રવાના થઈ જાઓ," અમે ચાર એકલા પડયા એટલે જેન્યાએ મને અને મિશાને કહ્યું.

"અમે ક્યાં જઈએ?"

"જઈને લેસન કરો."

"પણ ધારો કે અહીંયાં કંઈક મુશ્કેલી ઊભી થાય તો?"

"કંઈ નથી થવાનું. જરૂર પડશે તો હું તમને બોલાવીશ."

"સારું. પણ કામ પડે તો ચોક્કસ બોલાવજો."

મિશાને અને મારે લેસન કરવા બેસી જવું પડયું. અમે વ્યાકરણ અને ભૂગોળ વાંચી લીધા પછી એક દાખલો કર્યો. દાખલા બે હતા પણ બીજો દાખલો બહુ અઘરો હતો એટલે એને રહેવા દઈને અમે રસોડામાં શું ચાલે છે તે જોવા ગયા.

"અહીંયાં શું કરવા આવ્યા છો?" અમે અંદર ગયા કે તરત જ જેન્યાએ કહ્યું. "તમને લેસન કરી લેવાનું કહેવામાં આવ્યું હતું ને?"

"અમે લેસન પૂરું કરી નાખ્યું."

"એમ કે? લાવો જોઉં તમારી નોટબુકો?"

"અરે, આ વળી શું?" મિશા બોલી ઊઠયો. "તપાસ?"

"અમે તમને મદદ કરવાનું માથે લીધું છે એટલે તમારી બધી બાબતોની જવાબદારી અમારી છે, સમજ્યા કે?"

અમે નોટબુકો લઈ આવ્યા.

"તમે એક જ દાખલો કર્યો છે. દાખલા તો બે કરવાના છે."

"બીજો દાખલો અમે પછી કરીશું."

"ના, એ નહિ ચાલે, હમણાં જ કરી લેવો પડશે. એક વાર મોકૂફ રાખી દો એટલે તમે ભૂલી જવાના, અને કંઈ કર્યા વગર જ કાલે સવારે નિશાળે પહોંચી જવાના."

"અમે એક દાખલો તો કર્યો છે ને?"

"એક દાખલો પૂરતો નથી," જેન્યાએ મક્કમ અવાજે કહ્યું. "તમે તો જાણો છો કે 'પહેલાં કામ, પછી આરામ.'"

અમારે પાછા જઈને દાખલામાં ભેજું લગાવવું પડયું. અમે ફરી ફરીને મહેનત કરતા રહ્યા પણ દાખલો કોઈ રીતે થયો જ નહિ. આખો કલાક મહેનત કર્યા પછી અમે પાછા રસોડામાં ગયા.

"જવાબ સરખો આવતો જ નથી," મિશા બોલ્યો. "અમે બધું બરાબર કર્યું છે પણ ચોપડીમાં છેલ્લે આપેલા જવાબ જોડે અમારો જવાબ મેળ નથી ખાતો. છાપવાની ભૂલ હશે."

"એ મજાનું, બધો વાંક ચોપડી ઉપર ઢોળી દેવો!" જેન્યાએ કહ્યું.

"ચોપડીમાં જવાબ ખરો ન હોય એવું અગાઉ પણ બન્યું છે."

"નકામી વાત!" જેન્યા બોલ્યો. "ચાલો જોઈએ કે દાખલો કેવો છે!"

જેન્યા અમારી ભેગો બીજા ઓરડામાં આવ્યો અને એણે અમારો દાખલો તપાસી જોયો. એણે ખૂબ ભેજું ચલાવ્યું. બધું બરાબર લાગતું હતું પણ ખરો જવાબ નહોતો આવતો.

"મેં તો કહેલું ને!" મિશા હરખાઈ જઈને બોલ્યો.

પણ જેન્યાએ કહ્યું કે ચોક્કસ તમે ક્યાંક ભૂલ કરી હશે. ભૂલ મળી નહિ ત્યાં સુધી એણે મહેનત ચાલુ જ રાખી. એણે શરૂથી આખર સુધી દાખલો તપાસી જોયો અને અંતે ભૂલ પકડી પાડી.

"આ રહી ભૂલ," એણે કહ્યું. "સાત ગુણા સાત એટલે કેટલા?"

"ઓગણપચાસ."

"હા, પણ જુઓ, તમે શું લખ્યું છે? એકવીસ!"

એણે ભૂલ સુધારી લીધી એટલે બધું ઠીક થઈ ગયું.

"આનું કારણ તમારી બેપરવાઈ છે," એણે કહ્યું. પછી એ પાછો રસોડામાં જતો રહ્યો.

દાખલો નોટબુકમાં ઉતારી લઈને અમે પાછા રસોડામાં ગયા.

"લેસન ખતમ," અમે કહ્યું.

"સરસ. હવે જરા બહાર ફરી આવો. થોડીક તાજી હવા ખાશો તો ફાયદો જ થશે."

વાંધો ઉઠાવવામાં કશો લાભ નહોતો એટલે મિશા અને હું બહાર નીકળ્યા. બહાર સરસ મજાનો તડકો હતો. છોકરા આંગણમાં વૉલીબૉલ રમી રહ્યા હતા. અમે પણ રમતમાં જોડાઈ ગયા. પછી અમે કોસ્ત્યા દેવ્યાતકિનને ઘેર ગયા. અમે ત્યાં બેઠા હતા એટલામાં વાદિક ઝાઇત્સેવ આવી પહોંચ્યો. અમે ચારેય મળીને પાનાંની અને ભાતભાતની બીજી રમતો સાંજ સુધી રમતા રહ્યા. અમે ઘેર પહોંચ્યા ત્યારે સારી પેઠે મોડું થઈ ગયું હતું. અમે સીધા રસોડામાં ગયા. જેન્યા અને વીત્યાની જોડે વાન્યા લોઝ્કિન પણ બેઠો હતો. એણે કહ્યં કે મેં મારી માને સમજાવીને આજે રાતે ઇન્ક્યુબેટરનું ધ્યાન રાખવાની પરવાનગી મેળવી લીધી છે.

"અરે, આ વળી શું?" મિશા બોલી ઊઠયો. "આમ ને આમ ચાલશે તો મને અને કોલ્યાને કંઈ કરવાનો મોકો જ ક્યારેય નહિ મળે! આજે વાન્યા રાતપાળી કરશે અને કાલે બીજું કોઈ પરવાનગી લઈને આવી પહોંચશે. ના, મને મંજૂર નથી."

"બહુ સારું, તમારાં નામ પણ ટાઇમટેબલમાં જોડી દઉં છું," વીત્યાએ કહ્યું. "સૌની જેમ તમારે પણ વારા મુજબ કરવાનું."

એણે અમારાં નામ યાદીમાં જોડી દીધાં.

મિશા અને હું ગણતરી કરવા લાગ્યા કે અમારો વારો ક્યારે આવશે. અમારો વારો સૌથી સરસ દિવસે નીકળ્યો, એકવીસમે દિવસે બચ્ચાં તૈયાર થઈ જવાનાં હતાં ત્યારે અમારો વારો હતો.

આખરી તૈયારીઓ

હવે મિશાને અને મને નિરાંત થઈ. સાચું પૂછો તો નવા બંદોબસ્તથી અમને અફસોસ નહોતો થયો કેમ કે ઈન્ક્યુબેટરની ફિકરનો બોજ અમારે માટે જરાક વધારે પડતો થઈ ગયો હતો. અમે દિવસરાત તેની જોડે બંધાયેલા રહેતા હતા અને અમને કંઈક ભૂલી જવાની એટલી બધી બીક લાગતી કે અમે બધો વખત એની જ ફિકરમાં ડૂબેલા રહેતા. હવે અમારા વગર બધું કામ ખૂબ સરસ ચાલી રહ્યું હતું.

અમે કિશોર પ્રકૃતિવિજ્ઞાન મંડળીમાં અમારા ભાગનું કામ શરૂ કરી દીધું. અમે બે પંખીઘર બનાવીને બગીચામાં ટાંગી દીધાં. અમે નિશાળના બગીચામાં ફૂલછોડ અને ઝાડ રોપ્યાં. પણ સૌથી મજાની વાત તો એ હતી કે અમને લેસન કરવાનો પુષ્કળ વખત મળવા લાગ્યો. અમને બહેતર માર્ક મળવા લાગ્યા એ જોઈને મારી અને મિશાની માને ખુશી થઈ કે ઈન્ક્યુબેટરનું ધ્યાન રાખવામાં બધા છોકરા અમને મદદ કરી રહ્યા છે.

કિશોર પ્રકૃતિવિજ્ઞાન મંડળીની મિટિંગ ભરાઈ ત્યારે માર્યા પેત્રોવ્નાએ અમને સમજાવ્યું કે ટચૂકડાં બચ્ચાંના ઉછેરની તૈયારી કેવી રીતે કરવી. એમણે અમને ઘાસ ઉગાડવાની સલાહ આપી જેથી મરઘડાંને તાજી લીલોતરી ખાવા મળે. એમણે કહ્યું કે જવ વાવવા સૌથી સારા કેમ કે જવ ઊગે ઝડપથી અને ખૂબ પોષણ પણ આપે.

પણ વાવવા માટે જવ લાવવા ક્યાંથી?

"પંખીબજારમાં જવું પડશે," વાન્યા લોઝ્કિને કહ્યું. "ત્યાં પંખીને ખવડાવવાની જાતજાતની ચીજો વેચાતી હોય છે."

નિશાળમાં વર્ગ પૂરો થયો એટલે વાન્યા અને જેન્યા પંખીબજારમાં જવા ઊપડી ગયા. બે કલાક પછી બન્ને પાછા આવ્યા ત્યારે એમનાં ખીસાં જવથી ભરેલાં હતાં અને એમની કને અમને કહેવાની લાંબી કથની હતી.

"પંખીબજારમાં જવ મળ્યા જ નહિ. અમે બધી દુકાનો જોઈ નાખી પણ જવ સિવાય બીજી અનેક જાતની ચીજો હતી. અમને થયું કે જવ લીધા વગર જ પાછા જવું પડશે, પણ અમને તે પહેલાં સસલાં જોઈ લેવાનો ખ્યાલ આવ્યો. અમે સસલાંને જોઈ રહ્યા હતા એટલામાં અમારી નજર કોથળામાં મોં ઘાલીને જવ ખાતા એક ઘોડા ઉપર પડી. અમે જઈને થોડાક જવ માગ્યા."

"કોની પાસેથી માગ્યા, ઘોડા પાસેથી?" મિશા અચરજથી બોલી ઊઠયો.

"મૂરખ જેવી વાત ન કર! બેશક, અમે જવ ઘોડાના માલિક પાસેથી માગ્યા. એ માણસ સામૂહિક ખેતરનો ખેડૂત હતો અને સસલાંને બજારમાં પહોંચાડવા આવ્યો હતો. ભલો આદમી હતો. એણે પૂછ્યું કે અમારે જવનું શું કામ છે. અમે કહ્યું કે જવ મરઘાંનાં ટચૂકડાં બચ્ચાં સારુ જોઈએ છે. જવાબમાં એ બોલ્યો: 'પણ મરઘડાંને જવ ન ખવડાવાય!' અમે કહ્યું કે અમારે તો જવ વાવવા માટે જોઈએ છે, મરઘડાં જવના ફણગા ખાશે. એણે કહ્યું કે તમારે જોઈએ એટલા જવ લઈ લો. અમે ખીસાં ભરી લીધાં."

અમે તરત જ કામે લાગી ગયા અને બે છીછરી પેટીઓ બનાવીને તેમાં માટી ભરી. માટીમાં પાણી રેડ્યું અને હાથ વડે હલાવીને પાતળો કાદવ બનાવ્યો. તેમાં જવ નાખીને સરખી રીતે ભેળવી દીધા. પછી બિયાંને ગરમાવો આપવા અમે પેટીઓ સગડી પાસે મૂકી.

માર્યા પેત્રોવ્નાએ અમને કહેલું કે પંખી અને ઈંડાંની જેમ બિયાં પણ સજીવ હોય છે. બિયાની અંદર જીવન સુષુપ્ત હાલતમાં હયાત હોય છે. બિયાને હૂંફાળી ભેજદાર માટીમાં નાખો એટલે તેની અંદરનું જીવન વૃદ્ધિ પામવા લાગે છે. બધી સજીવ ચીજોની જેમ બિયાં પણ મરી જાય છે અને મરેલાં બિયાંમાંથી કશું ઊગતું નથી.

અમને ભારે ફિકર હતી કે અમારાં બિયાં કદાચ "મરેલાં" હશે, અને અમે ઘડીએ ઘડીએ પેટીઓની ઉપર નજર ફેરવીને જોતા રહેતા કે ફણગા ફૂટ્યા છે કે નહિ. બે દિવસ વીતી ગયા પણ ફણગાની કોઈ નિશાની નજરે ન પડી. ત્રીજે દિવસે જોયું તો માટીમાં ક્યાંક ક્યાંક તરડો પડી ગઈ હતી અને કેટલેક ઠેકાણે માટી ઊપસી આવી હતી.

"આ શું થઈ ગયું?" મિશાએ ખીજમાં પૂછ્યું. "કોઈએ અટકચાળાં કર્યાં લાગે છે!"

"કોઈએ પેટીઓને હાથ નથી લગાડ્યો," લ્યોશા કુરોચકિને કહ્યું. તે દિવસે લ્યોશા કુરોચકિન અને સેન્યા બોબરોવ ડ્યૂટી પર હતા.

"તો પછી માટીમાં તરડો કેવી રીતે પડી?" મિશા ગરજી ઊઠ્યો. "બિયાં જોવા માટે તમે અંદર આંગળીઓ ઘોંચી હશે."

"અમે કંઈ જ નથી કર્યું," સેન્યાએ વિરોધ કર્યો.

મેં માટીનું એક ઢેફું ઊંચું કર્યું અને તેની નીચેથી નીકળેલું બિયું હું જોવા લાગ્યો. બિયું મોટું થઈને ફાટી ગયું હતું અને તેને મથાળે એક નાનકડો સફેદ ફણગો દેખાતો હતો. મિશાએ પણ એક બિયું ખેંચી કાઢ્યું અને એ કેટલીય વાર સુધી બિયાને જોતો રહ્યો.

"મને સમજાઈ ગયું!" મિશા બોલી ઊઠ્યો. "માટીને એમણે પોતે જ ઊંચીનીચી કરી નાખી છે."

"કોણે?"

"બિયાંએ. બિયાં જાગી ઊઠ્યાં અને હવે માટીને હડસેલીને બહાર નીકળવાનો માર્ગ કરી રહ્યાં છે. આમ જુઓ, માટી કેવી ઊપસી ગઈ છે! માટીની અંદર તેમને વધવાની જરાય જગ્યા નથી."

બિયાં કેવી રીતે ઊગી રહ્યાં છે એ છોકરાઓને બતાવવા મિશા એમને બોલાવવા દોડી ગયો. લ્યોશાએ, સેન્યાએ, અને મેં થોડાંક વધારે બિયાં માટીમાંથી ખેંચી કાઢ્યાં. બધાં બિયાંને ફણગા ફૂટી રહ્યા હતા. થોડી વારમાં છોકરા આવી ગયા અને પેટીઓને ઘેરીને ઊભા રહ્યા. દરેકને બિયાં જોવાં હતાં.

"જુઓ, બિયાં ફાટી રહ્યાં છે અને ઈંડાંમાંથી બચ્ચાં નીકળે એવી જ રીતે જવમાંથી ફણગા ફૂટી રહ્યા છે," વીત્યા સ્મિર્નોવ બોલ્યો.

મિશાએ કહ્યું: "બેશક, જવ પણ સજીવ ચીજો છે. પણ જવ મોટા થઈને એક જ જગ્યાએ પડ્યા રહે છે. આપણાં મરઘડાં તો ઈંડાંમાંથી બહાર નીકળીને આમતેમ દોડાદોડી કરશે અને ચીસો પાડતાં ખાવાનું માગશે. જોજો તો ખરા, મરઘડાંનો એવો સરસ કલ્લોલતો કબીલો બનશે!"

સૌથી મુશ્કેલ દિવસ

ભેગા મળીને કામ કરવામાં મજા આવતી હતી અને વખત ઝડપથી વીતી ગયો. આખરે એકવીસમો દિવસ આવી પહોંચ્યો. તે દિવસે શુક્રવાર હતો. મરઘાંનાં બચ્ચાં માટે અમે બધી તૈયારી કરી રાખી હતી. કોઢારામાં અમને એક મોટું વાસણ મળી ગયું. તેની અંદર નમદો બિછાવીને અમે નવાં જન્મેલાં બચ્ચાં માટે હૂંફાળી જગ્યા બનાવી. પછી એ વાસણને ગરમ પાણીના એક વાસણની ઉપર મૂકીને અમે પહેલું બચ્ચું ઈંડામાંથી બહાર નીકળે તેની વાટ જોવા લાગ્યા.

આગલી રાતે મિશા અને હું જાગતા રહેવા માગતા હતા પણ વાદિક ઝાઈત્સેવ એની મા પાસેથી રાતપાળીની રજા લઈને આવેલો અને એણે અમારી વાત સાંભળી જ નહિ.

"હું ડયૂટી કરતો હોઉં ત્યારે તમે અહીંયાં ચોંટી રહો એ મને મુદ્દલ મંજૂર નથી," એણે સાફ પરખાવી દીધું. "તમે જઈને સૂઈ જાઓ."

"પણ રાતમાં જ બચ્ચાં ઈંડાંમાંથી બહાર નીકળવા લાગશે તો તું શું કરીશ?" અમે કહ્યું.

"એમાં શું? બચ્ચું બહાર નીકળે કે તરત જ હું એને વાસણમાં મૂકીને સુકાવા દઈશ."

"ખબરદાર, એને આડેધડ વાસણમાં મૂકતો નહિ!" હું ત્રાસથી બોલી ઊઠયો. "બચ્ચાંને ખૂબ નરમ હાથે સંભાળવાં પડે."

"તમે ફિકર કરતા નહિ, નરમ હાથે જ સંભાળીશ. તમે હવે ડાહ્યા છોકરાની જેમ જઈને બિછાના ભેગા થઈ જાઓ. ભૂલી ન જાઓ કે કાલે તમારે ડયૂટી કરવાની છે. આજે રાતે સરખી રીતે નીંદર કરી લો તો સારું."

"સારું," મિશા માની ગયો. "પણ ઈંડાંમાંથી બચ્ચાં નીકળવા લાગે તો અમને ચોક્કસ ઉઠાડજે. અમે કેટલાય દિવસથી એ ઘડીની જ વાટ જોતા રહ્યા છીએ."

વાદિકે ખાતરી આપી.

અમે જઈને બિછાનામાં પડયા, પણ ફિકરમાં ને ફિકરમાં મને કેટલીય વાર સુધી ઊંઘ ન આવી. બીજે દિવસે હું વહેલો ઊઠી ગયો અને દોડતો સીધો મિશાને ત્યાં પહોંચી ગયો. એ પણ ઊઠી ગયો હતો અને ઈંડાંને જોતો ઇન્ક્યુબેટર પાસે બેઠો હતો.

"હજી તો કોઈ નિશાની દેખાતી નથી."

"લાગે છે કે વખત પૂરો નહિ થયો હોય," વાદિક બોલ્યો.

રાત ખતમ થઈ ગઈ હતી એટલે થોડી વારમાં વાદિક ઘેર ચાલ્યો ગયો અને અમારી ડયૂટી શરૂ થઈ ગઈ. વાદિક ગયો તે પછી મિશાએ બધાં ઈંડાં ફરી વાર તપાસી જોવાનું નક્કી કર્યું. અમે ઈંડાં ફેરવવા લાગ્યા અને અંદરથી બચ્ચું પોતાની ચાંચ વડે બનાવી શકે એવું ટચૂકડું કાણું કોઈ ઈંડામાં હોય તો જોવા લાગ્યા. પણ એકેય ઈંડાના કોચલામાં તરડ સરખીયે નહોતી પડી. અમે ઇન્ક્યુબેટર બંધ કરીને કેટલીય વાર સુધી ચુપચાપ બેઠા રહ્યા.

"અંદર બચ્ચું છે કે નહિ એ જોવા આપણે એક ઈંડું તોડીએ તો કેમ?" મેં સૂચન કર્યું.

"ના, એમ કરવા જેટલો વખત હજી નથી વીત્યો," મિશા બોલ્યો. "ઈંડાની અંદર બચ્ચું હોય તો હજી ફેફસાં વડે નહિ પણ ચામડી વાટે શ્વાસ લેતું હોય. બચ્ચું ફેફસાં વડે શ્વાસ લેવા લાગે કે તરત પોતાની મેળે જ કોચલું તોડી નાખે. આપણે ઈંડું વહેલું તોડી નાખીએ તો બચ્ચું મરી જાય."

"ઈંડાંની અંદર તો બચ્ચાં જીવતાં હશે," મેં કહ્યું. "ધ્યાનથી કાન માંડી જોઈએ તો કદાચ અંદરથી અવાજ સંભળાય."

મિશાએ ઇન્ક્યુબેટરમાંથી એક ઈંડું લીધું અને કાન પાસે ધરી રાખ્યું. હું પણ એની ઉપર વાંકો વળીને ઈંડાને કાન માંડવા લાગ્યો.

"ચુપ રહે!" મિશા ઘૂરક્યો. "તું મારા કાનમાં નસકોરાં ગજાવે તો મને કંઈ કેવી રીતે સંભળાય!"

મેં શ્વાસ રોકી રાખ્યો. તદ્દન શાંતિ છવાઈ ગઈ, એવી શાંતિ કે ટેબલ ઉપર પડેલી ઘડિયાળનો ટિક ટિક અવાજ સાફ સંભળાવા લાગ્યો. અચાનક ઘંટડી રણકી ઊઠી. મિશા ચોંકીને ઊછળી પડયો અને એણે ઈંડું ઇન્ક્યુબેટરમાં લગભગ પડતું મૂકી દીધું. મેં જઈને બારણું ઉઘાડયું. વીત્યા હતો. એ જોવા આવ્યો હતો કે ઈંડાંમાંથી બચ્ચાં નીકળવા લાગ્યાં છે કે નહિ.

"ના, હજી વાર છે," મિશાએ એને કહ્યું.

"વારુ, નિશાળે જતાં પહેલાં ફરી વાર આવી જઈશ," વીત્યાએ કહ્યું.

વીત્યા ગયો એટલે મિશાએ વળી પાછું ઈંડું લઈને કાન પાસે ધરી રાખ્યું. આંખો બંધ કરીને ખૂબ ધ્યાનથી સાંભળવાની કોશિશ કરતો એ કેટલીય વાર સુધી એમ ને એમ બેઠો રહ્યો.



"મને તો કશો અવાજ નથી સંભળાતો," આખરે એ બોલ્યો.

પછી મેં ઈંડું લઈને અવાજ સાંભળવાની કોશિશ કરી, પણ મનેય કશો અવાજ ન સંભળાયો.

"કદાચ ગર્ભ મરી ગયો હશે તો?" મેં કહ્યું. "બીજાં ઈંડાંમાંથી અવાજ સંભળાય છે કે નહિ એ પણ આપણે તપાસી લેવું જોઈએ."

અમે બધાં ઈંડાં એક પછી એક લઈને અવાજ સાંભળવાની કોશિશ કરી પણ અમને એકેય ઈંડામાંથી જીવનો સંચાર ન સંભળાયો.

"બધાંય ઈંડાંનો ગર્ભ તો ન મરી ગયો હોય, ખરું ને?" મિશા બોલ્યો. "ઓછામાં ઓછા એક ઈંડામાં તો જીવ રહેવો જોઈએ."

પાછી ઘંટડી રણકી ઊઠી. આ વખતે સેન્યા બોબરોવ આવ્યો.

"તું આટલો બધો વહેલો ઊઠીને શું કરે છે?" મેં પૂછ્યું.

"ઈંડાંમાંથી બચ્ચાં કેવાંક બહાર નીકળી રહ્યાં છે એ પૂછવા આવ્યો છું."

"બચ્ચાં નીકળી જ નથી રહ્યાં," મિશાએ જવાબ આપ્યો. "હજી વખત નથી થયો."

એટલામાં સેર્યોઝા આવી પહોંચ્યો.

"કેમ, બચ્ચાં નીકળ્યાં કે નહિ?"

"તમે બહુ અધીરા છો," મિશાએ કહ્યું. "તમે ધારી લીધું છે કે બચ્ચાં વહેલી સવારથી જ ઈંડાંમાંથી બહાર નીકળવા લાગશે. હજી તો બહુ વાર છે."

સેર્યોઝા અને સેન્યા થોડીક વાર બેઠા અને પછી ચાલ્યા ગયા. મિશાએ અને મેં ઈંડાંમાંથી અવાજ સાંભળવાની કોશિશ પાછી ચાલુ કરી દીધી.

"ના, બધી મહેનત નકામી છે," મિશા ખૂબ દુ:ખના ભાવે બોલ્યો. "મને તો કશો અવાજ નથી સંભળાતો."

"આપણને બુદ્ધુ બનાવવાના ઇરાદે તો બચ્ચાં ચુપ નહિ રહેતાં હોય ને?" મેં કહ્યું.

"અત્યાર સુધીમાં તો એમણે કોચલાં તોડવાનું શરૂ કરી દેવું જોઈતું હતું."

પછી યૂરા ફિલીપ્પોવ અને સ્તાસિક લ્યોવશિન આવ્યા. એમની પાછળ પાછળ વાન્યા લોઝ્કિન આવ્યો. એક પછી એક છોકરા આવતા ગયા અને નિશાળે જવાનો વખત થયો ત્યાં સુધીમાં તો મિટિંગ ભરાઈ ગઈ હોય એમ લાગવા માંડ્યું. અમે માયાને બોલાવીને એને સમજાવ્યું કે અમારી ગેરહાજરીમાં બચ્ચાં ઈંડાંમાંથી બહાર નીકળવા લાગે તો શું કરવું. પછી અમે બીજા છોકરાઓની ભેગા નિશાળે ચાલ્યા ગયા.

મને સમજાતું જ નથી કે એ દિવસ અમે કેવી રીતે વિતાવી શક્યા. એ દિવસ અમારી જિંદગીનો સૌથી વધારે મુશ્કેલ દિવસ હતો. અમને એમ લાગ્યું કે કોઈ વખતને જાણી જોઈને લંબાવી રહ્યું છે અને વર્ગમાં દરેક વિષયના પાઠ રોજના કરતાં દસ ગણા લાંબા થઈ ગયા છે. અમારાં મનને ભયંકર બીક કોરી રહી હતી કે અમે નિશાળમાં બેઠા છીએ તે દરમિયાન જ ઈંડાંમાંથી બચ્ચાં બહાર નીકળવા લાગશે અને માયા એકલી બધું બરાબર નહિ સંભાળી શકે. આખરી પાઠ અમને સૌથી વધારે મુશ્કેલ લાગ્યો. અમને થયું કે પાઠ કદી ખતમ જ નહિ થાય. પાઠ એટલી બધી વાર સુધી ચાલતો રહ્યો કે અમે નિશાળનો ઘંટ સાંભળવાનું કદાચ ચૂકી ગયા હોઈશું એમ અમને લાગ્યું. પછી અમને થયું કે ઘંટ કદાચ બગડી ગયો હશે, અથવા કામવાળી બાઈ દૂન્યાકાકી ઘંટ વગાડવાનું ભૂલી જઈને ઘેર ચાલી ગઈ હશે, અને અમારે છેક સવાર સુધી નિશાળમાં બેસી રહેવું પડશે. આખો વર્ગ અધીરો અને બેચેન થઈ ગયો હતો. દરેક છોકરો જેન્યા સ્કવોર્ત્સોવને નાનકડી ચિઠ્ઠી મોકલીને વખત પૂછતો હતો, પણ નસીબ વાંકું હશે એટલે તે દિવસે જેન્યા પોતાની ઘડિયાળ ઘેર ભૂલી ગયેલો. વર્ગમાં એટલો બધો ઘોંઘાટ થઈ રહ્યો હતો કે

અલેક્સાન્દર યેફ્રેમોવિચને કેટલીય વાર વચ્ચે અટકી જઈને અવાજ ન કરવાની સૂચના આપવી પડી. પણ ઘોંઘાટ ચાલુ જ રહ્યો. આખરે મિશાએ એમ કહેવા માટે હાથ ઊંચો કર્યો કે વખત થઈ ગયો છે, પણ એ જ વખતે ઘંટ વાગ્યો. બધા છોકરા એકદમ ઊભા થઈ જઈને બારણા તરફ ધસી ગયા. અલેક્સાન્દર યેફ્રેમોવિચે અમને સૌને પાછા બેસાડી દીધા અને કહ્યું કે શિક્ષક વર્ગમાંથી બહાર ન નીકળે ત્યાં સુધી કોઈએ પોતાની જગ્યાએથી ખસવું નહિ. પછી મિશા તરફ ફરીને એમણે કહ્યું:

"તું કંઈક પૂછવા માગતો હતો?"

"ના, હું તો ફક્ત એટલું જ કહેવા માગતો હતો કે વખત થઈ ગયો છે."

"પણ તેં તારો હાથ તો ઘંટ વાગ્યો તે પહેલાં ઊંચો કરેલો?"

"મને એમ હતું કે ઘંટ કદાચ બગડી ગયો હશે."

અલેક્સાન્દર યેફ્રેમોવિચે માથું હલાવ્યું અને પછી રજિસ્ટર હાથમાં લઈને એ વર્ગમાંથી બહાર ચાલ્યા ગયા. છોકરા ધસારાબંધ પરસાળમાં પહોંચી જઈને સડસડાટ દાદરો ઊતરી ગયા. દરવાજા પાસે સખત ભીડ જમા થઈ ગઈ હતી, પણ મિશા અને હું ધક્કા મારતા બહાર નીકળી ગયા. અમે પૂરપાટ દોડતા ઘર તરફ જવા લાગ્યા અને બાકીના છોકરાઓએ અમારી પાછળ પાછળ દોટ મૂકી.

પાંચ મિનિટમાં અમે ઘેર પહોંચી ગયા. માયા ઈન્ક્યુબેટર પાસે બેઠીબેઠી પોતાની ઢીંગલી ઝિના સારુ નવું કપડું સીવી રહી હતી.

"કંઈ થયું કે નહિ?" અમે પૂછ્યું.

"કંઈ જ નહિ."

"તેં કેટલી વાર પહેલાં ઇન્ક્યુબેટરમાં જોયેલું?"

"ઘણી વાર થઈ ગઈ. ઈંડાં ફેરવ્યાં ત્યારે જોયેલું."

મિશા ઈન્ક્યુબેટર પાસે ગયો. બધા છોકરા ઈન્ક્યુબેટરને ઘેરીને અંગૂઠાના ભારે ઊભા રહ્યા અને ડોક લંબાવીને જોવા લાગ્યા. વધારે સારી રીતે જોવાના ઈરાદે વાન્યા લોઝ્કિન એક ખુરશી ઉપર ચડયો પણ પડી ગયો, અને એનો ધક્કો લાગતાં લ્યોશા કુરોચકિન માંડ પડતો રહી ગયો. ઈન્ક્યુબેટરનું ઢાંકણું ઉઘાડવાની મિશાને હિંમત ન પડી. એને અંદર જોવામાં બીક લાગતી હતી.

"ચાલ, ઉઘાડ હવે! શાની વાટ જુએ છે?" કોઈ બોલ્યું.

આખરે મિશાએ ઢાંકણું ઊંચું કર્યું. ઈંડાં પહેલાંની જેમ જ તળિયે પડયાં હતાં અને મોટા સફેદ ગોળ પથરા જેવાં લાગતાં હતાં.

મિશા થોડી વાર કંઈ બોલ્યા વગર ઊભો રહ્યો. પછી એણે એક એક કરીને બધાં ઈંડાં કાળજીથી ફેરવ્યાં અને બધી બાજુથી તપાસી જોયાં.

"એકેયમાં ક્યાંય તરડ સરખીયે નથી!" એણે ગમગીન ભાવે જાહેર કર્યું.

છોકરા ચુપચાપ ઊભા રહ્યા.

"કદાચ બચ્ચાં બનશે જ નહિ," સેન્યા બોબરોવ બોલ્યો. "તું શું ધારે છે?"

મિશાએ ખભા ઉલાળ્યા: "મને કેવી રીતે ખબર પડે! હું કંઈ ઈંડાં સેવતી મરઘી નથી. ઈંડાં સેવવાની બાબતમાં હું શું જાણું?"

સૌ એકીસાથે વાતો કરવા લાગ્યા. કેટલાકે કહ્યું કે બચ્ચાં બનશે જ નહિ, કેટલાકે કહ્યું કે હજી કદાચ બને, બાકીનાએ કહ્યું કે કાં તો બનશે અથવા નહિ બને. આખરે વીત્યા સ્મિર્નોવે બધી દલીલો બંધ કરાવી દીધી.

"ખાતરી થઈ જાય એટલો વખત હજી નથી થયો," એણે કહ્યું. "દિવસ પૂરો નથી થયો. આપણે પહેલાંની જેમ જ કામ ચાલુ રાખવાનું છે. હવે સૌ ઘરભેગા થઈ જાઓ. જેની ડ્યૂટી હોય એ જ બાકી રહે."

છોકરા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. મિશા અને હું એકલા જ બાકી રહ્યા. ઓછામાં ઓછા એક ઈંડામાં ક્યાંક ટચૂકડી તરડ પડી હોય તો જોઈ લેવા માટે અમે ઈંડાં ફરી વાર તપાસી જોયાં પણ કશું નહોતું. મિશાએ ઢાંકણ બંધ કરી દીધું.

"વારુ, શું થાય એની મને પરવા નથી! વળી બેચેન થઈ જવા જેટલો વખત હજી નથી વીત્યો. આપણે સાંજ સુધી વાટ જોઈશું. ત્યાં સુધીમાં કંઈ નહિ બને તો પછી ફિકર શરૂ કરીશું."

અમે ફિકરમાં ન પડી જવાનું અને ધીરજથી વાટ જોતા બેસવાનું નક્કી કર્યું. પણ એ કામ કહેવું સહેલું અને કરવું મુશ્કેલ હતું. ગમે એટલી કોશિશ કરવા છતાં અમારી ફિકર દૂર ન થઈ. દર દસ મિનિટે અમે ઇન્ક્યુબેટરમાં નજર ફેરવતા. બીજા છોકરાઓ પણ ફિકરમાં હતા અને વારંવાર આવીને પૂછી જતા. દરેક છોકરો એકનો એક સવાલ કરતો: "કેમ, કંઈ ખબર?"

થોડી વાર પછી મિશાએ જવાબ આપવાનું બંધ કરી દીધું. એ ફક્ત ખભા ઊંચા કરતો. પણ એને ખભા એટલી બધી વાર ઊંચા કરવા પડ્યા કે દિવસ પૂરો થયો ત્યાં સુધીમાં એના ખભા વળી જઈને છેક કાન સુધી પહોંચી ગયા.

જેમ જેમ સાંજ વીતતી ગઈ તેમ તેમ છોકરાઓ પણ આવતા બંધ થવા લાગ્યા. સૌથી છેલ્લો વીત્યા આવ્યો. એ ઘણી વાર સુધી અમારી જોડે બેઠો રહ્યો.

"દિવસ ગણવામાં તો ભૂલ નથી થઈને?" એ બોલ્યો.

અમે ફરી વાર દિવસ ગણી જોયા પણ ક્યાંય ભૂલ નહોતી. બરાબર એકવીસમો દિવસ હતો. દિવસ પૂરો થઈ રહ્યો હતો પણ ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં નહોતાં.

"ફિકર કરો મા," અમને દિલાસો આપવા એણે કહ્યું. "સવાર સુધી વાટ જોઈએ. બચ્ચાં કદાચ રાતમાં ઈંડાંમાંથી બહાર નીકળશે."

મેં મારી માને સમજાવીને રાતે મિશાને ત્યાં રહેવાની પરવાનગી મેળવી લીધી. અમે આખી રાત

બેસીને ધ્યાન રાખવાનું નક્કી કર્યું. અમે ઘણી વાર સુધી ઇન્ક્યુબેટરની પાસે ચુપચાપ બેઠા રહ્યા. હવે અમારી પાસે વાત કરવાનું કશું રહ્યું નહોતું. અમારી બધી આશાઓના ભુક્કા થઈ ગયા હતા, એટલે અમે દિવાસ્વપ્નની મજા પણ માણી શકીએ એમ નહોતા. થોડી વારમાં ટ્રામ ચાલતી બંધ થઈ ગઈ અને સાવ શાંતિ છવાઈ ગઈ. બારી બહાર બળતી રસ્તાની બત્તી બંધ થઈ ગઈ. હું સોફા ઉપર લાંબો થયો. મિશા બેઠોબેઠો ઝોકાં ખાવા લાગ્યો, પણ ખુરશી ઉપરથી પડતો પડતો રહી ગયો એટલે આવીને મારી પાસે સોફા ઉપર સૂઈ ગયો. અમે બન્ને ઊંઘી ગયા.

અમે જાગ્યા ત્યારે દિવસ ઊગી ગયો હતો અને બધું અગાઉની જેમ જ હતું. ઈંડાં ઇન્ક્યુબેટરમાં પડયાં હતાં. એકેય ઈંડામાં ક્યાંય તરડ સરખી દેખાતી નહોતી અને એકેય ઈંડામાંથી જરાય અવાજ સંભળાતો નહોતો.

બધા છોકરા ખૂબ નિરાશ થઈ ગયા.

"શું થયું હશે?" છોકરા પૂછવા લાગ્યા. "આપણે સૂચનાઓનું તો કાળજીથી પાલન કર્યું છે, નહિ કે?"

"મને ખબર નથી," મિશા ખભા ઊંચા કરતો બોલ્યો.

મને એકલાને જ ખબર હતી કે શું થયું છે. હું ઊંઘી રહેલો તે દિવસે બધાં ઈંડાંના ગર્ભ મરી ગયા હશે. ટેમ્પરેચર ઘટી ગયેલું એટલે બધા ગર્ભ ટાઢમાં ખતમ થઈ ગયા હશે—એમની જિંદગી શરૂ થાય તે પહેલાં જ એ મરી ગયા હશે. સૌની હાજરીમાં મારા મનમાં ભારે દોષની લાગણી પેદા થઈ. સૌની મહેનત સાવ નકામી ગઈ અને તેના કારણમાં હું જ હતો! પણ એ વખતે મારાથી એ વાત ન કહી શકાઈ. મેં નક્કી કર્યું કે આગળ જતાં આખો બનાવ જયારે ભુલાઈ જશે ત્યારે હું મારો વાંક કબૂલ કરી લઈશ. બચ્ચાં ન બન્યાં તે બદલ છોકરાઓનો અફસોસ પણ એ વખતે ઓસરી ગયો હશે.

તે દિવસે નિશાળમાં અમે ખૂબ ગમગીન હતા. અમે જાણે કોઈના અવસાનના શોકમાં ડૂબેલા હોઈએ એમ સૌ છોકરા અમારી તરફ હમદર્દીની નજરે જોતા હતા. સેન્યા બોબરોવે મશ્કરીની પોતાની રોજની આદત મુજબ અમને "મરઘાંના ઉસ્તાદ" કહીને બોલાવ્યા ત્યારે બીજા બધા છોકરા એની ઉપર વરસી પડયા અને એને કહ્યું કે તને શરમ આવવી જોઈએ. મિશાને અને મને મનમાં બેચેની થઈ.

"એને બદલે આપણી ઉપર ખિજાયા હોત તો મને સારું લાગત!" મિશા બોલ્યો.

"ખિજાય શું કરવા?"

"આપણે ખાતર એમણે કેટલી બધી મહેનત કરી છે એ યાદ કર. આપણી ઉપર ખીજે ભરાવાનો એમને પૂરો હક છે."

અમે નિશાળેથી પાછા આવ્યા તે પછી કેટલાક છોકરા આંટો મારી ગયા, પણ થોડી વારમાં છોકરા આવતા બંધ થઈ ગયા. ફક્ત કોસ્ત્યા દેવ્યાતકિન એક કે બે વાર આવી ગયો. એને એકલાને હજી આશા બાકી હતી.

"જોયું," મિશાએ મને કહ્યું, "હવે બધા છોકરા આપણી ઉપર ખિજાઈ ગયા છે. પણ ખબર તો પડે કે શું કરવા ખિજાઈ ગયા છે? ભૂલ તો સૌ કરે."

"પણ તું જ કહેતો'તો કે એમને ખીજે ભરાવાનો હક છે."

"હક તો છે," મિશા ચીડના ભાવે બોલ્યો. "અને તને પણ ખીજે ભરાવાનો હક છે. મને ખબર છે, બધો વાંક મારો જ છે."

"તારો વાંક કેમ? તારો વાંક તો કોઈ નથી કાઢતું. અને તારો વાંક જરાય છે જ નહિ," મેં કહ્યું.

"વાંક મારો જ છે. પણ તું મારી ઉપર બહુ ગુસ્સે તો નહિ થાય ને?"

"હું શું કરવા ગુસ્સે થાઉં?"

"એટલા માટે કે હું સાવ નકામો છોકરો છું. મારું નસીબ જ ખરાબ છે. હું જે કંઈ કરું એનો અંત કદી સારો નથી આવતો."

"એ વાત સાચી નથી, બધું હું જ બગાડી નાખું છું," મેં કહ્યું. "બધો વાંક મારો જ છે."

"ના, તારો નહિ, મારો જ વાંક છે. મેં જ બચ્ચાંને ખતમ કરી નાખ્યાં છે."

"તેં કેવી રીતે ખતમ કરી નાખ્યાં છે?"

"હમણાં કહું છું, પણ પહેલાં વચન આપ કે તું ગુસ્સે નહિ થાય," મિશા બોલ્યો. "એક વાર મને પરોઢમાં ઊંઘ આવી ગયેલી. હું જાગ્યો ત્યારે મેં જોયું તો ટેમ્પરેચર ૪૦ ડિગ્રી સુધી ઊંચે ચડી ગયું હતું. ઈંડાંને ટાઢાં કરી નાખવા માટે મેં તરત જ ઢાંકણું ઉઘાડી નાખેલું, પણ લાગે છે કે ત્યાં સુધીમાં બધું ખતમ થઈ ગયું હશે."

"આ ક્યારે બનેલું?"

"પાંચ દિવસ પહેલાં."

મિશાના ચહેરા ઉપર ભયંકર અપરાધના ભાવ દેખાતા હતા અને એ ખૂબ દુ:ખી થઈ ગયેલો લાગતો હતો.

"તું ફિકર કરવી રહેવા દે," મેં એને કહ્યું, "ઈંડાં તો એથી બહુ પહેલાં જ બગડી ગયેલાં."

"શેનાથી પહેલાં?"

"તું ઊંઘી રહેલો તે દિવસથી પહેલાં."

"કોણે બગાડી નાખેલાં?"

"મેં."

"તેં? કેવી રીતે?"

"એક દિવસ હુંયે ઊંઘી રહેલો. ટેમ્પરેચર ઘટી ગયેલું. ઈંડાં ત્યારે જ બગડી ગયાં હશે."

"એ ક્યારે બનેલું?"

"દસમે દિવસે."

"તેં પહેલાં કેમ કંઈ કહ્યું નહિ?"

"હું કબૂલ કરી લેતાં ગભરાતો હતો. મને એમ હતું કે બચ્ચાં કદાચ નહિ મરી ગયાં હોય. પણ હવે મને લાગે છે કે બચ્ચાં એ વખતે જ મરી ગયાં હશે, અને મેં જ મારી નાખ્યાં છે."

"અને તેં છોકરાઓને બધી મહેનત નકામી કરવા દીધી," મારી ઉપર કરડી નજર માંડીને મિશા બોલ્યો. "અને કારણ ફક્ત એટલું જ કે તું કબૂલ કરી લેતાં ગભરાતો હતો."

"મને એમ હતું કે બધું કદાચ સલામત પણ હોય. વળી છોકરાઓએ તો આમેય ચાલુ રાખવાનું જ નક્કી કર્યું હોત, નહિતર આપણને કદી ખબર જ ન પડત કે બચ્ચાં જીવતાં છે કે મરી ગયાં છે."

"ચાલુ રાખ્યું હોત, એમ કે!" મિશા ગુસ્સે થઈને બોલ્યો. "પણ તારે તારી ભૂલ તરત જ કબૂલ કરી લેવી જોઈતી હતી. એથી સૌ ભેગા મળીને નક્કી કરી શક્યા હોત. તેને બદલે સૌના વતી તેં જ નક્કી કરી નાખ્યું."

"અરે વાહ!" મેં કહ્યું. "આટલા ઘાંટા પાડીને મને દબડાવે છે શું કરવા? તેં પોતે જ કેમ ભૂલ કબૂલ ન કરી લીધી? તુંયે ઊંઘી રહેલો, કે નહિ?"

"હા, હુંયે ઊંઘી રહેલો," મિશા પસ્તાવાના ભાવે બોલ્યો. "હું ચોક્કસ નઠારો છોકરો છું. તને મન થતું હોય તો મને એક મુક્કો લગાવી દે."

"મારે એવું કાંઈ નથી કરવું. પણ ધ્યાન રાખજે, મેં કરેલી વાત જઈને છોકરાઓને કહી દેતો નહિ," હું બોલ્યો.

"હું તો કાલે સૌને કહી દઈશ. તારે વિશે નહિ પણ મારે વિશે. ભલે સૌને ખબર પડતી કે હું કેવો નઠારો છું. હું એવી સજાને જ લાયક છું."

"બહુ સારું, તો હું પણ કબૂલ કરી લઈશ," મેં કહ્યું.

"ના, તું એમ ન કરે તો સારું."

"કેમ?"

"તું તો સૌને ઓળખે જ છે. આપણે બધાં કામ સાથે મળીને કરીએ છીએ એટલે બધા છોકરા હંમેશાં આપણી મશ્કરી કરતા હોય છે. આપણે નિશાળે ભેગા જઈએ છીએ, લેસન ભેગા કરીએ છીએ, અને નિશાળમાં ઓછા માર્ક પણ ભેગા જ મેળવીએ છીએ. હવે છોકરા ક્હેશે કે ડ્યૂટીના વખતે ઊંઘી રહેવામાંયે આપણે એકબીજાનો સંગાથ જાળવી રાખ્યો છે."

"ભલે મરજી પડે એમ ક્હેતા," મેં કહ્યું. "વળી તારી મશ્કરી થાય ત્યારે હું ઊભોઊભો જોઈ તો ન જ રહી શકું ને?"

આશા ઓસરી ગઈ ત્યારે

એ ગમગીન દિવસ પૂરો થયો અને પાછી સાંજ પડી. રસોડાની અંદર હાલતમાં કશો ફેર ન પડયો: ઇન્ક્યુબેટરમાં ગરમી કાયમ હતી, લેમ્પ હજી ચાલુ હતો, પણ અમારાં દિલોમાં આશા મરી ચૂકી હતી. મિશા હાથમાં પકડેલા ઈંડા ઉપર મીટ માંડીને ચુપચાપ ઢીલો બેઠો હતો. અમે નક્કી નહોતા કરી શકતા

કે ઈંડાને તોડી નાખવું કે હજી થોડીક વાર થોભી જવું. અચાનક મિશા ચોંકી જઈને અક્કડ થઈ ગયો અને ડોળા ફાડીને મારી તરફ તાકી રહ્યો. મને થયું કે એને મારી પીઠ પાછળ ભૂત દેખાયું હશે, એટલે મેં એકદમ પાછળ ફરીને જોયું. પણ ત્યાં કંઈ જ નહોતું. હું પાછો મિશા તરફ ફર્યો.

"જો!" ઈંડાવાળો હાથ મારી તરફ લાંબો કરીને એ ઘોઘરા અવાજે બોલ્યો:

પહેલાં તો મને કશું ન દેખાયું પણ પછી મારી નજર એક જગ્યાએ પડેલી નાનકડી તરડ ઉપર પડી.

"તેં ઈંડાને કોઈ ચીજ જોડે અફળાવ્યું છે કે શું?"

મિશાએ માથું ધુણાવીને ના પાડી.

"તો... તો... શું બચ્ચાએ તરડ પાડી હશે?"

મિશાએ માથું હલાવીને હા પાડી.

"તને ખાતરી છે?"

મિશાએ ખભા ઊંચા કર્યા.

મેં તૂટેલા કોચલાને મારા નખ વડે કાળજીથી ઊંચું કરીને બટકાવી નાખ્યું અને એ રીતે ઈંડામાં એક નાનકડું કાણું બનાવ્યું. એ જ ઘડીએ એક ટચૂકડી પીળી ચાંચ કાણામાંથી બહાર નીકળી આવી અને પાછી અંદર અલોપ થઈ ગઈ.

અમે એટલા બધા ઉત્તેજિત થઈ ગયા કે અમારાથી કંઈ જ બોલાયું નહિ. એકદમ ઉમંગમાં આવી જઈને અમે એકબીજાને ભેટી પડયા અને વહાલ કરવા લાગ્યા.

"વાહ, કેવી મજા! તરકીબ કામયાબ!" મિશા જોરથી બોલી ઊઠયો અને ખડખડાટ હસી પડયો. "હવે કઈ તરફ? પહેલાં કોને કહેવા જઈશું?"

"ઊભો રહે!" મેં કહ્યું. "ઉતાવળ શાની છે? ક્યાં ચાલ્યો?"

"એકદમ જઈને છોકરાઓને કહીએ!" મિશા બારણા તરફ ધસ્યો.

"ઊભો રહે!" મેં કહ્યું. "પહેલાં ઈંડું પાછું મૂકી દે. ઈંડું ભેગું લઈને તો નહિ જાય ને?"

મિશા પાછો આવ્યો અને એણે ઈંડું ઈન્ક્યુબેટરમાં મૂક્યું. એ જ વખતે કોસ્ત્યા અંદર આવ્યો.

"અરે, એક બચ્ચું તૈયાર!" મિશાએ રસોડું ગજાવી મૂક્યું.

"નકામાં ગપ્પાં!"

"ઈમાનથી કહું છું!"

"ક્યાં છે?"

મિશાએ ઈન્ક્યુબેટરનું ઢાંકણું ઊંચું કર્યું અને કોસ્ત્યાએ અંદર નજર નાખી.

"બચ્ચું ક્યાં છે? મને તો ઈંડાં જ દેખાય છે."

કાણાવાળું ઈંડું પોતે ક્યાં મૂકેલું એ મિશા ભૂલી ગયેલો એટલે પહેલાં તો એ મળ્યું જ નહિ. આખરે એ અકસ્માત જ એના હાથમાં આવી ગયું અને એણે ફતેહના ભાવે કોસ્ત્યાને બતાવ્યું.

કોસ્ત્યા ખુશીના જોરમાં ચીસ પાડી ઊઠયો. "આમ જો, ખરેખરી મરઘાની ચાંચ કાણામાંથી બહાર નીકળી આવી છે," એ બોલી ઊઠયો.

"બેશક, ખરેખરી ચાંચ જ છે. તું શું એમ માને છે કે આમાં સરકસની કોઈ ચાલાકી છે?"

"ઊભા રહો, તમે આ ઈંડાનું ધ્યાન રાખો, હું જઈને બાકીના છોકરાઓને બોલાવી લાવું છું," કોસ્ત્યાએ કહ્યું.

"સરસ, જઈને બોલાવી લાવ. એ સૌને વિશ્વાસ જ નહોતો કે બચ્ચાં બનશે. કાલે સાંજે કોઈ નહોતું આવ્યું."

"એમાં જ તારી ભૂલ થાય છે. સૌ મારે ઘેર બેઠા છે અને સૌને પૂરો વિશ્વાસ છે કે બચ્ચાં બનશે જ. પણ તમને હેરાન કરતાં સૌ અચકાતા હતા. એમણે મને આખરી ખબર માટે જ મોકલ્યો છે."

"કેમ અચકાતા હતા?"

"તમને મનમાં કેટલું દુ:ખ થતું હશે એની સૌને ખબર હતી, એટલે તેઓ કોઈ રીતે વચ્ચે આડા આવવા નહોતા માગતા."

કોસ્ત્યા દોડતો બહાર નીકળી ગયો. એ ત્રણ ત્રણ પગથિયાં એકીસાથે ઠેકતો સડસડાટ દાદરો ઊતરી રહ્યો હતો તેનો અવાજ અમને સંભળાયો.

"અરે, માને તો મેં હજી કહ્યું જ નથી," મિશા બોલી ઊઠયો. એ એની માને કહેવા ગયો અને હું ઈંડું લઈને મારી માને બતાવવા ગયો.

માએ ઈંડું જોઈ લીધું અને મને કહ્યું કે એકદમ દોડતો જઈને ઈંડું પાછું ઇન્ક્યુબેટરમાં મૂકી દે, નહિતર એ ટાઢું થઈ જશે તો મરઘડાને શરદી થઈ જશે.

હું સપાટાબંધ પાછો મિશાને ત્યાં પહોંચ્યો. મિશા ઉત્તેજિત હાલતમાં રસોડામાં ઊભો હતો અને એના બાપુ તથા એની મા ઊભાંઊભાં એની સામે હસી રહ્યાં હતાં. મને જોતાં જ મિશા મારી ઉપર વરસી પડયો:

"મેં ઈંડું ક્યાં મૂકેલું એની તને ખબર છે? આખું ઇન્ક્યુબેટર જોઈ નાખ્યું પણ ઈંડું ક્યાંય મળતું જ નથી!"

"કયું ઈંડું?"

"પેલું... જેમાં બચ્ચું છે એ ઈંડું!"

"આ રહ્યું," મેં કહ્યું.

ઈંડું મારા હાથમાં જોઈને મિશા બેહોશ થતો થતો રહી ગયો.

"મૂરખ ગધેડા! ઈંડું લઈને ભાગી જવાનું તને ક્યાંથી સૂઝયું?"

"ચુપ," મિશાની મા બોલી. "એક ઈંડા ખાતર આટલી બધી ધમાલ!"

"પણ મા, આ કંઈ સાધારણ ઈંડું નથી. આમ જો તો ખરી!"

મિશાની મા ઈંડું હાથમાં લઈને કાણામાંથી દેખાતી ટચૂકડી ચાંચ જોવા લાગી. મિશાના બાપુએ પણ ચાંચ જોઈ.

"હં... અદ્‌ભુત!" મિશાના બાપુ મોં મલકાવતા બોલ્યા.

"એમાં કશું અદ્‌ભુત નથી," મિશા મોં પર મોટાઈના ભાવ આણીને બોલ્યો. "એ તો કુદરતી ઘટના જ છે."

"તું પોતે પણ કુદરતી ઘટના જ છે," મિશાના બાપુ હસી પડયા. "મરઘાંનું બચ્ચું બન્યું એ બેશક અદ્‌ભુત બાબત નથી જ. અદ્‌ભુત બાબત તો એ છે કે બચ્ચું તમારા ઈન્ક્યુબેટરમાં બન્યું છે. હું કબૂલ કરી લઉં છું કે તારો અખતરો કામયાબ થશે એવી ધારણા મેં નહોતી રાખી."

"તો પછી તમે એ વખતે કેમ કંઈ કહ્યું નહિ?"

"શા માટે કહું? તું શેરીમાં બેલગામ રખડતો રહે તેના કરતાં તારો વખત મરઘડાંના ઉછેરમાં લગાવે એ મને વધારે ગમે જ."

એ જ વખતે માયા રસોડામાં દાખલ થઈ. એ સૂવા ચલી ગયેલી, પણ શોર કાને પડતાં તરત જ ઊઠીને આવી પહોંચી હતી. ઉતાવળમાં એણે કપડાં ઊંધાં પહેર્યાં હતાં તથા બૂટ ઉઘાડા પગમાં જ પહેરી લીધા હતા. અમે એને ઈંડું એક કે બે મિનિટ હાથમાં રાખવા દીધું. એણે કાણા ઉપર આંખ માંડી પણ બરાબર એ જ વખતે અંદરથી બચ્ચાએ ચાંચ બહાર કાઢી.

માયા ચીસ પાડી ઊઠી અને બોલી: "મને ચાંચ મારી! ટચૂકડા તોફાની મરઘડા! હજી કોચલામાંથી બહાર તો નીકળ્યું નથી, અને તેં લડાઈ શરૂ કરી દીધી છે!"

"નવા જન્મેલા મરઘડાને એમ દબડાવાય નહિ, એને ક્યાંક ધાક બેસી જાય!" મિશા બોલ્યો અને એણે ઈંડું લઈને પાછું ઈન્ક્યુબેટરમાં મૂકી દીધું.

એટલામાં બહાર દાદરા ઉપરથી ઘોંઘાટ અને દોડતા પગનો અવાજ સંભળાયો. થોડીક જ વારમાં આખું રસોડું છોકરાઓથી ભરાઈ ગયું. વળી પાછું ઈંડું બહાર કાઢવું પડયું અને સૌને બતાવવું પડયું. દરેકને કાણાની અંદર નજર નાખીને બચ્ચું જોવાનું મન હતું.

"ભલા ભાઈઓ, ઈંડું પાછું લાવો," મિશાએ મોટેથી કહ્યું. "ઈંડું પાછું ઈન્ક્યુબેટરમાં મૂકી દેવાનું છે, નહિતર મરઘડાને શરદી થઈ જશે."

પણ એની વાત ઉપર કોઈએ ધ્યાન ન આપ્યું. અમારે ઈંડું પરાણે લઈ લેવું પડયું.

"બીજાં ઈંડાંમાં હજી તરડો નથી પડી?" વીત્યાએ પૂછ્યું.

અમે બીજાં ઈંડાં તપાસી જોયાં પણ એકેયમાં તરડની કોઈ નિશાની નજરે ન પડી.

"ના, ફક્ત પાંચ નંબરના ઈંડામાં જ તરડ હતી. બાકીનાં ઈંડાંમાં ક્યાંય તરડ દેખાતી નથી," મિશાએ જાહેરાત કરી.

"બાકીનાં ઈંડાંમાંથી બચ્ચાં કદાચ થોડા વખત પછી નીકળશે," છોકરા બોલ્યા.

"હવે કંઈ ફેર નથી પડતો," મિશાએ કહ્યું. "ફક્ત એક જ બચ્ચું બને તોયે હું ખુશ છું. આટલી બધી મહેનત આખર નકામી તો નથી ગઈ!"

"આપણે કોચલું તોડીને બચ્ચાને બહાર કાઢી લઈએ તો?" સેન્યા બોબરોવ બોલ્યો. "બીચારાને અંદર અગવડ લાગતી હશે."

"ના, ના, એમ ન કરાય," મિશા બોલી ઊઠયો. "કોચલાને હાથ ન અડાડાય. બચ્ચાની ચામડી હજી ખૂબ કુમળી હોય અને હાથ અડાડીએ તો એને ઈજા થાય."

સારો એવો વખત વીતી ગયો ત્યાર પછી જ છોકરા આખરે ગયા. બચ્ચું કોચલામાંથી બહાર નીકળે એ જોવાનું દરેકને મન હતું. પણ ખૂબ મોડું થઈ ચૂક્યું હતું એટલે સૌને ઘેર જવું પડ્યું.

"કંઈ વાંધો નહિ," મિશાએ કહ્યું. "ફક્ત એક જ બચ્ચું બનીને અટકી નહિ જાય. જોજો તો ખરા, થોડા વખતમાં બીજાં બચ્ચાં પણ બહાર નીકળવા લાગશે."

છોકરા ચાલ્યા ગયા ત્યાર પછી મિશાએ ફરી વાર ઈંડાં તપાસી જોયાં. એક ઈંડામાં તરડ નજરે પડી.

"આમ જો," એણે ઘાંટો પાડયો. "અગિયાર નંબરના ઈંડામાં પણ બચ્ચું તૈયાર થઈ ગયું!"

મેં જોયું તો "૧૧" નંબર નોંધેલા ઈંડામાં ખરેખર તરડ પડેલી દેખાઈ.

"કેવો અફસોસ કે છોકરા ચાલ્યા ગયા," મેં કહ્યું. "હવે તો ખૂબ મોડું થઈ ગયું છે, એમને બોલાવવા જવાય એમ નથી."

"હા, અફસોસની વાત છે!" મિશા ગણગણ્યો. "પણ કંઈ વાંધો નહિ, કાલે આવશે ત્યારે તૈયાર બચ્ચાં જોઈ લેશે."

અમે ઈન્ક્યુબેટર પાસે બેસી ગયા. અમારાં દિલોમાં ખુશી ઉછાળા મારી રહી હતી.

"તું ને હું ખરેખર નસીબદાર છોકરા છીએ," મિશા બોલ્યો. "હું શરત મારવા તૈયાર છું કે આપણા જેવા નસીબદાર માણસો બહુ ઓછા હશે."

રાત પડી. સૌ ક્યારનાં સૂઈ ગયાં હતાં પણ મિશાને અને મને જરાય ઊંઘ નહોતી આવતી.

વખત ઝડપથી વીતતો ગયો. રાતમાં લગભગ બે વાગ્યે બીજાં બે ઈંડાંમાં તરડ પડેલી દેખાઈ: નંબર ૮ અને નંબર ૧૦. ત્યાર બાદ જયારે અમે ફરી વાર ઈન્ક્યુબેટરમાં નજર નાખી ત્યારે ખરેખરું અચરજ અમારી વાટ જોઈને બેઠું હતું. બધાં ઈંડાંની વચ્ચે એક તાજું જન્મેલું ટચૂકડું બચ્ચું પડ્યું હતું. બચ્ચું પોતાના પગ ઉપર ઊભું રહેવાની કોશિશ કરતું હતું પણ વારંવાર પડી જતું હતું.

ખુશીનો માર્યો હું તો જાણે ગૂંગળાઈ ગયો.

મેં બચ્ચાને ઉપાડી લીધું. બચ્ચું હજી ભીનું હતું. તેને પીંછાં નહોતાં પણ કુમળી ગુલાબી પીઠ ઉપર બધે સુંવાળાં પીળાં રૂંછાં અણસરખી રીતે ચોંટેલાં હતાં.

મિશાએ વાસણ ખોલ્યું અને મેં બચ્ચાને અંદર મૂકી દીધું. પછી અમે નીચેના વાસણમાં થોડુંક ગરમ પાણી ઉમેર્યું જેથી બચ્ચાને ગરમાવો મળે.

"અંદર ખૂબ ગરમાવો છે. થોડી વારમાં જ બચ્ચું સુકાઈને સરસ મજાનું રૂંછાંદાર બની જશે," મિશા બોલ્યો.

એણે ઈન્ક્યુબેટરમાંથી કોચલાનાં બે અડધિયાં બહાર કાઢ્યાં:

"અચરજની વાત છે કે આવડા નાનકડા કોચલાની અંદર આવડું મોટું મરઘડું સમાઈ જાય છે!"

કોચલાની સરખામણીમાં મરઘડું ખરેખર ખૂબ મોટું લાગતું હતું. પણ કોચલાની અંદર તો બચ્ચું

કોકડું વળીને પડયું હોય, એના પગ શરીરની નીચે દબાયેલા હોય, અને એનું માથું એક તરફ વળેલું હોય. પણ બચ્ચું કોચલામાંથી બહાર નીકળ્યું એટલે એનાં બધાં અંગ સીધાં થઈ ગયાં હતાં અને હવે એ ગરદન લાંબી કરીને પોતાના નાનકડા પાતળા પગ ઉપર ઊભું હતું.

તૂટેલું કોચલું જોવામાં પડેલો મિશા એકાએક બોલી ઊઠયો: "અરે, આમ જો, આ તો ગલત બચ્ચું છે!"

"ગલત બચ્ચું—એ વળી શું?"

"આ પહેલું બચ્ચું નથી! સૌથી પહેલાં કોચલું તોડનાર બચ્ચું પાંચ નંબરના ઈંડામાં હતું, આ તો અગિયાર નંબરના ઈંડાનું કોચલું છે."

કોચલા ઉપર ખરેખર "૧૧" નંબર લખેલો હતો.

અમે ઈન્ક્યુબેટરમાં જોયું. પાંચ નંબરનું ઈંડું અમે જયાં મૂકેલું ત્યાં જ પડયું હતું.

"આને શું થયું છે?" હું બોલ્યો. "સૌથી પહેલાં તો એણે જ કોચલું તોડેલું, અને હવે બહાર જ નથી નીકળતું!"

"કદાચ બહુ નબળું હશે અને કોચલું તોડવાની તાકાત એનામાં નહિ હોય," મિશાએ કહ્યું. "થોડી વાર ભલે પડયું રહેતું, પછી કદાચ એનામાં તાકાત આવી જશે."

અમારી ભૂલ

અમે એટલા બધા મશગૂલ હતા કે બારીમાં તડકો ચળકવા લાગ્યો ત્યાં સુધી અમને ભાન જ ન થયું કે સવાર પડી ગઈ છે. સૂરજનાં લહેરી કિરણો રસોડાના ભોંયપટ ઉપર ગેલ કરી રહ્યાં હતાં, અને રસોડું તેજ તથા ઉલ્લાસથી ભરેલું દેખાતું હતું.

"જોઈ લેજે, છોકરા હમણાં આવી પહોંચશે," મિશાએ કહ્યું. "એમનાથી ઝાઝી વાર ઘરમાં રહેવાશે જ નહિ."

એના હોઠેથી એ શબ્દો નીકળ્યા ન નીકળ્યા એટલામાં તો બે છોકરા આવી પહોંચ્યા—જેન્યા અને કોસ્ત્યા.

"ચમત્કાર જોવો છે?" મિશા બોલી ઊઠયો. એણે નવું જન્મેલું મરઘડું ગરમ વાસણમાંથી બહાર કાઢયું. "જુઓ! કુદરતનો ચમત્કાર!"

છોકરાઓએ ગંભીરતાથી બચ્ચાને તપાસી જોયું.

"બીજાં ત્રણ ઈંડાંમાં તરડો પડી છે," મિશાએ બણગું ફૂંક્યું. "જુઓ, નંબર ૫, ૮, અને ૧૦."

મરઘડાને ટાઢ પસંદ ન હોય એમ લાગ્યું. અમારા હાથમાં એ બેચેન બનવા લાગ્યું પણ અમે એને ગરમ વાસણમાં મૂક્યું કે તરત જ એ શાંત થઈ ગયું.

"એને કંઈ ખવડાવ્યું?" કોસ્ત્યાએ પૂછ્યું.

"ના, ભાઈ," મિશા બોલ્યો. "ખવડાવવાનો વખત હજી નથી થયો. બચ્ચું બહાર નીકળે ત્યાર પછી બીજે દિવસે જ એને ખવડાવાય."

"તમે ચોક્કસ આખી રાત સૂતા નહિ હો," જેન્યા બોલ્યો.

"ના... અમે તો એકદમ મશગૂલ હતા."

"તો તમે જઈને થોડીક ઊંઘ ખેંચી લો, એટલી વાર અમે ધ્યાન રાખીશું," કોસ્ત્યાએ સૂચન કર્યું.

"સારું. પણ વચન આપો કે બીજું બચ્ચું નીકળે તો તમારે અમને જગાડવા."

"બેશક."

મિશા અને હું સોફા ઉપર લાંબા થયા અને તરત જ ઊંઘી ગયા. સાચું કહું તો મને કેટલીય વારથી ઊંઘ આવી રહી હતી. છોકરાઓએ અમને લગભગ દસ વાગ્યે જગાડયા.

"આવીને ચમત્કાર નંબર બે જુઓ!" કોસ્ત્યા બોલ્યો.

"ચમત્કાર નંબર કેટલામો?" હું અરધો ઊંઘમાં બબડયો. મેં આસપાસ નજર ફેરવી તો રસોડું છોકરાઓથી ભરાઈ ગયેલું હતું.

"અહીંયાં જુઓ!" છોકરા બોલી ઊઠયા અને એમણે વાસણ તરફ આંગળીઓ ચીંધી.

મિશા અને હું ઊછળતા ઊભા થઈ ગયા અને વાસણમાં જોવા દોડી ગયા. વાસણમાં બે બચ્ચાં હતાં. એક બચ્ચું રૂંછાંદાર, ગોળમટોળ, અને ઈંડાંની જરદીના પાઉડર જેવું પીળું પીળું હતું. ખૂબ રૂપાળું!

"કેવું સરસ છે!" મેં કહ્યું. "પણ પહેલું બચ્ચું કેમ આમ સાવ માંદલું દેખાય છે?"

છોકરા હસી પડયા. "પહેલું તો આ છે!"

"કયું?"

"રૂંછાંદાર છે એ."

"ના, ના, એ ન હોય. માંદલું લાગે છે એ જ પહેલું છે."

"માંદલું લાગે છે એ તો હજી હમણાં જ કોચલામાંથી બહાર નીકળ્યું છે. પહેલું બચ્ચું સુકાઈને રૂંછાંદાર બની ગયું છે."

"અરે વાહ!" હું બોલી ઊઠયો. "તો પછી બીજું બચ્ચું સુકાઈ જશે ત્યારે એ પણ રૂંછાંદાર બની જશે, ખરું ને?"

"બેશક."

"આ બચ્ચું કયા નંબરનું છે?" મિશાએ પૂછ્યું.

છોકરા ગૂંચવણમાં પડી ગયા.

"મેં ધારેલું કે બધાં ઈંડાં ઉપર નંબર લખેલા એની તમને ખબર હશે," મિશા બોલ્યો.

"ના, અમને નંબર જોવાનો ખ્યાલ જ ન આવ્યો," કોસ્ત્યાએ કહ્યું.

"કોચલા ઉપરથી નંબરની ખબર પડી જશે," મેં કહ્યું. "કોચલું હજી અંદર જ હશે."

ઈન્ક્યુબેટર ખોલીને અંદર જોતાં જ મિશા ઘાંટો પાડી ઊઠયો:

"આમ જુઓ! તદ્દન નવાં બે બચ્ચાં છે અંદર!"

સૌ છોકરા ઈન્ક્યુબેટર તરફ ધસી ગયા. મિશાએ બે નવાં બચ્ચાં કાળજીથી બહાર કાઢયાં અને અમને સૌને બતાવ્યાં.

"જોઈ લો, ગરુડ જેવાં છે!" મિશા ગર્વથી બોલ્યો.

અમે બન્ને નવાં બચ્ચાંને બીજાં બે બચ્ચાંની જોડે ગરમ વાસણની અંદર મૂક્યાં. અમારી પાસે ચાર બચ્ચાં થઈ ગયાં. બધાંય બચ્ચાં ગરમાવો મેળવવા એકબીજાની અડોઅડ બેસી ગયાં.

ઈન્ક્યુબેટરની અંદરથી તૂટેલાં કોચલાં બહાર કાઢીને મિશા નંબર જોવા લાગ્યો.

"નંબર ૪, ૮, અને ૧૦," એ બોલ્યો. "પણ કયું બચ્ચું કયા નંબરનું હશે?"

કયું બચ્ચું કયા કોચલામાંથી નીકળ્યું હશે એ તો બેશક કોઈ જ કહી શકે એમ નહોતું. છોકરા હસી પડયા:

"નંબરનો ગોટાળો થઈ ગયો!"

મેં કહ્યું: "પાંચ નંબરનું ઈંડું હજી ઈન્ક્યુબેટરમાં જ પડયું છે."

"હા, હજી અંદર જ છે," મિશા બોલી ઊઠયો. "એને શું થઈ ગયું હશે? ક્યાંક મરી ન ગયું હોય!"

અમે પાંચ નંબરનું ઈંડું બહાર કાઢયું અને એનું કાણું જરાક મોટું કર્યું. બચ્ચું અંદર ચુપચાપ પડયું હતું. એણે માથું જરાક હલાવ્યું.

"વાહ! હજી જીવતું છે!" અમે સૌ બોલી ઊઠયા અને એને પાછું ઈન્ક્યુબેટરમાં મૂકી દીધું.

મિશાએ બાકીનાં ઈંડાં તપાસી જોયાં. એક વધારે ઈંડામાં તરડ પડી હતી. એ હતું ત્રણ નંબરનું ઈંડું. છોકરા તાળીઓ પાડી ઊઠયા.

આખરે બરાબર રંગ જામી રહ્યો હતો!

થોડી વાર પછી માયા અંદર આવી. અમે એને બચ્ચાં બતાવ્યાં.

"આ બચ્ચું મારું!" એ બોલી ઊઠી અને એણે રૂંછાંદાર બચ્ચું ઝડપી લેવાની કોશિશ કરી.

"જરાક થોભી જા!" મેં કહ્યું, "અને આમ ઝડપ ન માર. બચ્ચાને હજી થોડો વખત ગરમ વાસણમાં બેસી રહેવું પડશે, નહિતર એને શરદી થઈ જાય."

"સારું, પછી લઈશ. પણ મને રૂંછાંદાર બચ્ચું જ આપવું પડશે. માંદલું બચ્ચું મારે નથી જોઈતું."

તે દિવસે રવિવાર હતો. નિશાળે જવાનું નહોતું એટલે છોકરાઓએ આખો દિવસ અમારા રસોડામાં ગાળ્યો. મિશા અને હું ઈન્ક્યુબેટરની પાસે માનમોભાની જગ્યાએ બેઠા. જમણી બાજુ સગડીની પાસે ગરમ વાસણ પડયું હતું અને નવાં જન્મેલાં બચ્ચાં તેની અંદર મૂકેલાં હતાં. સગડી ઉપર ગરમ પાણીનું વાસણ હતું. વાવેલા જવની પેટીઓ બારીની પાળ ઉપર ગોઠવેલી હતી. માટી ઉપર મજાની લીલોતરી છવાઈ ગઈ હતી. છોકરા હસતા, મજાક કરતા, અને ભાતભાતની મજેદાર વાતો કરતા રહ્યા.

"બચ્ચાં જે દિવસે બહાર નીકળવાનાં હતાં તે દિવસે કેમ બહાર ન નીકળ્યાં એની સમજણ પડી કે નહિ?" એક છોકરાએ પૂછ્યું. "તમે ધારેલું કે શુક્રવારે નીકળશે."

"મને તો સમજાતું જ નથી કે શું થયું," મિશાએ જવાબ આપ્યો. "ચોપડીમાં લખ્યું છે કે બચ્ચાં એકવીસમે દિવસે બહાર નીકળે, પણ આજે ત્રેવીસમો દિવસ છે. કદાચ ચોપડી લખનારે ભૂલ કરી હશે."

"કોઈએ ભૂલ કરી હોય તો તમે જ કરી છે," લ્યોશા કુરોચકિન બોલ્યો. "તમે ઈંડાં ઈન્ક્યુબેટરમાં ક્યારે મૂકેલાં?"

"ત્રીજી તારીખે. તે દિવસે શનિવાર હતો. મને બરાબર યાદ છે કેમ કે ત્યાર પછીનો દિવસ રવિવાર હતો."

જેન્યા સ્કવોર્ત્સોવ બોલ્યો: "ક્યાંક કંઈક ગોટાળો છે—તમે ઈંડાં શનિવારે મૂકેલાં પણ એકવીસમો દિવસ આવે છે શુક્રવારે."

"એની વાત બરાબર છે," વીત્યા સ્મિર્નોવે કહ્યું. "તમે શરૂઆત શનિવારથી કરી હોય તો એકવીસમો દિવસ શનિવારે જ આવે. અઠવાડિયામાં સાત દિવસ હોય છે અને એકવીસ દિવસના બરાબર ત્રણ અઠવાડિયાં બને."

"સાતને ત્રણ વડે ગુણો એટલે એકવીસ!" સેન્યા બોબરોવ હસી પડ્યો. "ગુણાકારના કોષ્ટકમાં તો એમ જ છે."

"ગુણાકારના કોષ્ટકની મને ખબર નથી પણ અમારી ગણતરી મુજબ એકવીસમે દિવસે શુક્રવાર આવતો હતો," મિશા ચિડાઈ જઈને બોલ્યો.

"તમે કેવી રીતે ગણતરી કરેલી?"

"હમણાં કહું છું, સાંભળો," આંગળીઓ વડે ગણતો મિશા બોલ્યો. "ત્રીજી તારીખે પહેલો દિવસ, ચોથીએ બીજો દિવસ, પાંચમીએ ત્રીજો દિવસ..."

એણે પૂરા એકવીસ દિવસ ગણ્યા તો એકવીસમે દિવસે શુક્રવાર આવ્યો.

સેન્યા ગૂંચવણમાં પડી ગયો: "આ તો ગમ્મત થઈ! ગુણાકારના કોષ્ટક મુજબ એકવીસમે દિવસે શનિવાર આવે, અને આંગળીઓ વડે ગણો એટલે એકવીસમો દિવસ શુક્રવારે આવે."

"તારી ગણતરી ફરી વાર બતાવ જોઉં," જેન્યા બોલ્યો.

મિશા ફરી વાર આંગળીઓ વાળતો બોલ્યો: "જુઓ શનિવાર ને ત્રીજી તારીખે પહેલો દિવસ, રવિવાર ને ચોથી તારીખે બીજો દિવસ..."

"એક મિનિટ ઊભો રહે! તારી ભૂલ થાય છે! ત્રીજી તારીખે શરૂઆત કરી હોય તો એ દિવસ ન ગણાય."

"કેમ?"

"કેમ કે એ જ તારીખે આખો દિવસ પૂરો ન થાય. ચોથી તારીખ આવે ત્યારે જ એક દિવસ આખો પૂરો થાય. એટલે તમારે ગણતરી ચોથી તારીખથી કરવી જોઈએ."

મિશાને અને મને એકદમ ઝબકારામાં આખી વાત સમજાઈ ગઈ. મિશાએ નવી રીતે ગણતરી કરી જોઈ તો હિસાબ બરાબર બંધ બેસી ગયો.

"બેશક, એકવીસમો દિવસ તો કાલે હતો," એ બોલ્યો.

"તો પછી બધું બરાબર જ છે," મેં કહ્યું. "અમે ઈંડાં ઈન્ક્યુબેટરમાં શનિવારે સાંજે મૂકેલાં, અને પહેલી તરડ શનિવારે સાંજે જોવા મળી—બરાબર એકવીસ દિવસ પછી."

"જોયું ને, ગણતાં બરાબર આવડતું હોય તો કેટલી બધી પરેશાનીથી બચી જવાય!" વાન્યા લોઝૂકિન બોલ્યો.

સૌ છોકરા હસી પડયા.

"હા, અમે ગણતરીમાં છબરડો ન વાળ્યો હોત તો આપણે ઘણીબધી ફિકર અને પરેશાનીથી બચી ગયા હોત," મિશા બોલ્યો.

જન્મદિવસ

તે દિવસે સાંજ સુધીમાં દસ મરઘડાં અમારા ગરમ વાસણમાં પહોંચી જઈને લહેરથી બેઠાં હતાં. પાંચ નંબરના ઈંડાનું મરઘડું સૌથી છેલ્લે બહાર નીકળ્યું. એ તો કોઈ રીતે કોચલામાંથી બહાર નીકળવા જ નહોતું માગતું. એને બહાર કાઢવા માટે અમારે કોચલાનો ઉપરનો ભાગ તોડી નાખવો પડયો. અમે એમ ન કર્યું હોત તો એ કદાચ કોચલામાં જ બેસી રહ્યું હોત. બીજાં મરઘડાં કરતાં એ મરઘડું નાનું અને નબળું હતું. આટલો લાંબો વખત કોચલામાં પડયું રહેલું એટલે કદાચ એમ થયું હશે.

સાંજ પડવા આવી ત્યારે ઈન્ક્યુબેટરમાં ફક્ત બે જ ઈંડાં બાકી રહ્યાં હતાં. અંદર એકલાં પડેલાં ફક્ત બે જ ઈંડાં ગમગીનીનો આભાસ પેદા કરતાં હતાં. બેમાંથી એકેયમાં તરડની કોઈ નિશાની નજરે પડતી નહોતી. અમે ઈન્ક્યુબેટરની નીચે લૅમ્પ ચાલુ રાખ્યો પણ એ બે ઈંડાંમાંથી એ રાતેય બચ્ચાં નીકળ્યાં નહિ. નવાં જન્મેલાં બચ્ચાંએ રાત ગરમ વાસણમાં આરામથી વિતાવી. સવારમાં અમે સઘળાં બચ્ચાંને ભોંયપટ ઉપર છૂટાં મૂક્યાં. રૂંછાંના દસ પીળા દડા પૂરા ઉમંગથી કલબલાટ કરવા લાગ્યા. મરઘડાં નાનકડી આંખો પટપટાવીને ચળકતા અજવાળાથી જુદી તરફ વળી જતાં હતાં. કેટલાંક પોતાના પગ ઉપર મક્કમ ઊભાં રહી શકતાં હતાં, પણ બાકીનાં ડગુમગુ ચાલે ચાલતાં હતાં. કેટલાંકે તો દોડવાનીયે કોશિશ કરી પણ તેમાં એમને બહુ કામયાબી ન મળી. મરઘડાં ચાંચો ક્યારેક ભોંયપટના નાનકડા ડાઘા ઉપર અને પાટિયાંમાં જડેલી ખીલીઓનાં ચળકતાં માથાં ઉપર પણ મારતાં હતાં.

"આમ જો, બચ્ચાંને ભૂખ લાગી છે!" મિશા બોલી ઊઠયો.

અમે જલદી જલદી એક ઈંડું બાફી લીધું અને તેની સાવ બારીક કકડીઓ કરીને ભોંયપટ ઉપર વેરી દીધી. પણ મરઘડાંને સમજણ જ ન પડી કે એનું શું કરવું. અમે ઈંડાની કકડીઓ હાથમાં રાખીને મરઘડાંને ખવડાવવાની કોશિશ કરી.

"ખાઓ, બુદ્ધુ બચ્ચાં," અમે કહ્યું. પણ મરઘડાંએ તો ખોરાકની ઉપર નજર પણ ન નાખી. એ જ વખતે મિશાની મા રસોડામાં આવી.

"મા, બચ્ચાં ઈંડું ખાતાં જ નથી," મિશાએ માને કહ્યું.

"તમારે શીખવવું પડશે."

"કેવી રીતે? અમે તો એમને ખાવાનું કહ્યું પણ અમારી વાત સાંભળતાં જ નથી."

"મરઘડાં એવી રીતે ખાતાં ન શીખે. તમારે ભોંયપટ ઉપર આંગળી વડે ટપ ટપ કરવું પડે."

મિશા મરઘડાંની પાસે બેસી ગયો અને ભોંયપટ ઉપર પડેલી ઈંડાની કકડીઓની બાજુમાં ટપ ટપ કરવા લાગ્યો. ખોરાકની ઉપર ટપ ટપ કરતી આંગળી મરઘડાં જોઈ રહ્યાં અને તેની નકલ કરવા લાગ્યાં. થોડીક વારમાં આખું ઈંડું ચટ થઈ ગયું. અમે રકાબી ભરીને પાણી બચ્ચાંની સામે મૂક્યું અને બચ્ચાં પાણી પી ગયાં. એમને પાણી પીતાં શીખવવાની જરૂર ન પડી. પછી બધાં મરઘડાં એકબીજાની અડોઅડ ભેગાં થઈ ગયાં. અમે એમને ગરમાવો આપવા સારુ પાછાં ગરમ વાસણમાં મૂકી દીધાં.

તે દિવસે માર્યા પેત્રોવ્ના વર્ગમાં આવ્યાં ત્યારે અમે સૌ દોડીને સામા ગયા અને એમને ખબર આપી કે બચ્ચાં બની ગયાં છે. એમને બહુ ખુશી થઈ.

"એટલે આજે તમારાં મરઘડાંનો જન્મદિવસ કહેવાય," એમણે કહ્યું. "તમને મારા તરફથી મુબારકબાદ!"

અમે સૌ હસી પડયા અને વીત્યા સ્મિર્નોવ બોલ્યો: "આપણે મરઘડાંનો જન્મદિવસ ઊજવવો જોઈએ. ચાલો, આજે જ ઊજવીએ."

સૌને ખ્યાલ પસંદ આવી ગયો. "હા, ચાલો ઊજવીએ. માર્યા પેત્રોવ્ના, અમારાં મરઘડાંના જન્મદિવસની ઉજવણીમાં તમે આવશો કે?"

"આભાર, ખુશીથી આવીશ," માર્યા પેત્રોવ્નાએ હસીને કહ્યું. "હું એમને માટે ભેટ પણ લેતી આવીશ."

"અમે સૌ ભેટ લાવીશું," છોકરા બોલી ઊઠયા.

નિશાળેથી પાછા આવીને મિશા અને હું અધીરાઈથી મહેમાનોના આવવાની વાટ જોવા લાગ્યા. અમારાં મરઘડાંને કેવી ભેટો મળશે એ જાણવા અમે ખૂબ આતુર હતા.

સૌથી પહેલાં સેન્યા બોબરોવ ફૂલોનો ગુચ્છો લઈને આવી પહોંચ્યો.

"આ ફૂલ શું કરવા લાવ્યો છે?" મિશાએ પૂછ્યું.

"મરઘડાં માટે. આ મારી ભેટ છે."

"મરઘડાંને ફૂલની ભેટ કોઈએ સાંભળી છે કદી! મરઘડાં કંઈ ફૂલ ન ખાય, કે ખાય?"

"એમને ફૂલ ખાવાં નહિ પડે. એ તો ફૂલ જોશે અને સૂંઘશે."

"કેવી વાત! જાણે કેમ એમણે ફૂલ ક્યારેય જોયાં જ ન હોય."

"બેશક નથી જ જોયાં. જઈને ફૂલદાન લઈ આવ. જોજે તો ખરો, બહુ મજાનાં લાગશે."

અમે ફૂલદાન લઈ આવ્યા અને એમાં પાણી રેડીને ફૂલ ગોઠવ્યાં. સેન્યા બોબરોવ પછી સેર્યોઝા અને વાદિક આવ્યા. એ બન્ને પણ જુદી જાતનાં ફૂલના ગુચ્છા લઈ આવ્યા.

"દરેક જણ ફૂલ જ કેમ લઈ આવે છે?" મિશા ધૂરકતો બોલ્યો.

"અમારી ભેટ તને પસંદ નથી કે?" વાદિકને માઠું લાગ્યું. "ભેટની ચીજને વગોવાય નહિ."

અમે એમનાં ફૂલ પણ પાણીમાં ગોઠવ્યાં.

પછી વાન્યા લોઝ્કિન અરધો કિલો ભરડેલા જવ લઈને આવ્યો. મિશાએ શંકા જાહેર કરી: "મને લાગે છે કે મરઘડાં ભરડેલા જવ નહિ ખાય."

"કોશિશ કરી જો," વાન્યા બોલ્યો.

"ના, માર્યા પેત્રોવ્નાને પૂછી જોઈએ તો સારું."

એ જ વખતે માર્યા પેત્રોવ્ના આવી પહોંચ્યા. એમના હાથમાં અખબારમાં લપેટેલી કોઈ ચીજ હતી. કાગળ ઉખેળીને જોયું તો દધ જેવું કંઈક ભરેલી બાટલ નીકળી.

"દૂધ!" મિશા જોરથી બોલી ઊઠયો. "બચ્ચાંને દૂધ આપવાનો અમને ખ્યાલ જ ન આવ્યો."

"આ તો છાશ છે," માર્યા પેત્રોવ્નાએ કહ્યું. "પહેલા થોડાક દિવસ મરઘડાંને આની જ જરૂર હોય છે. એમને છાશ કેવી ભાવે છે એ હમણાં જોઈ લેજો."

અમે મરઘડાંને વાસણમાંથી બહાર કાઢયાં અને રકાબીમાં છાશ ભરીને એમની સામે મૂકી. મરઘડાં લહેરથી છાશ પી ગયાં.

"મરઘડાં માટે બરાબર કામની ભેટ આને કહેવાય," મિશા ખુશ થઈ ગયો. "મરઘાંનાં બચ્ચાંના જન્મદિવસની ઉજવણીમાં કેવી ભેટ લાવવી એની ખબર પડવી જોઈએ."

મહેમાનો એક પછી એક આવતા ગયા. વીત્યા અને જેન્યા બાજરી લાવ્યા. પછી લ્યોશા કુરોચકિન બાળકને રમવાનો ઘૂઘરો હાથમાં લઈને દોડતો આવી પહોંચ્યો.

"મને સમજાયું જ નહિ કે શું લઈ જવું. રસ્તામાં એક દુકાનમાં ઘૂઘરા જોયા એટલે હું એક ઘૂઘરો મરઘડાં માટે લેતો આવ્યો."

"કહેવું જ પડે કે ભારે અક્કલનું કામ કર્યું છે," મિશા વ્યંગમાં બોલ્યો. "મરઘાંના બચ્ચાં માટે બરાબર જોઈએ એવી ભેટ છે."

"મને કેમ ખબર પડે કે શું લેવું? અને તને શી ખબર પડે, મરઘડાંને કદાચ ઘૂઘરો ગમેય ખરો."

એ દોડતો મરઘડાં પાસે ગયો અને એમનાં માથાં ઉપર ઘૂઘરો વગાડવા લાગ્યો. મરઘડાંએ છાશમાં ચાંચ મારવાનું બંધ કરીને અવાજ સાંભળવા માથાં ઊંચાં કર્યાં.

"જોયું?" લ્યોશા બેહદ ખુશ થઈ જઈને બોલી ઊઠયો. "એમને ઘૂઘરો ગમે છે!"

બધા છોકરા હસી પડયા. "બહુ સારું, હવે બીચારાંને નિરાંતે ખાવા દે," મિશા બોલ્યો.

મેં માર્યા પેત્રોવ્નાને પૂછ્યું કે મરઘડાંને ભરડેલા જવ અપાય કે નહિ. એમણે કહ્યું કે કોઈ પણ જાતનું અનાજ એમને આપી શકાય, પણ એ રાંધેલું હોવું જોઈએ.

"અનાજને કેવી રીતે રાંધવાનું?" મિશા જાણવા આતુર હતો.

"આપણે થૂલી બનાવીએ એવી જ રીતે," માર્યા પેત્રોવ્નાએ કહ્યું.

મિશા અને હું તરત જ થૂલી બનાવવા તૈયાર થઈ ગયા પણ એટલામાં એક વધારે મહેમાન આવી પહોંચ્યો — કોસ્ત્યા દેવ્યાતકિન.

"તું ભેટ લાવ્યો છે કે?" છોકરાઓએ સવાલ કર્યો.

"ચોક્કસ વળી," કોસ્ત્યા બોલ્યો, અને ભરીને બનાવેલાં બે ઢેબરાં એણે ખીસામાંથી બહાર કાઢયાં.

"આ તો ભારે રમૂજી ભેટ!" છોકરા હસી પડયા.

"જન્મદિવસની ઉજવણીમાં ઢેબરાં તો હોય જ ને?" કોસ્ત્યા બોલ્યો.

"અંદર શું ભર્યું છે?" મિશાએ મોં પર શંકાના ભાવ આણીને સવાલ કર્યો.

"ભાત."

"ભાત?" મિશા બોલી ઊઠયો.

કોસ્ત્યાના હાથમાંથી ઢેબરાં ઝડપી લઈને મિશા અંદરથી ભાત બહાર કાઢવા લાગ્યો.

"અરે, આ શું કરે છે?" કોસ્ત્યા બોલી ઊઠયો. "તને મારી ઉપર ભરોસો નથી?"

પણ મિશાએ કંઈ જવાબ ન આપ્યો. એણે ભાત એક રકાબીમાં કાઢીને મરઘડાંની સામે મૂકી દીધો. મરઘડાં તરત જ ભાત ચણવા લાગ્યાં.

બધા છોકરા મરઘડાં સારુ ભેટ લઈ આવ્યા છે એ જોઈને માયા પોતાના ઓરડામાંથી લાલ રિબનનો એક ટુકડો લઈ આવી [illegible]ી એણે રિબનને ફાડીને નાની નાની પટ્ટીઓ બનાવી અને દરેક મરઘડાની ગરદન ફરતી એક પટ્ટી છેડા વાળીને બાંધી દીધી. અમે ફૂલદાન ભોંયપટ ઉપર મરઘડાંની બાજુમાં મૂક્યાં. ફૂલના ગુચ્છા, રિબન, અને છાશ, ભાત, તથા તાજા પાણીથી ભરેલી રકાબીઓ—ખરેખરી જન્મદિવસની ઉજવણી હોય એમ લાગવા માંડયું. કોસ્ત્યા મરઘડાંને લીલોતરી ખવડાવવા માગતો હતો પણ માર્યા પેત્રોવ્નાએ કહ્યું કે બચ્ચાંને લીલોતરી ખવડાવવાને હજી વાર છે, આવતીકાલે ખવડાવજો.

મરઘડાંએ પેટ ભરીને ખાઈપી લીધું એટલે અમે રિબન ખોલી નાખીને એમને પાછાં ગરમ વાસણમાં મૂકી દીધાં. માર્યા પેત્રોવ્નાએ અમને શિખામણ આપી કે વાડ જેવું કંઈક બનાવીને રસોડાનો એક હિસ્સો અલગ કરી નાખો અને અંદર ગરમ પાણીથી ભરેલું એક વાસણ મૂકો. મરઘડાં વાસણને અડીને ગરમાવો લેશે.

"એમને ગામડામાં પહોંચાડી શકો તો સૌથી સારું. અહીંયાં ઘરની અંદર પુરાયેલાં રહીને કદાચ માંદાં પડી જાય અને વખતે મરી પણ જાય. એમને તાજી હવા જરૂરી છે," માર્યા પેત્રોવ્નાએ કહ્યું.

અમે માર્યા પેત્રોવ્નાને અમારું ઈન્ક્યુબેટર બતાવ્યું અને અંદર પડેલાં બે ઈંડાં પણ બતાવ્યાં.

"મને લાગે છે કે આ ઈંડાંમાંથી બચ્ચાં નહિ નીકળે," માર્યા પેત્રોવ્નાએ કહ્યું. "પણ એની ફિકર ના કરશો. આમેય તમે ખૂબ સરસ કામગીરી બજાવી છે."

"એ તો સૌ છોકરાઓએ ભેગા મળીને અમને મદદ કરી એટલે," મિશા બોલ્યો. "અમે એકલા બધું કામ ન જ સંભાળી શક્યા હોત."

"એક દિવસ હું ઊંઘી રહેલો અને ટેમ્પરેચર ઘટી ગયેલું. તે દિવસથી મને બીક હતી કે બચ્ચાં બનશે નહિ," મેં કહ્યું.

"ઈંડાં ક્યારેક સારી પેઠે ટાઢાં થઈ જાય તોયે બગડે નહિ," માર્યા પેત્રોવ્નાએ કહ્યું. "આખર મરઘી પણ કંઈ બધો વખત ઈંડાં ઉપર નથી બેસી રહેતી. દિવસમાં એક વાર ઈંડાંને ઉઘાડાં મૂકીને મરઘી કંઈક ખાઈ લેવા જતી હોય છે. ગર્ભના વિકાસ માટે જરૂરી કુદરતી સંજોગો પેદા કરવા સારુ ઈન્ક્યુબેટરનાં

ઈંડાંને પણ દિવસમાં એક વાર ઠંડા પાડવામાં આવતાં હોય છે. ઈંડાંને વધારે પડતી ગરમી આપવામાં આવે તો બહુ હાનિ થાય."

"મેં એક વાર વધારે પડતી ગરમી આપી દીધેલી," મિશા બોલ્યો. "ટેમ્પરેચર ૪૦ ડિગ્રી સુધી પહોંચી ગયેલું."

"ઘણું કરીને કંઈ ખાસ નુકસાન થાય તે પહેલાં જ ખબર પડી ગઈ હશે," માર્થા પેત્રોવ્નાએ કહ્યું. "વધારે ટેમ્પરેચર ઝાઝી વાર રહ્યાં હોત તો ઈંડાં ચોક્કસ બગડી ગયાં હોત."

તે સાંજે અમે બાકીનાં બન્ને ઈંડાં ફોડી નાખ્યાં. બન્ને ઈંડાંમાંથી ઓછા વિકસેલા ગર્ભ નીકળ્યા. જિંદગીનો અંત આવી ગયો હતો અને મરઘડાં જન્મતાં પહેલાં જ મરી ગયાં હતાં. એમ કદાચ વધારે પડતી ગરમીના પરિણામે બન્યું હશે.

અમે લૅમ્પ બુઝાવી નાખ્યો—લૅમ્પ બરાબર ત્રેવીસ દિવસ સુધી બળતો રહ્યો હતો. થરમોમિટરમાં પારો ધીરે ધીરે નીચે ઊતરી ગયો. ઇન્ક્યુબેટર ઠંડું થઈ ગયું. પણ સગડીની પાસે ગરમ વાસણમાં અમારો સુખી કબીલો કલ્લોલ કરી રહ્યો હતો, દસ નાનકડાં રૂંછાંદાર મરઘડાં કલબલ કરી રહ્યાં હતાં.

ગામડે

અમારા નાનકડા કબીલામાં બધાં મરઘડાં ભેગાં હોય ત્યારે મોજથી રહેતાં. સૌ ભેગાં હોય ત્યાં સુધી બચ્ચાં ચેનથી ગેલ કરતાં, પણ કોઈ એક બચ્ચું નોખું પડી જાય તો બેચેન બની જઈને શોર મચાવી દેતું અને પોતાનાં ભાંડરડાંને ગોતવા દોડાદોડી કરી મૂકતું. ભાઈભાંડુ પાછાં મળી જાય ત્યારે જ એને નિરાંત થતી.

માયા પોતાનું મરઘડું શરૂઆતથી જ અલગ લઈ જવા માગતી હતી પણ અમે એને અટકાવી. પછી એક દિવસ એણે કહ્યું કે હવે હું વધારે વાટ જોવાની નથી. એક મરઘડું હાથમાં લઈને માયા તેને પોતાના ઓરડામાં લઈ ગઈ. અરધા કલાક પછી એ પાછી આવી ત્યારે એની આંખોમાંથી આંસુ વહેતાં હતાં.

"મારાથી સહન નથી થતું! આને રડતું જોઈને મારું હૈયું કપાઈ જાય છે. મને હતું કે થોડી વારમાં ટેવાઈ જશે, પણ આ તો એવું ગરીબડું થઈને રડતું રહે છે કે મારાથી જોવાતું નથી!"

એણે મરઘડાને ભોંયપટ ઉપર મૂક્યું કે તરત જ એ સીધું ખૂણામાં ભેગાં ઊભેલાં બાકીનાં બચ્ચાં તરફ ચાલ્યું.

અમે આડશ ઊભી કરીને રસોડાનો એક ખૂણો મરઘડાં સારુ અલગ પાડી નાખ્યો. પછી ત્યાં મીણિયું કપડું બિછાવીને અમે ગરમ પાણીથી ભરેલું એક તપેલું અંદર મૂક્યું. પાણી બહુ જલદી ઠંડું ન થઈ જાય એટલા માટે અમે તપેલા ઉપર એક મોટો તકિયો ઢાંકી દીધો. મરઘડાં તકિયાની છત્રી નીચે ગરમ તપેલાંની આસપાસ મોજથી બેસીને જાણે મરઘી માની પાંખો નીચે હૂંફનો લહાવો માણવા લાગ્યાં. ગરમ પાણીના તપેલાએ મરઘી માની સોડની કામગીરી બજાવી.

અમે બચ્ચાંને ક્યારેક આંગણામાં લઈ જતા પણ એ જગ્યા એમને માટે જોખમથી ભરેલી હતી: કેટલાંય રખડાઉ કૂતરાંબિલાડાં ત્યાં આંટા મારતાં રહેતાં. એટલે મોટા ભાગનો વખત મરઘડાં ઘરમાં જ

ગાળતાં, અને અમને લાગતું હતું કે બચ્ચાંને પૂરતી તાજી હવા મળતી નથી. એક મરઘડા વિશે અમને ખાસ ફિકર હતી. એ બચ્ચું બીજાં બચ્ચાં કરતાં નાનું અને ઓછું ચપળ હતું. એ હંમેશાં જાણે વિચારમાં પડેલું હોય એવું લાગતું. બીજાં મરઘડાં ભેગું દોડાદોડી કરવાને બદલે એ ઘણી વાર ચુપચાપ એકલું બેઠું રહેતું અને ખોરાક પણ બહુ ઓછો લેતું. એ હતું સૌથી છેલ્લે બહાર નીકળેલું પાંચ નંબરના ઈંડાનું મરઘડું.

"આ મરઘડાંને આપણે ખરેખર ગામડે પહોંચાડી દેવાં જોઈએ," મિશાએ કહ્યું. "મને બીક છે કે અહીંયાં કદાચ માંદાં પડી જશે."

પણ મરઘડાંથી અ[illegible] પડવાનો ખ્યાલ અમારાથી સહન નહોતો થતો, એટલે અમે એ કામ એક પછી એક દિવસ મોકૂફ રાખતા ગયા.

એક દિવસે સવારે [illegible] અને હું રોજની જેમ મરઘડાં સારુ ખાવાનું લઈને ગયા. એ સૌ હવે અમને ઓળખતાં થઈ ગયાં હતાં અને અમે જઈએ ત્યારે ગરમ તપેલા પાસેથી ઊઠીને દોડતાં અમારી તરફ આવતાં. અમે રકાબીમાં બાજરીની રાબડી લઈ ગયેલા. બધાં મરઘડાં એકબીજાને ધક્કા મારતાં, એકબીજાના માથાં ઉપરથી છલંગ મારતાં, અને સૌથી આગળ વધી જવાની કોશિશ કરતાં લહેરથી રાબડી ખાવા માંડી ગયાં.

"પાંચ નંબરનું [illegible] ક્યાં?" મિશા બોલ્યો.

પાંચ નંબરનું [illegible] રોજ બીજાં બચ્ચાંની પાછળ રહી જતું. એ સૌથી કમજોર હતું એટલે દૂર ધકેલાઈ જતું [illegible]ર દરરોજ એને અલગ ખવડાવવું પડતું. ક્યારેક એ કંઈ ન ખાતું, પણ હંમેશાં બીજાં બચ્ચાં[illegible] દોડતું આવી પહોંચતું કેમ કે એને પાછળ રહી જવું નહોતું ગમતું. પણ તે દિવસે અમને એ [illegible]રે પડયું નહિ. અમે બચ્ચાં ગણી જોયાં તો એક ઓછું નીકળ્યું.

"[illegible] વાસણની પાછળ છુપાઈને બેઠું હશે?" હું બોલ્યો. મેં વાસણની પાછળ નજર કરી તો એ [illegible]પટ ઉપર પડયું હતું. મને થયું કે કદાચ આરામ કરતું હશે. મેં હાથ લાંબો કરીને એને [illegible]લીધું. એની નાનકડી કાયા સાવ ટાઢી પડી ગઈ હતી અને એનું માથું એની નાનકડી દબળી ગરદન [illegible]ર નિર્જીવ લટકી રહ્યું હતું. પંચ નંબરનું બચ્ચું મરી ગયું હતું.

અમે કેટલીય વાર સુધી એને તાકીને જોઈ રહ્યા. અમારાં મન એટલાં બધાં ઉદાસ બની ગયાં કે અમારાથી કંઈ બોલાયું જ નહિ.

"આમાં વાંક આપણો જ છે!" આખરે મિશાના મોંમાંથી શબ્દો નીકળ્યા. આપણે એને ગામડે પહોંચાડી દેવું જોઈતું હતું. ત્યાં ખુલ્લી તાજી હવામાં એ તંદુરસ્ત અને જોરાવર બની ગયું હોત."

અમે એને પાછળના વાડામાં લીંબુના ઝાડ નીચે દફનાવ્યું, અને બીજે જ દિવસે બાકીનાં બધાં મરઘડાંને ટોપલીમાં મૂકીને અમે ગામડે જવા રવાના થઈ ગયા. બધા છોકરા અમને વળાવવા આવ્યા.

પોતાના મરઘડાને વિદાયની બચી ભરતી વેળા માયા ખૂબ રડી. એને પોતાનું મરઘડું રાખી લેવાનું બહુ જ મન હતું, પણ મરઘડાને ભાંડરડાં વગર સાવ એકલું લાગશે એવી બીકે એણે બીજાં મરઘડાં ભેગું એના મરઘડાને પણ ગામડે લઈ જવાની અમને મંજૂરી આપી.

ટોપલી ઉપર શાલ ઢાંકીને અમે સ્ટેશને પહોંચી ગયા. મરઘડાંને ટોપલીની અંદર હૂંફ અને આરામ મળતાં હતાં એટલે ક્યારેક થોડો થોડો હળવો કલબલાટ કરવા સિવાય એ સૌ આખે રસ્તે છાનાંમનાં

ટોપલીમાં પડયાં રહ્યાં. મરઘડાંનો કલબલાટ સાંભળીને મુસાફરો અમારી તરફ કુતૂહલભરી નજર નાખતા અને ટોપલીમાં શું છે એ સમજી જતા.

અમને જોઈને નાતાશાકાકી હસીને બોલ્યાં: "આવો, મારા નાનકડા મરઘાંપાલકો, વધારે ઈંડાં લેવા આવ્યા છો કે?"

મિશાએ જવાબ આપ્યો: "ના, અમે તો ઊલટા તમારે માટે મરઘડાં લાવ્યા છીએ."

નાતાશાકાકીએ ટોપલીમાં નજર નાખી.

"વાહ રે વાહ!" નાતાશાકાકી બોલી ઊઠયાં. "આટલાં બધાં મરઘાં તમને ક્યાંથી મળ્યાં?"

"અમે અમારા ઇન્ક્યુબેટરમાં બનાવ્યાં છે."

"મજાક કરતા લાગો છો! પંખીડાંની કોઈ દુકાનેથી લઈ આવ્યા હશો."

"ના, નાતાશાકાકી. એક મહિના પહેલાં તમે અમને ઈંડાં આપેલાં તે યાદ છે ને? તમારાં ઈંડાં અમે પાછાં લઈ આવ્યા છીએ પણ હવે એ મરઘડાં બની ગયાં છે."

"અરે, મેં તો એમ ધાર્યું જ નહોતું!" નાતાશાકાકી અચરજ પામ[illegible]. "મોટા થઈને મરઘાંબતકાં ઉછેરવાનું કામ કરશો એમ લાગે છે!"

"અત્યારથી કંઈ કહેવાય નહિ," મિશા બોલ્યો.

"પણ મરઘડાંને અહીંયાં મૂકી જતાં તમને અફસોસ નથી થતો?"

"અમને અફસોસ તો બહુ જ થાય છે પણ શહેરમાં રહેવું એમને માટે [illegible]ું નથી," મિશાએ જવાબ આપ્યો. "અહીંયાં ચોખ્ખી અને તાજી હવા છે, વળી એમને દોડાદોડી કરવા માટે ઘણી જગ્યા મળશે. એ સૌ અહીંયાં મોટાં થઈને સરસ મજાનાં તંદુરસ્ત મરઘાં બની જશે. મરઘીઓ [illegible] માટે ઈંડાં મૂકશે અને મરઘા કૂકડેકૂક કરશે. અમારે ત્યાં એક મરઘડું મરી ગયું. અમે એને લીંબુ[illegible]ઝાડ નીચે દફનાવ્યું છે."

"બીચારા છોકરા!" નાતાશાકાકી મિશાના અને મારા શરીરે હાથ વીંટાળીને વહાલથી બોલ્યાં. "પણ અફસોસ કરો મા. એમાં કોઈ શું કરી શકે! બાકીનાં બધાં મરઘડાં મજાનાં તંદુરસ્ત છે."

અમે મરઘડાંને ટોપલીમાંથી બહાર કાઢયાં અને એમને તડકામાં ધમાચકડી કરતાં જોવા લાગ્યા. નાતાશાકાકીએ કહ્યું કે મરઘી કુક્ કુક્ કરતી લાગે છે. મિશા અને હું દોડતા એને જોવા ગયા. મરઘી ટોપલીમાં બેઠી હતી. ટોપલીમાંથી ચોતરફ ખડની સળીઓ બહાર નીકળી આવેલી નજરે પડતી હતી. મરઘીએ અમારી તરફ કડક નજરે જોયું. એને કદાચ બીક લાગી હશે કે આ છોકરા મારાં ઈંડાં લઈ જવા આવ્યા છે.

"આ તો મજાની વાત થઈ," મિશા બોલ્યો. "હવે આપણાં મરઘાંને રમતના સંગાથી મળશે. એમને ખૂબ મજા પડશે."

અમે આખો દિવસ ગામડામાં ગાળ્યો. અમે વનમાં ફરવા ગયા અને નદીમાં ડૂબકી મારી આવ્યા. છેલ્લી વાર અમે ગામડે ગયેલા ત્યારે વસંતના દિવસો ચાલતા હતા અને બધાં ખેતરો ખાલી પડયાં હતાં. એ વખતે ખેતરોમાં ટ્રેકટરો ધમધમાટી બોલાવતાં હળ ચલાવી રહ્યાં હતાં. પણ આ વખતે જમીન

હરિયાળીથી છવાયેલી હતી અને નજર પહોંચે ત્યાં સુધી જાણે એક વિશાળ લીલી જાજમ બિછાવેલી હોય એમ લાગતું હતું.

વનમાં બધું મનોહર લાગતું હતું. ઘાસ ઉપર જાતજાતનાં જીવડાં ફરી રહ્યાં હતાં, જ્યાં જુઓ ત્યાં ફૂદાંપતંગિયાં પાંખો ફફડાવતાં ઊડી રહ્યાં હતાં, અને દરેક ઝાડ ઉપર પંખીઓ ગાન કરી રહ્યાં હતાં. વન એટલું રળિયામણું હતું કે અમને ઘેર પાછા જવાનું મન જ નહોતું થતું. અમે નક્કી કર્યું કે ઉનાળામાં અહીંયાં આવીશું. નદીકાંઠે તંબુ ખોડીશું, અને રોબિન્સન ક્રુઝોની જેમ રહીશું.

પણ આખરે પાછા ફરવાનો વખત થઈ ગયો. અમે નાતાશાકાકીને વિદાય કહેવા એમને ત્યાં ગયા. એમણે અમને બન્નેને કેકનો એકેક કકડો ગાડીમાં ખાવા આપ્યો, અને અમારી પાસે વાયદો કરાવી લીધો કે ઉનાળાની રજામાં અમારે એમને ત્યાં આવવું જ આવવું. રવાના થતા પહેલાં મરઘડાંની ઉપર આખરી નજર નાખી લેવા અમે પાછલા વાડામાં ગયા. એમને ક્યારનું ફાવી ગયું હોય એમ લાગતું હતું અને સૌ લહેરથી કલબલાટ કરતાં ઝાડછોડવાની વચ્ચે દોડાદોડી કરી રહ્યાં હતાં. પણ બધાં મરઘડાં હજી ભેગાં જ રહેતાં હતાં અને કલબલ કરતાં રહેતાં હતાં, જેથી એકાદ મરઘડું છૂટું પડી જઈને ઘાસ તરફ નીકળી જાય તો બાકીનાંને સહેલાઈથી [illegible]તી કાઢી શકે.

"વિદાય, કલ્લોલ[illegible]ા કબીલા!" મિશા બોલ્યો. "તાજી હવામાં અને તડકામાં મજા કરજો, મોટાં અને જોરાવર થતાં જ[illegible] સુંદર તંદુરસ્ત મરઘાં બની જજો. હંમેશાં ભેગાં રહેજો અને એકબીજાને મદદ કરજો. યાદ રાખ[illegible] સૌ ભાંડરડાં છો, એક જ માતાનાં... એટલે એમ કે એક જ ઇન્ક્યુબેટરનાં... સંતાન છો. તમે સૌ જયારે સાદાં સાધારણ ઈંડાં હતાં અને દોડાદોડી કે વાતચીત... એટલે એમ કે કલબલ... [illegible]તાં કરી શકતાં ત્યારે એક જ ઇક્યુબેટરની અંદર એકબીજાની જોડાજોડ પડેલાં રહેતાં હતાં. [illegible] એ પણ ભૂલશો નહિ કે ઇન્ક્યુબેટર અમે બનાવ્યું હતું. અમે ઇન્ક્યુબેટર ન બનાવ્યું હોત તો તમે [illegible]રે ગેલ ન કરતાં હોત અને જિંદગી જીવવામાં કેવી અદ્‌ભુત મજા પડે છે એ તમને કદી જાણવા જ ન મળ્યું હોત!"

"બસ, આવજો!"

